RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
## માસિક પત્રિકા

Issue : 9, Year: 70, December, 2023, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

||શ્રી પરમાત્માય નમઃ||

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી ઑગસ્ટ ૨૦૨૩ (પાંચ મહિના) માં ટોટલ ૧૬૫૫ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી


Advt.

## Bio-Data



10th June 1994

## PROFILE

Date Of Birth : 10th June 1994
Place of Birth : Parle (East) Mumbai
Time : 10:42 PM
Height :5 f.t 1 inch
Jain Swetamber Vegetarian
Nativ Place : Rajkot
Sibling : No

## Contact

A2/202 ,Anandvihar Flats,
Bh.Kailashdham SOC ,Abhilasha
Char Rasta, Vadodara 390024

# Kinnari Mehta

## About My Self

I am simple and caring girl from modest family believes in value of hard work and dedication. I believe in respecting elders and love the religious as well as cultural tradition of family

Kinnari Mehta :+1 (316)737-9728

## Education

M.S.( Physics ) Wichita State University, Wichita Kansas (U.S.A) - Aug 2022.
M.Sc.( Physics ) Maharaja Sayajirao University -2017.
B.Sc.( Physics ) Maharaja Sayajirao University -2015

## Expectation

I am looking for someone who can be a true friend for life. He should be calm,understanding,caring and moderately religious with positive outlook.

## Family Details

Father : Parag Chandrakant Mehta, Vadodara
M.Sc(Applied Chemistry)
Ph No : 9824667945
Mother :Kunjal Parag Mehta , Vadodara B.HSc (text & Cloth)
Ph No : 9998245809
Patrenal Grand Parents :
Late Shri . Chandrakant Amritlal Mehta , Vadodara
Late Smt. Taruben Chandrakant Mehta, Vadodara
Maternal Grand Parents :
Shri Niranjan Gordhandas Kamdar ( Mumbai )
Smt.Saryoo Niranjan Kamdar ( Mumbai )

## Visa Status

Student Visa F1. STEM OPT Approved

## Job

Instructor of Physics at Colorado State University
Fortcollins, Colorado ( U.S.A )

Advt.

Bio-Data

# Foram Hitesh Shah

Cell No. +1-(240)-717-9857



## PERSONAL INFORMATION:

**Birth Date** : 21st December, 1995 **Blood Group**: O +ve

**Birth Time** : 10:56 PM, Thursday **Height**: 5'4" Ft.

**Birth Place** : Ghatkopar, Mumbai **Complexion**: Fair

**Religion** : Zalawadi Visashrimali Sthanakwasi Jain

**Native** : Ranpur, Surendra Nagar, Gujarat

**Hobbies** : Music, Cooking, Crafting, Photography, Mehendi (Henna) Designing.

**EDUCATION** : Currently pursuing Certified Public Accountant (CPA) in USA.
CA Finalist in India.
Bachelor's in Commerce (Mumbai University).

**OCCUPATION** : Finance Manager at MedStar Shah Medical Group, Maryland, USA.

**VISA STATUS** : Currently on H1B

**CURRENT ADDRESS:** California, Maryland, USA

**INDIA ADDRESS :** 304 / 305, Nageshwar Krupa, Sanghani Estate, Garden Lane, Ghatkopar (W), Mumbai - 400086.

## FAMILY DETAILS:

**DADI / DADA** : Late. Manjulaben Chimanlal Mansuklal Shah

**DAD** : Hitesh Chimanlal Shah (B.Com)
Pharmaceutical Distribution Business - Suburban Drug Distributors (Thane).
Mob No.: +91 – 9820586882

**MOM** : Sangeeta Hitesh Shah (B. Sc Home Science) - HomemakerMob No.: +91 - 9167763124

**BROTHER (ELDER)** : Vatsal Hitesh Shah (Chartered Accountant, LLB)
Senior Manager at MedStar Shah Medical Group, Maryland, USA.
Mob No.: +1 – 240 – 572 - 6531

**SISTER-IN-LAW** : Dhruvi Vatsal Shah (BPTh, DPT (USA) - Physiotherapist
Mob No.: +1 – 240 – 572 - 6528

**Mota Papa (Ghatkopar, Mumbai):**

(1) Rajesh C. Shah - +91 - 9820877779
(2) Mahesh C. Shah - +91 - 9987528496
(3) Shashikant C. Shah - +91 - 9619354031
(4) Kamlesh C. Shah - +91 - 9819409592
(5) Paresh C. Shah - +91 - 9820385222.

**Fua / Faiba** : (1) Renukaben Lalitbhai Doshi (Ahmedabad) - +91 – 9624164466
(2) Urmilabai mahasitiji (Botad Sampraday).

**NANI / NANA** : Late. Kamlaben Himatlal Jagjivindas Sanghvi

**Mama**

(1) Anil H. Sanghvi (Matunga) - +91 - 9821096328
(2) Late. Dilip H. Sanghvi (Rajkot) - +91 - 9825272952
(3) Rajesh H. Sanghvi (Kandivali) - +91- 9322285895
(4) Hiten H.Sanghvi (Ahmedabad) - +91 - 9825259093

**Masi / Masa**

(1) Alka Pradeep Mehta (Ahmedabad) - +91 - 9099928898
(2) Sadhana Sanjay Shah (Borivali) – +91 – 9821069566.

**Foram is visiting India from 27th December, 2023 to 6th February, 2024.**

Advt.

Bio-Data

# DARSHIL RAJNIKANT GOSALIA



| | | |
|---|---|---|
| DATE OF BIRTH | : | 24th JULY, 1997 |
| PLACE | : | KANDIVALI, MUMBAI, |
| TIME OF BIRTH | : | 05:54 PM (17:54) |
| HEIGHT | : | 5'8" |
| EDUCATION | : | MBA (MARKETING)<br>THAKUR COLLEGE OF MANAGEMENT, MUMBAI<br>BACHELOR'S IN MANAGEMENT STUDIES<br>KES SHROFF COLLEGE, MUMBAI |
| CASTE | : | ZALAWADI DASHASHRIMALI STHANAKVASI JAIN |
| NATIVE | : | GODAVARI (SURENDRANAGAR) |
| OCCUPATION | : | BUSINESS - RAJ PAPER CONVERTER<br>(IMPORTER & EXPORTER OF SPECIALITY PAPER)<br>www.rajpaperproducts.com |
| EMAIL ID | : | darshilgosalia24@gmail.com |

## FAMILY DETAILS :

| | | |
|---|---|---|
| GRAND FATHER | : | LATE SHRI AMICHANDBHAI K. GOSALIA |
| GRAND MOTHER | : | SMT. PUSHPABEN AMICHANDBHAI GOSALIA |
| FATHER | : | RAJNIKANT AMICHANDBHAI GOSALIA |
| MOBILE | : | +91-9323293155 \| +91-7977056124 |
| OCCUPATION | : | BUSINESS - RAJ PAPER CONVERTER<br>(IMPORTER & EXPORTER OF SPECIALITY PAPER)<br>1103, RUBY CRESCENT BUSINESS BOULEVARD,<br>ASHOK CHAKRAVARTY ROAD, KANDIVALI (EAST), MUMBAI - 400101. |
| MOTHER | : | CHHAYA RAJNIKANT GOSALIA, MOB : +91-9323669868 |
| ELDER BROTHER | : | SMIT RAJNIKANT GOSALIA, MOB : +91-9930721646<br>(BUSINESS - RAJ PAPER CONVERTER) |
| SISTER-IN-LAW | : | VIBHUTI SMIT GOSALIA, MOB : + 91-9326566574<br>(Daughter of PARESH J. GADA - KANDIVALI WEST - MOB : +91-9820227468) |
| RESIDENCE ADDRESS | : | A WING, 202-203, UDAYGIRI APARTMENT, ASHOK NAGAR,<br>KANDIVALI (EAST), MUMBAI |
| PATERNAL FAMILY | : | RAMESH AMICHAND GOSALIA - JUHU,<br>MOB : +91-9967345152 \| +91-9324210022<br>NEEPA RAMESH GOSALIA, MOB : +91-9819607333 |
| MATERNAL FAMILY | : | LATE SHRI RATILAL M. KOTHARI<br>LATE SMT. HIRABEN R. KOTHARI |
| MATERNAL UNCLE | : | SANJAY RATILAL KOTHARI - KANDIVALI WEST, MOB : +91-9224161504<br>RAJESH RATILAL KOTHARI - NALASOPARA, MOB : +91-9370499164 |

Advt.

**Bio-Data**

# ROHAN SHAH

+1-765-775-8128 Seattle,WA

## ABOUT ME

**Date Of Birth:** 13/11/1993 **Time:** 09:18 AM

**Place of Birth:** Mumbai **Caste:** Jain

**Native Place:** Surendranagar (Limbdi)

**Blood Group:** O+

**Weight:** 76 Kg **Height:** 5'11"

**Education:** MS in Industrial Engineering
Purdue University - May 2019
Bachelors Electronics
DJ Sanghvi - May 2015

**Occupation:** Sr. Program Manager (Amazon) (Seattle)

**Visa Status:** Work Permit (H1-B)
arrival in India Mid Jan to Mid Feb 2024



I'd describe myself as someone who's easy-going, caring, polite, understanding and fun-loving. Parents, family and friends have always been my priority. I am a big nature lover and actively engage myself in hiking /camping activities. I'm a pure vegetarian.

I am looking for a down-to-earth and open minded person who appreciates the need to keep pace with changing times without forgetting our roots.

## HOBBIES

Dancing, Camping/Hiking, Cooking/Baking

## Paternal Details

**Grandparents:** Ramniklal Trambaklal Shah
(Lala Govind Family)
Sharda R Shah

**Parents:** Sanjay R Shah (B.E Mechanical)
+91-9892329712
rohan902003@yahoo.co.in
**Business:** Trading of Hydraulic Spares & Abrasives

Nita S Shah (M.Sc)
+91-9892312671

**Address:** Temporary
Building 2C Block 73 Kalpataru Garden
Ashok Nagar, Kandivali (E)
Mumbai -40010

Permanent :
D 12/20 Sukumar Housing Society,
Dayaldas Road, Vile Parle (E)
Mumbai -400057

**Elder Sister:** Dolly Amit Upadhyay (C.A.)
(Married) (U.K.)

**Uncle:** Shailesh R Shah
Hemanshu R Shah

## Maternal Details

**Grandparents:** Vinubhai Babulal Shah
Kusum V Shah

**Native Place:** Chuda

**Mama:** Anand V Shah (C.A.)

**Masa:** Dr. Manish Champaklal Ajmera

**Masi:** Shilpa M Ajmera

Advt.

**Bio-Data**



# Sohil Panchamia

| | | |
|---|---|---|
| Date of Birth | : | 24th May 1984 |
| Birthplace | : | Jamshedpur |
| Height | : | 5' 8" |
| Weight | : | 72 kg |
| Religion | : | Dasa Shrimali Sthanakvasi Jain |
| Native | : | Amreli (Saurashtra) |
| Education | : | MBA, & MD from American University of Integrative Science |
| Profession | : | Working with Bayer Pharmaceuticals as Oncology Strategist |
| Hobbies | : | Traveling, Movies, Working out, Hiking |

**FAMILY DETAILS:**

| | | |
|---|---|---|
| Father Name | : | Chandreshbhai Maganlal Panchamia |
| Mother Name | : | Nainaben Panchamia |
| Address | : | 3, Bradford Road, Planview, NY – 11803 USA |
| Mobile No | : | +91-7506756864 (INDIA) |
| Mobile No | : | +1-917-749-8798 (WHAT'S APP Number) |
| Email address | : | cpanchamia@yahoo.com |
| India address | : | 205, Madhyasthata, Shrimad Rajchandra Ashram,<br>Dharampur – 396050, Gujarat. |
| Grand Father | : | Late Maganlal Mangalji Panchamia |
| Uncle | : | Kishorbhai M. Panchamia (Mob No. +91-9869327797) Kandivali, Mumbai |
| Maternal | : | Late. Parmananddas Mohanlal Jaswani (Pati, Botad) |
| Mama | : | Kishorbhai Jaswani (Ahmedabad) (Mob No. +91-8767472773)<br>Navinbhai Jaswani (Mira Road) (Mob No. +91-9820681814)<br>Only What's app call |

**Sohil will be visiting Mumbai from: - 21st December 2023 to 2nd January 2024**

Advt.


Vietnam
1008 HAPPY CUSTOMERS HAVE TRAVELLED WITH AMMPAL HOLIDAYS in 2023
AWAKEN YOUR SENSES TO NEW SIGHTS
11 DAYS LUXURY TOUR with AMMPAL HOLIDAYS
Accompanied by Tour Owner - AMIT SHAH Himself !
Ammpal HOLIDAYS Dream. Explore. Discover.
NEW
HANOI • HALONG BAY • DANANG • HOI AN • SAPA • HO CHI MINH
VEG & JAIN Meals prepared by our own RAJASTHANI MAHARAJ
STAY AT WORLD'S 1st 24K GOLD PLATED DOLCE HANOI GARDEN LAKE HOTEL
NOW DIRECT FLIGHTS FROM MUMBAI TO VIETNAM
GOLDEN BRIDGE
24 CARAT GOLD HOTEL
SKY DECK SAIGON
1 DAY CRUISE
TOUR DATES 2024
JAN 2nd | 13th | 23rd
FEB 18th | 28th
MAR 9th | 14th
STAY AT 5-STAR HOTELS IN CITY CENTER
Stay In Hoi An With Ancient Town Night Visit
EXCLUSIVE NIGHT TOUR OF HO CHI MINH IN OPEN BUS
FREE Foot Spa • FREE Bicycling
FREE Coconut Coffee at Train Street
EXPERIENCE CHERRY BLOSSOM IN JAPAN
9 NIGHTS 10 DAYS
*Terms and Conditions Apply.
TOUR COST ₹3,75,000/-*
BULLET TRAIN RIDE
TOKYO SKY TREE
HAKONE ROPEWAY
SUMIDA RIVER CRUISE
TOUR DATES 26TH MAR '24 (Almost Full) 5TH APR '24
FALL IN LOVE WITH THE BEAUTIFUL COLORS OF NATURE ALL OVER AGAIN ! - TOKYO • SHIZUOKA • HIROSHIMA • OSAKA
• MT. FIJI • BULLET TRAIN • NARA DEER PARK • TOKYO SKY TREE • UMEDA SKY BUILDING • FLOATING GARDEN • LAKE ASHI CRUISE • HAKONE ROPEWAY • ATOMIC BOMB & PEACE MUSEUM • MIYAJIMA ISLAND • SUMIDA RIVER CRUISE.
BAKU + GABALA
AZERBAIJAN - 7DAYS TOUR
Ammpal HOLIDAYS Dream. Explore. Discover.
STAY AT RADISSON HOTEL (BAKU) • VEG & JAIN Meals prepared by our own RAJASTHANI MAHARAJ • GALA DINNER WITH UNLIMITED DRINKS & BELLY DANCE • FREE FUNICULAR RIDE
STARTING ₹1,09,000/-*
THE FLAME TOWERS
HEYDAR ALIYEV CENTER
FIRE MOUNTAIN, YANARDAG
GALA DINNER WITH BELLY DANCE
TOUR DATES
NOV '23 - 8th | 29th
DEC '23 - 13th | 20th | 23rd
JAN '24 3rd | 8th | 15th | 22nd
PACKAGE INCLUSIONS: Stay at Radisson (Baku) & 5-Star Hotel (Gabala) • Veg & Jain Meals by our own Rajasthani Maharaj • 1 Night Gala Dinner With Local Drinks • Belly Dance • Funicular Ride • Travel via direct flights from Mumbai-Baku-Mumbai • Visa.
SIGHT SEEING TOURS TO: Little Venice Boat Tour • Highland Park • Old City Tour • Nizami Street • Heydar Aliyev Center • Ateshgah (Fire Temple) • Fire Mountain, Yanardag • Bibi-Heybat Mosque • Gabala Cable Car • Nohur Lake • Genclik Mall • Gobustan Mud Volcano • Vintage Car Museum.
TOUR ATTRACTIONS
Delicious Cuisines (Veg & Jain) by Our Own RAJASTHANI MAHARAJ
Tour Inclusive of International & Domestic Air Fare*
Accompanied by English Speaking Experienced Tour Coordinator
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
HOTEL
Stay at 5-Star Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
WE GIVE WHAT IS PROMISE
WE BELIEVE IN GIVING LUXURIOUS EXPERIENCES
EXCLUSIVE WOMEN TOURS, SOCIAL GROUP & CUSTOMISED TOUR PACKAGES AVAILABLE
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820
ammpalholidays@gmail.com
www.ammpalholidays.in
Follow us on
ammpalholidays
ammpal_holidays
Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ડિસેમ્બર ૨૦૨૩
વર્ષ : ૭૦ : : અંક : ૯
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૩. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી -સંપાદક સંમત છે તેમ માની લેવું નહિ.*




જોત જોતામાં આખું વર્ષ પુરું થયું....
અને આયુષ્ય નું એક વર્ષ પણ પૂર્ણ થઈ ગયું....

પાપ પુણ્ય નો માંડયો સરવાળો..
તો ખબર પડી કે જાણતા અજાણતા કરેલા પાપ કર્મ તો વધી ગયા છે....
હવે શું કરવું જોઈએ ને મન વિચારે ચડી ગયું.....

જવા દો હવે પસ્તાવો કરીને શો ફાયદો....
મહાભારતનું યુદ્ધ જીત્યા બાદ પણ દ્રોપદી કે પાંડવો
તો બધુજ હારી ગયા હતા ને.......

ત્યાં મહાવીર સ્વામી ની વાત યાદ આવી...
સમય મા ખોવાયેલ... રાગ દ્વેષ પર નો વિજય એજ મોક્ષ માર્ગ છે...

ખંખેરી નાખો પ્રમાદ ને...
દૂર કરો અઢાર પાપ સ્થાનકો ને.....
બાર ભાવના નું મહત્વ સમજો..
નવ તત્વનું જ્ઞાન લો અને...
હારેલી જીંદગી ને સુધારી લો,

અંતરથી આવિયો અવાજ...
ભગવંત તમેવ સંયમ...
તમેવ સંયમ....

નવા વર્ષ નું સ્વાગત કરીએ..
ભગવાન તમે ચિંધેલ માર્ગ જ સાચો છે બાકી બધું ખોટું છે...

**સંપાદક : શ્રી શરદભાઈ એમ. ગાંધી**
M. : 9867540501
Email Id. :sharadgandhi51@gmail.com

# ભણો છો ? તો દિલ રેડીને ભણો

✧ અવંતિકા ગુણવંત

**આ** વાત છે ૧૯૫૬ની અમદાવાદની ગુજરાત કૉલેજની. ઈતિહાસના એ નવા અધ્યાપક ક્લાસરૂમમાં પ્રવેશ્યા તેવા જ કેટલાક વિદ્યાર્થીઓએ એમનો હુરિયો બોલાવવા માંડ્યો.

હા, એ સમયે પણ આજની જેમ કેટલાક તોફાની, બેજવાબદાર વિદ્યાર્થીઓ કૉલેજમાં આવતા. જેમનું લક્ષ્ય અભ્યાસ નહિ, પણ મોજમઝા રહેતું. કોઈ નરમ વિદ્યાર્થી હોય તો એનીય ઠેકડી ઊડાડતા ને કોઈ અધ્યાપક પ્રભાવશાળી ના હોય તો એના પિરિયડમાં ય ધાંધલ ધમાલ કરી ક્લાસરૂમનું વાતાવરણ ડહોળી નાખતાં. ઉચ્ચ અભ્યાસની કોઈ સભાનતા, કોઈ ગૌરવ એમના હૈયે ન હતું.

ઈતિહાસના આ અધ્યાપક લાલા ઉત્તમચંદ દેખાવે વિદ્વાન ના લાગે. એમની ચાલમાં દઢતા ના લાગે, ચહેરા પર બુદ્ધિનું તેજ ના લાગે. એમનો અવાજ ખોખરો, પણ ટેબલ પર હાથ પછાડીને મોટા અવાજે એમણે બોલવાનું શરૂ કર્યું ને આ શું ? બે ત્રણ મિનિટમાં તો આખો વર્ગ શાંત થઈ ગયો. વિદ્યાર્થીઓ એમનું કહેવું ધ્યાનથી સાંભળવા માંડ્યા.

આ અધ્યાપકે કોઈ રાજા મહારાજની નહીં, પણ પોતાની, પોતાના જીવનની વાત માંડી હતી. એમના જીવનના એ પ્રચંડ વળાંકની વાત જેણે એમને સમગ્ર જીવનને ઉપરતળે કરી નાંખ્યું હતું. જીવનમાં ઉલ્કાપાત સર્જાયો એ કારમા સમયની વાત કહેતા હતા.

એમના કહેવામાં સચ્ચાઈ અને વેધકતા હતી. અવાજમાં એવું કોઈ ઘૂંટાયેલું દર્દ હતું કે જે વિદ્યાર્થીઓના હૈયે સ્પર્શી ગયું. લાલાજી કહી રહ્યા હતા, કે તમે અહીં ભણવા આવો છો તો પૂરી ગંભીરતા અને નિષ્ઠાથી ભણો. ખબર નથી ક્યારે વિપત્તિ આવે ત્યારે બીજું કંઈ નહિ, પણ તમારું આ શિક્ષણ અહીંથી લીધેલી ડિગ્રી ખપ લાગશે.

હું પોતે ધનાઢ્ય પિતાનો પુત્ર હતો. બહોળો વેપાર હતો. દોમ દોમ સાહ્યબી હતી. શાળાનું શિક્ષણ પૂરું થયું અને પિતાજીએ કહ્યું, આપણી દુકાને આવી જા અને કારોબાર સંભાળી લે. મારે તો સીધું બાપની ગાદી પર બેસવાનું હતું. પણ મને કૉલેજ જવાનો મોહ જાગ્યો. મારો ખાસ મિત્ર કૉલેજ જતો એનાથી છૂટા પડવાનું મને ગમ્યું નહિ. એની સોબતમાં હું ય કૉલેજ જવા માંડ્યો.

લહેરીલાલાની જેમ મોજથી હું કૉલેજ જતો. ભણવામાં ખાસ ધ્યાન આપતો નહિ, પણ મારા મિત્રે મને ટપાર્યો કે તું ભણવા આવે છે તો ગંભીરતાથી, એક નિષ્ઠાથી બરાબર ભણ. એ મને એની સાથે વાંચવા બેસાડતો. અને મિત્રને ખુશ કરવા હું વાંચવા બેસી જતો.

મારી મા કહેતી, ''તારે ભણીને શું કામ છે, કેમ આંખો ફોડીને વાંચ વાંચ કરે છે ? પણ મારા મિત્રના હેતભર્યા સંગે રાત દિવસ હું વાંચતો અને એમ. એ. થઈ ગયો, પછી ઘરના વ્યવસાયમાં જોડાયો. પણ અભ્યાસ દરમિયાન મારી બુદ્ધિ કેળવાઈ હતી, અને મને જ્ઞાનની જે ભૂખ જાગી હતી, તેથી અવકાશના સમયમાં હું વાંચતો હતો, અને મારી મેળે વિકાસ સાધતો ગયો.

મારા લગ્ન થયાં, મારો સુખી સંસાર હતો, પત્ની, બાળકો, ધન સંપત્તિ, પ્રતિષ્ઠા કોઈ ખોટ ન હતી, ત્યાં તો વજ્રઘાત થયો.

૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા અને મારું લાહોર શહેર પાકિસ્તાનમાં ગયું. અને કાફરોને મારો, કાપો, લૂંટો, બાળો... ચોતરફ શયતાનનો કારમો પંજો વિંઝાયો. અમારે ભાગવું પડ્યું, સ્ત્રી બાળકો સાથે હું ભાગ્યો, ત્યારે મારું એમ. એ. નું સર્ટિફિકેટ લેવાનું હું નહતો ભૂલ્યો. એ સર્ટિફિકેટના જોરે મને આ નોકરી મળી.

જીવનના મધ્યાહ્ને મને મળેલી બધી વૈભવી સગવડો, સુખ, શાંતિ હું ગુમાવી ચૂક્યો છું. પણ આજે મારું સ્વમાન જળવાઈ શક્યું છે, મારા સર્ટિફિકેટના કારણે.

આવા વિપરીત સંજોગોમાં હું આ સંસ્કારી શહેરમાં, સભ્ય વિસ્તારમાં ઘર લઈ શક્યો છું. ભલે ઘર સાવ નાનું છે, પણ એ મારું પોતાનું ઘર છે, હું નિર્વાસિતોની છાવણીમાં રહીને ધર્માદાનું અન્ન નથી ખાતો એ વાત મારા માટે બહુ મોટી છે. હું મારો રોટલો રળી ખાઉં છું. સ્ત્રી બાળકોને સાચવી શકું છું. માત્ર મારા અભ્યાસના કારણે. માટે તમે ભણો. જ્ઞાની બનો. જ્ઞાન સર્વત્ર પૂજાય છે. દેશમાં કે પરદેશમાં તમારું જ્ઞાન તમારી ઓળખ બની રહેશે, તમને સાથ આપશે. તમારો ઉદ્ધાર કરશે.

મિત્ર, છીછરી મોજમજાહમાં મહેરબાની કરીને સમય બરબાદ ના કરો. મારું આટલું કહેવું માનો.''

આટલું કહેતાં કહેતાં લાલા ઉત્તમચંદ ગળગળા થઈ ગયા, એમની આંખો ભીની હતી. એમની વાતે દરેકેદરેક વિદ્યાર્થી પર જબરજસ્ત અસર કરી. તે દિવસથી દરેક વિદ્યાર્થી એકનિષ્ઠાથી ભણવા માંડ્યો. એ દરેકેદરેક વિદ્યાર્થી આજે સફળ માનવંતી જિંદગી જીવે છે.

શિક્ષણ તો જીવનભર ચાલતી પ્રક્રિયા છે, પણ જીવનના આરંભે મળેલો એ બોધપાઠ કદી નથી વિસરાયો.

❖❖❖



# સાન્તાક્લોઝ કોણ છે ? આવી નાતાલ...

✧ વિશ્વાસ

અત્યારે ચાલી રહી છે ક્રિસમસની ઉજવણી ખાસ કરીને પશ્ચિમના દેશોમાં. તો ચાલો આપણે પણ તેમની ખુશીમાં સામેલ થઈ જઈએ. આપણે ત્યાં તો માત્ર ૨૫મી ડિસેમ્બરે જ નાતાલ ઉજવાય છે, પણ ખરેખર તો આ તહેવાર પણ આપણી દિવાળી જેવો જ અને લાંબો છે.

સાચું કહું તો આ ખ્રિસ્તી લોકોની દિવાળી જ છે. આ તહેવારની પણ કેટલીયે દંતકથાઓ છે. તેમાં અત્યારે આ ભગવાન ઈસુના જન્મદિન તરીકે મનાવાય છે. તો વળી બાળકો માટે તો તેમના વ્હાલા સાન્તાક્લોઝ દાદાનો કે જે તેમની મનગમતી ભેટ આપી જાય. તો આવો જ એક પત્ર મળેલો કે જેમાં સાન્તાક્લોઝ કોણ છે તેની સમજ આપે છે જે કોણે મોકલેલ તે તો યાદ નથી, પણ તે પણ રજુ કરું છું તો પછી આપ પણ મારી સાથે સાન્તાક્લોઝ બનવા તૈયાર થાશો ને.

સમયના વિરાટ ફલક પર ''અમુક સો'' વર્ષ એ બહુ મોટો સમય નથી, અને એમ ગણીને કહીએ તો...

''થોડાં'' વર્ષો પહેલાં એક માણસથી રહેવાયું નહીં. આ દુનિયાની તકલીફો અને મુશ્કેલીઓ જોઈને એણે એક ''ભગીરથ'' કામ હાથ ધર્યું કે લોકો ને એમનાં જીવનમાં વધારે નહીં તો એક દિવસની ખુશી પણ જો પોતે આપી શકે તો ઘણું થયું અને બસ, એ ઉપડી પડ્યો... લોકોનાં જીવનમાંથી તકલીફોનું અંધારું દૂર કરવા અને એના માટેનો સમય પણ એણે... રાતનો જ પસંદ કર્યો !.. એ જતો અને લોકોને એમની હાલત-દશા જોઈને એમને જે કંઈ વધારે કામ લાગી શકે એ આપી આવતો અને એમ કરતાં કોઈનું ''સ્વમાન'' ન ધવાય એ માટે, પેલો માણસ કોઈને કંઈ પણ કહ્યા વગર મદદ કરી આવતો... રાતનાં અંધારામાં સવારે લોકો જ્યારે જોતાં ત્યારે મનોમન ઈશ્વરને યાદ કરતાં. એ મદદ માટે જે કોઈ ઈશ્વરે નહીં પેલાં માણસે કરી હતી અને છતાં ? ? ?ની અપેક્ષા વગર પેલો માણસ એ બધાને ખુશ થતાં જોઈને પોતે પણ ખુશ થઈ જતો...!!!!!

ખેર, સમય જતો ગયો અને પેલો માણસ કદાચ ગુજરી ગયો, પણ એનાં આ કામને બીજા એના જેવા જ લોકોએ ઉપાડી લીધું અને બસ, કામ લાગતાં ગયાં, બધાંને, પેલો માણસ પછી તો સાન્તાક્લોઝ કહેવાયો. અને અત્યાર આપણે બધાં જ કંઈ પણ સારું જોઈએ છીએ દુનિયામાં એ આવા માણસોના કામનું પરિણામ છે. આપણે પણ હાસ્ય વડે બધાનાં જીવનમાં જો થોડો પ્રકાશ લાવી શકીએ તો આપણે પણ ''સાન્તાક્લોઝ'' કહેવાઈશું. છેવટે તો એ કોઈ માણસનું નામ નથી. એ તો એવા ''સ્વભાવ''નું નામ છે. તમને બધાને... સાન્તાક્લોઝ બનવાની આ મૌસમ માટે...

**MARRY CHRISTMAS**

❖❖❖

> આવી નાતાલ રૂડી આવી નાતાલ
> બાળકોને ગમતી, આવી નાતાલ
>
> આ તો દિવાળી ખ્રિસ્તી લોકોની,
> ચાલો ઉજવીએ કરી મિજબાની.
>
> સાન્તાક્લોઝ દાદા હરખાતા આવશે.
> બાલુડાને માટે રમકડાં લાવશે.
>
> ઈશુ ભગવાનને વંદન કરીએ,
> પ્રેમદયાનો સંદેશો ઝીલીએ.
>
> નવું વરસ મુબારક સહુને,
> મંગલ કામના એવી કરીએ.



# પિતા અને પુત્ર

✧ ભૂપત વડોદરિયા

રશિયન નવલકથાકાર તુર્ગનેવની નવલકથા 'ફાધર્સ એન્ડ સન્સ'માં બાઝારેવનું પાત્ર કુટુંબનો માળો છોડીને પોતાની પાંખો વડે સ્વતંત્રપણે ઊડવા આતુર પંખીનું છે. આમાં એક સંઘર્ષ છે. એક બાજુ દીકરા કે દીકરીનું રટણ કરતાં મા-બાપ છે. બીજી બાજુ લાગણીના વધુ કસોકસ બંધનમાંથી મુક્તિ માગતાં બાળકો છે.

બાઝારેવ ડૉક્ટર થવા માટે વતનથી દૂરના શહેરમાં ગયો છે. મા-બાપ એને ઝંખે છે. એકનો એક દીકરો છે. વૃદ્ધાવસ્થાની લાકડી તરીકે તેની ઉપર બહુ આશા બાંધી છે.

બાઝારેવ પ્રયોગશાળામાં સિદ્ધ ન થઈ શકે તેવું કશું માનવા તૈયાર નથી અને લાગણીનો અતિરેક તો તેને સમજાતો જ નથી. મા-બાપને મળવા તે આવે છે પણ પૂરા ચાર દહાડા પણ રોકાતો નથી. પુત્ર ઘેર આવશે, પોતાની સાથે રહેશે, ઘરને ભર્યું ભર્યું બનાવી દેશે એવી કંઈ કંઈ આશાઓ મા-બાપે બાંધી છે. તેના સ્વાગત અને મહેમાનગતિની કંઈ કંઈ તૈયારીઓ કરી છે. પણ બાઝારેવને તો ઘણુંબધું કામ છે.

બાપ નિવૃત્ત લશ્કરી તબીબ છે. ખેતી છે. આમ તો સુખી છે, પણ સંતાન વગર મા-બાપ એકલાં થાક્યાં છે.બાઝારેવને પોતાની માની લાગણીની ખબર છે એટલે તે પોતાની વિદાયની વાત પહેલી પિતાને કહે છે. પિતાને આઘાત લાગે છે. પણ પોતાના આઘાતને ઢાંકીને એ પોતાની પત્નીના દુઃખની વાત કરે છે. બાઝારેવ કહે છે કે મારી માને કહેવાની જરૂર નથી. આવતી કાલે વહેલી સવારે હું ઊપડી જવા માંગુ છું. મારી માને તમે સમજાવી દેજો. ખોટી રોકકળ કરે નહીં. બાઝારેવનો પિતા મોડી રાતે કલાકોની માથાકૂટ પછી પત્નીને 'સમજાવી' દે છે. મા આંસુ ઢાંકી દે છે, ધરતી વીજળીને ગળી જાય તેમ આઘાતને પણ અંદર ઉતારી દે છે. વણવરસેલાં આંસુઓનાં વાદળ વચ્ચે વીજળીની જેમ સ્મિતને ઝબકાવ્યા કરે છે. બાઝારેવ ઊપડી જાય છે.

બાઝારેવની વિદાય પછી બાપની હિંમત તૂટી પડે છે. તે ભાંગી પડે છે. ત્યારે બાઝારેવની માતા પતિને કહે છે : ''પુત્ર કે પુત્રી તો ઝાડ ઉપર બેઠેલાં પંખી.

બાજ કે સમળી જેવા છે - ગમે ત્યાં સુધી બેસે અને પછી ઊડી જાય. મા-બાપ તો સુક્કાભઠ થડ જેવાં છે ! તમે દિલને નાનું કરશો નહીં. બાળકો આપણાં હોય છે અને છતાં તે આપણા નથી હોતાં. તમે દીકરાની આશા છોડો. હું તમને એટલું કહું કે હું તમને કદી નહીં છોડી દઉં ! દુઃખમાં, સુખમાં, માંદગીમાં, યાતનામાં આપણા બેનો સથવારો પાકો ! આપણે એકબીજાનાં થઈને રહીએ.''

તુર્ગનેવની નવલકથાના અહીં ટાંકેલા શબ્દો લાંબા વખતે યાદદાસ્તમાંથી ઉતાર્યા છે. થોડા શબ્દો અહીંતહીં ફરી ગયા હશે પણ ભાવાર્થ આવો જ છે. તુર્ગનેવનો ડૉક્ટર બાઝારેવ આપણા માટે છેક અજાણ્યું પાત્ર નથી.

ગુજરાતી વાર્તાકાર, વિવેચક સ્વ. રામાનારાયણ વિ. પાઠકની ટૂંકી વાર્તા 'મુકુંદરાય' નો મુકુંદરાય પણ બાઝારેવનો જ પિતરાઈ ભાઈ નથી લાગતો ? આખી દુનિયાના તમામ સમાજોમાં બે પેઢી વચ્ચે એક નાજુક સીમા ઉપર મા-બાપ અને સંતાનની વિદાય-જુદાઈના દશ્યો રચાતાં જ રહે છે. કયાંક દીકરો બ્રિટન કે અમેરિકા કે જર્મની ઊપડી જાય છે. ક્યાંક દીકરી વતન છોડીને પહેલાં ભણવા માટે શહેર અને પછી આગળ વધવા માટે મહાનગરની કેડી પકડે છે. યુવક-યુવતીઓનાં હૈયામાં મા-બાપ માટે કંઈક કરવાની પણ ઈચ્છા છે. પણ વતનના ઘરનો લીંબડો ગમે તેટલો ગમતો હોય તોય તેને મોટા શહેરમાં લઈ જઈ શકાતો નથી, તેમ મા-બાપને પણ સાથ લઈ જવાનું ઘણાબધાને મુશ્કેલ કે અશક્ય લાગે છે. આવા યુવક-યુવતીને કોઈક વાર આપણે એમનાં મા-બાપની આવી લાગણીની વાત કરીએ તો એ ઊલટો દુભાઈને કહે છે કે ''અમને લાગણી નથી તે વાત ખોટી છે, પણ આ જમાનામાં મા-બાપને દિલમાં રાખી શકીએ તેમ છીએ, સાથે રાખી શકીએ તેમ નથી. શ્રવણના ખભા ઉપર મા-બાપ પોતાના ઉપકાર કેમ આટલા આગળ કરે છે ?

મા-બાપ જાણે છે કે અમે જરૂર તેમના દેવાદાર છીએ. અમને ખબર છે કે અમે તેમનું ઋણ ચૂકવી શકીએ તેમ નથી, છતાં જે કંઈ ચૂકવવાનું છે તે અમે મા-બાપને આપી નહીં શકીએ. કદાચ થોડું ઘરડાં મા-બાપના હાથમાં આપીશ. બાકીની બધી રકમ અમે તેમના પૌત્રને આપીશું ! અમારાં મા-બાપે અમારું કર્યું, અમે અમારા દીકરાનું કરીશું ! બાપ અને દીકરા વચ્ચે હિસાબ ચૂકતે થઈ શકશે નહીં. દાદા અને પૌત્ર વચ્ચે હિસાબ ચોક્કસ થઈ જશે !'' ❖❖❖



# મનનાં તીર્થ

હરિભાઈ કોઠારી

**દેવે તીર્થે દ્વિજે મન્ત્રે દૈવજ્ઞે ભેષજે ગુરૌ,**
**યાદશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદશી**

દેવ, તીર્થ, દ્વિજ, મન્ત્ર, જ્યોતિષ, વૈદ અને ગુરુના બારામાં જેની જેવી ભાવના હોય તેવી સિદ્ધિ તેને મળે છે.' જીવનમાં ભાવનાનું ખૂબ જ મહત્ત્વ છે. ભાવનાને મન સાથે સીધો સંબંધ છે. મન વગર કરેલી કોઈ પણ ક્રિયા ભાવનાશૂન્ય હોવાથી ફળદાયી બનતી નથી. 'મય્યેવ મન આધત્સ્વ' એમ કહીને ભગવાન પણ ગીતામાં સૌની પાસે મનની માગણી કરે છે.

મન એટલે જ માણસ એમ કહીએ તોપણ ખોટું ન ગણાય. માણસની ઉપસ્થિતિ ત્યાં જ ગણાય જ્યાં એનું મન હોય. મન વગર ક્યાંય જવું, એ ન જવા બરાબર છે. મન ચોરીને કરેલાં કામો ન કર્યાં બરાબર છે. ભાવના વગરની ભક્તિ જેમ વેઠ છે તેમ મન વગરનું તીર્થમાં જવું પણ વ્યર્થ છે.

કોઈ જતું છો કાશી અને કોઈ જતું છો મક્કા,
મન તો બેઠું રાજ કરે ને પગ તો ખાતા ધક્કા !

તીર્થની સાચી યાત્રા કરનારા વિરલ હોય છે. મોટા ભાગે તો લોકો ધક્કો જ ખાઈ આવતા હોય છે. વિપિન પરીખ લખે છે :

**મને મેવાડમાં મીરાં મળી નહીં,**
**મને વૃંદાવનમાં રાધા મળી નહીં,**
**પણ કદાચ**
**એમાં મારો પણ દોષ હોય,**
**મેં મુંબઈ છોડ્યું જ ન હોય !**

આ પંક્તિઓમાં ભારોભાર સચ્ચાઈ ભરેલી છે. આપણાં મનનાં વળગણો સહેલાઈથી દૂર થતાં નથી. કાશી કે અમરનાથની યાત્રાએ જનાર માણસો પ્રવાસ દરમિયાન ઠેરઠેરથી ફોન કરીને બજારભાવની માહિતી મેળવતા રહે છે. બજારભાવના બોજ હેઠળ એમના હ્રયનો ભાવ દબાઈ જાય છે અને પરિણામે એમની તીર્થયાત્રા નિરર્થક બની રહે છે.

મીરાંએ જેમને પોતાના ગુરુ માન્યા હતા એ ભક્ત રૈદાસ ચમારની વાત પણ બહુ જાણીતી છે. એક વાર એમના ગામમાંથી એક સંઘ કાશીયાત્રા ફરવા જવાનો હતો. ઘણાં ભાઈ-બહેનો એમાં જોડાયાં હતાં. કેટલાક લોકોએ ભક્ત રૈદાસને પણ સંઘમાં જોડાવા કહ્યું. રૈદાસને અનુકૂળતા નહોતી તેમ જ એમની જવાની ખાસ ઈચ્છા પણ નહોતી. તેમણે લોકોના પ્રસ્તાવનો વિનયપૂર્વક અસ્વીકાર કર્યો.

કોઈકે કહ્યું, 'ગંગાસ્નાનનો અમૂલ્ય લહાવો તમે ગુમાવો છો. ગંગામાં નહાવાથી આપણા અનેક જન્મોનાં પાપ ધોવાઈ જાય છે. આવો અવસર વારંવાર નહીં આવે !' ભક્ત રૈદાસે હસતાં હસતાં કહ્યું, 'આપની સદ્‌ભાવના બદલ આપનો આભાર ! પરંતુ હમણાં મને અનુકૂળતા પણ નથી અને ખાસ ઈચ્છા પણ નથી. બાકી તો ''મન ચંગા તો કથરોટ મેં ગંગા !'' મારું સ્વકર્મ કરવામાં મને આનંદ છે. હું જેમાં ચામડું ધોઉં છું એ કથરોટનું પાણી પણ મને ગંગાજળ જેવું પવિત્ર લાગે છે !

ભક્તની ભાવના કે એની મહત્તાને સમજવાની ક્ષમતા સામાન્ય જનોમાં ક્યાંથી હોય ? એમની દયા ખાતાં ખાતાં લોકો યાત્રાએ ઊપડ્યા. મહિના પછી સંઘ યાત્રા કરીને પાછો ફર્યો. સૌએ રૈદાસને તીર્થપ્રસાદી આપી. રૈદાસે પ્રેમથી પ્રસાદી ગ્રહણ કરી અને સૌને યાત્રાના સમાચાર પૂછ્યા. એક દંપતી તેમને મળવા આવ્યું હતું. તેમાંની સ્ત્રીએ કહ્યું, 'યાત્રા સુખરૂપ થઈ, પરંતુ મારું એક સોનાનું કંકણ ગંગાના જલપ્રવાહમાં વહી ગયું !'

એ બહેનના ચહેરા પરનો વિષાદ જોઈ રૈદાસના ભક્તહૃદયમાં કરુણા ઊપજી. તેમણે આંખ બંધ કરીને મા ગંગાનું સ્મરણ કર્યું અને કથરોટના પાણીમાં હાથ ફેરવી તેમાંથી એ બહેનનું કંકણ કાઢી આપ્યું. સૌ એકત્રિત જનો સાનંદાશ્ચર્ય આ ઘટનાને નીરખી રહ્યા અને હૃદયપૂર્વક આ ભક્ત સામે નતમસ્તક બન્યા. સૌને 'મન ચંગા તો કથરોટ મેં ગંગા !' એ સંતવચનનું રહસ્ય સમજાઈ ગયું.

શાસ્ત્રોમાં માતાપિતા તથા સદ્‌ગુરુને પણ તીર્થરૂપ ગણાવ્યાં છે. મનઃપૂર્વક એમની સેવા કરનારને કોઈ જ તીર્થ કરવાનું બાકી રહેતું નથી.

તેથી જ તો લોકકવિ કહે છે,

**નથી જાવું મથુરા, નથી જાવું કાશી,**
**નથી જાવું ગોકુળ ગામ રે;**
**મારે ઘરમાં છે તીરથધામ રે !**

તીર્થક્ષેત્રમાં પાપ ધોવાઈ જાય એ વાત સાચી, પરંતુ તીર્થયાત્રા જો સમજદારીપૂર્વક કરવામાં આવે તો ! શાસ્ત્રકારો કહે છે કે, 'પાપ તનથી નહીં, પરંતુ મનથી થાય છે ! (મનસૈવ કૃતં પાપં ન શારીરં કૃતં કૃતમ) પરિણામે પાપપ્રક્ષાલનમાં પણ મનનો સહયોગ અપેક્ષિત છે. કરેલાં પાપોનું માનસિક પ્રાયશ્ચિત પાપ ધોવામાં ઉપયોગી થાય છે.

**તું તીરથ તીરથ દોડે છે**
**નદીઓમાં કાયા ઝબોળે છે;**
**કીધાં પાપનો જો પશ્ચાતાપ નથી,**
**તું ફોગટ જનમ ગુમાવે છે !**

પાપ તો માણસે જ્યાં કર્યું હોય ત્યાં જ ધોવું પડે, તીર્થમાં તો એને ધોવાનો સંકલ્પ કરી શકાય. માત્ર ગંગાસ્નાનથી જ પાપ ધોવાઈ જતાં હોય તો હરિદ્વાર કે કાશીનું ટિકિટભાડું મોંઘું ન ગણાય ! માણસ જગત જોડે છેતરપિંડી કરતો જાય અને જાહ્નવીમાં પાપ ધોતો જાય ! પરંતુ એ વાત એટલી સહેલી નથી તેથી માણસે આવી ભ્રાન્તિમાં રાચવું ન જોઈએ. આવા બાલિશ ખ્યાલો ધરાવતા મૂર્ખજનો પર પ્રહાર કરતાં જ્ઞાનીકવિ અખાએ પણ લખ્યું છે:

**એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,**
**તુલસી દેખી તોડે પાન, પાણી દેખી કરે સ્નાન !**

કેવળ નહાવાથી મુક્તિ મળતી હોય તો સૌથી પહેલાં માછલીઓ જ મુક્ત થવી જોઈએ કે જે ચોવીસે કલાક નાહ્યા જ કરે છે.

ટ્રેનમાં પ્રવાસ કરતાં એક ભાઈને એમના સહપ્રવાસી એવા એક ચિંતકે પૂછ્યું, 'કેમ, ક્યાં જાઓ છો ?' એ ભાઈએ કહ્યું, 'હરિદ્વાર જાઉં છું. ઘણાં પાપ કર્યાં છે તો ગંગામાં ધોઈ આવીએ.' થોડી વાર પછી ટિકિટચેકર આવ્યો એટલે પેલા ભાઈ અલોપ થઈ ગયા. ટિકિટચેકર ગયા પછી પાછા આવીને યથાસ્થાને ગોઠવાઈ ગયા. ચિંતકે એમને પૂછ્યું, 'કેમ, ક્યાં ગયા હતા ?' તો કહે, 'પેલો ટિકિટચેકર આવ્યો'તો ને ?' ચિંતકે કહ્યું, 'આવ્યો'તો તો શું થયું ? આપણે ટિકીટ દેખાડી દેવાની !' પેલા ભાઈ કહે, 'લીધી હોય તો ને ?' ચિંતકે સાશ્ચર્ય પૂછ્યું, 'તીર્થયાત્રા કરવા જાઓ છો અને વગર ટિકિટે ?' હસતાં હસતાં પેલા ભાઈએ જવાબ આપ્યો, 'પાપ ધોવાં જ છે તો એક વધારે ! ગંગાને શું ફરક પડે છે ?' હવે આવા માણસની યાત્રા સાર્થક ક્યાંથી થાય ?

**સામાન ઓછો હોય તો તીર્થયાત્રા સુગમ થાય તેમ પરિગ્રહ ઓછો હોય તો જીવનયાત્રા સરળ થાય.** યાત્રામાં ઘર છોડવાનું મહત્ત્વ છે. 'સાધુ તો ચલતા ભલા.' વહેતું પાણી જેમ શુદ્ધ રહે છે તેમ કર્મયોગીનું જીવન વિશુદ્ધ રહે છે. સતત ચાલતો રહેનારો માણસ કયાંય મમત્વથી બંધાતો નથી. તીર્થમાં જવા માટે આપણે ઘર છોડીએ છીએ, પણ મનના પૂર્વગ્રહો ક્યાં છોડીએ છીએ ? ઘર છોડવું એટલે અહંકાર, આગ્રહ અને વાસના છોડવી. મનના હઠાગ્રહો કે દુરાગ્રહો છૂટતા ન હોય તો તીર્થયાત્રા સફળ કેમ થાય ? વ્રજલાલ દવે લખે છે:

**આધી આધી કીધી જાતરા**
**ખોયા આંગણના રામ,**
**ખાલી રે ખજાના લાગ્યા પંડના**
**પરના મબલક તમામ !**
**જળ રે વ્હેર્યું, જીવ ! કેટલું ?**

સ્વાર્થ સાધવાને બદલે અન્યની સેવા કરવાનો ભાવ મનમાં જાગે તો ઘરમાં જ તીર્થ રચાઈ જાય. એક ભાઈ પોતાની યાત્રા દરમિયાન એક ગામમાં એક દંપતીના ઘરે રોકાયા. પત્ની રસોઈ બનાવતી હતી અને પતિ પીરસતો હતો. પત્ની બેઠાં બેઠા કામ કરતી હતી અને પતિ બધી વસ્તુઓ એને આપતો હતો. એ ભાઈને કૌતુક થયું પછીથી જાણવા મળ્યું કે પત્ની અપંગ હતી. ઊઠી જ શકતી નહોતી. એ ભાઈએ પતિને પૂછ્યું કે, 'તમને આ અપંગ સ્ત્રી સાથે સંસાર ચલાવવામાં ઘણું જ કષ્ટ પડતું હશે, ખરું ને ?'

જવાબ આપતાં પતિએ કહ્યું, 'ના, ના, કષ્ટના કોઈ સવાલ જ નથી. હું તો એ નાની છોકરી હતી ત્યારથી એને ઓળખું છું. યુવાન ઉંમરે ઘણી સારી સારી છોકરીઓનાં મારા માટે માગાં આવતાં હતાં, પરંતુ મેં વિચાર્યું કે એમને તો બીજા છોકરાઓ મળી રહેશે, પણ હું જો આને નહીં પરણું તો આની સેવા કોણ કરશે ? તેથી નક્કી કરીને જ હું એને પરણ્યો છું. મેં તો એને ખભે ઊંચકીને યાત્રા પણ કરાવી છે. દેવદર્શન પર કરાવ્યાં છે. એનો સ્વભાવ ઘણો સાલસ છે. એ માત્ર ઊઠી શકતી નથી, પરંતુ રસોઈ એવી સરસ બનાવે છે કે એના કંસારથી પણ અમારો સંસાર વધુ મધુર છે.' પેલા ભાઈને લાગ્યું કે આ દંપતીનું ઘરે જ સાચું તીર્થસ્થાન છે. તીર્થોમાં પણ દુર્લભ એવી પવિત્રતાની સૌરભ એમને આ દંપતીના ઘેર માણવા મળી.

કાશીનું ગંગાજળ લઈને સંત એકનાથ પગપાળા રામેશ્વરના પગ પખાળવા નીકળી પડ્યા. સાથે અનેક યાત્રીઓ હતા. એક વખત રસ્તામાં એક ગધેડાને આગઝરતી ગરમીમાં પાણી માટે તરફડતો જોયો. સંત એકનાથથી રહેવાયું નહીં. એમની ભૂતદયા પ્રગટી ઊઠી. બધા યાત્રિકોની ના છતાં તેમણે રામેશ્વરના પાદપ્રક્ષાલન માટે લાવેલું જળ પેલા તડપતા ગધેડાને પાઈ દીધું. ગધેડાને શાંતિ વળી. સહયાત્રીઓને થયું છે એકનાથે ગંગાગળ વેડફી નાખ્યું. ભગવાન માટેનું અભિષેક જળ કંઈ ગધેડાને પિવડાવાતું હશે ? પરંતુ દંતકથા એવી છે કે ભગવાન રામેશ્વર સંત એકનાથ સામે પ્રગટ થયા અને કહ્યું, 'તું મારી પરીક્ષામાં પાસ થયો છે. ગધેડાને તેં પાયેલું જળ મને પહોંચી ગયું છે !' સેવાવૃત્તિથી યુક્ત અને સર્વત્ર હરિદર્શન કરવાની જેની માનસિક તૈયારી છે તેને માટે સમગ્ર વિશ્વ તીર્થ જ છે. આદ્ય શંકરાચાર્યે ! 'વારાણસી મેદિની' કહીને એ વાતનું સમર્થન કર્યું છે.

ભક્ત પુંડલિકે પોતાની તીર્થયાત્રા દરમિયાન એક વાર કુક્કુટ ઋષિના આશ્રમમાં રાતવાસો કર્યો હતો. અડધી રાતે તેમને એક કૌતુક જોવા મળ્યું. કાળી કલુટી એવી ત્રણ સ્ત્રીઓ ત્યાં આવી. આશ્રમમાં ઝાડુ વાળીને તેમણે કચરો એકઠો કર્યો. પછી એ કચરામાં આળોટતાં જ તે ત્રણે સ્ત્રીઓ ધોળીદૂધ જેવી બની ગઈ. પુંડલિકે એ સ્ત્રીઓને આનું રહસ્ય પૂછતાં તેમણે જણાવ્યું, 'આમે ત્રણ-ગંગા, યમુના, સરસ્વતી નદીઓ છીએ. લોકો અમારામાં સ્નાન કરીને અમને મલિન કરી નાખે છે. અમે સ્વચ્છ થવા માટે અહીં આવીએ છીએ. મહર્ષિ કુક્કુટ જંગમ તીર્થ છે. તેઓ આ આશ્રમમાં ફરે છે તેથી અહીંની રજ પવિત્ર છે. એ રજ એકઠી કરીને એમાં આળોટવાથી અને ઉજ્જવળ-ધવલ બની જઈએ છીએ અને પુનઃ વિશ્વનાં પાપ ધોવા પ્રસ્થાન કરીએ છીએ.'

મનસા, વાચા, કર્મણા, પવિત્ર એવા મહાનુભાવો જીવતાં-જાગતાં તીર્થ છે. તીર્થને તીર્થત્વ બક્ષનારા આ તીર્થંકરો છે. 'તીર્થાકુર્વન્તિ તીર્થાનિ' એ તીર્થયાત્રીઓ નહીં, પણ તીર્થસર્જકો છે.

આવાં જંગમ તીર્થોનું વર્ણન કરતાં ભગવાન ભાગવતમાં કહે છે :

**નિરપેક્ષં મુનિં શાન્તં નિર્વૈરં રામદર્શનમ્,**
**અનુવ્રજામ્યહં નિત્યં પૂયેયેત્યંઘ્રિરેણુભિઃ**

અર્થાત્ 'નિરપેક્ષ, મુનિ, શાંતિ, નિર્વૈર અને સમદર્શી એવા પરમ પુરુષોની પાછળ પાછળ હુ ચાલુ છું, કારણકે એમની ચરણરજ મને પણ પાવન કરે એવી મારી અપેક્ષા છે.'

જેનું મન અપેક્ષારહિત છે, જે મનનશીલ છે અને મૌન સેવે છે, જેનું મન શાંત છે, જેના મનમાં કોઈના માટે વેરભાવ નથી તેમ જ જે સર્વત્ર સમદર્શી છે તે માનવ સાક્ષાત્, તીર્થરૂપ છે. જનમાનસને પાવન કરનાર આ મનનાં તીર્થ માટે કહી શકાય કે :

**એના કદમ કદમ પર કાશી,**
**એનાં દર્શન પાપવિનાશી !** ❖❖❖

# દાદાની શીખ

**મહેશ દવે**

એક મહાન લેખક હતા. ઘણા વૃદ્ધ થઈ ગયા હતા તોયે પ્રવૃત્ત રહેતા હતા. બાળકોને ભણાવતા, વાર્તાઓ કહેતા, વિચારતા રહેતા અને લેખનકાર્ય કર્યે જતા. એ જમાનામાં ફાઉન્ટનપેન કે બૉલપેન તો હતી નહીં. લેખકદાદા પેન્સિલથી લખતા. એક વાર લખતાં લખતાં એ અટક્યા. કપાળે પેન્સિલ અડાડી લખવા માટે વિચારવા લાગ્યા. એટલામાં એમનો નટખટ પૌત્ર આવી ચડ્યો. એણે પૂછ્યું :

'શું કરો છો, દાદા ?'

'લખું છું, બેટા.' દાદાએ જવાબ આપ્યો.

'ખોટું ! તમારી પેન્સિલ કપાળે છે અને કાગળ ટેબર પર છે.'

'લખવા માટે વિચાર તો કરવો પડે ને બેટા'

'એટલે આ પેન્સિલ તમારા માથામાં વિચાર ભરશે અને પછી તમે લખશો. એમ કે ?' પેન્સિલમાં શું વિચાર હોય ?' ચબરાક પૌત્રે દાદાને મૂંઝવ્યા.

'પેન્સિલ પાસેથી પણ ઘણું શીખવા મળે બેટા'

'ખોટાડા છો તમે. પેન્સિલમાં તો ખાલી લાકડું ને સીસું હોય. બીજું કંઈ હોય તો બતાવો જોઈએ.' પૌત્રે પડકાર ફેંક્યો.

હવે દાદાની કસોટી હતી. તેમને મજા પડી. બુદ્ધિ ચલાવી તેમણે પેન્સિલ પુરાણ ચાલુ કર્યું.

'જો બેટા, પહેલવહેલું તો પેન્સિલ શીખવે કે તેની જેમ સૌમાં ઘણી શક્તિ ભરેલી છે, દોરવણી આપનાર જોઈએ. બીજા કોઈકનો હાથ પેન્સિલને દોરવણી આપે છે. શક્તિ અને દોરવણીથી કામ થાય છે.'

'બીજી વાત, પેન્સિલ જાતને ઘસી નાખે છે. અણી ઘસાઈ જાય ત્યારે તેને છોલીને પાછી અણી કાઢવી પડે છે. તેમાં પેન્સિલને પીડા જરૂર થતી હશે, પણ પીડા સહન કરવાથી એ તાજી અને ધારદાર બને છે.'

'ત્રીજી વાત, પેન્સિલ એક સારી સગવડ આપે છે. પેન્સિલથી કરેલું લખાણ ભૂંસી શકાય છે. ભૂલ થાય તો વાંધો નહીં. ભૂંસીને સુધારો થઈ શકે છે.'

'ચોથી વાત, પેન્સિલની બહારના ભૂંગળી જેવા લાકડાના ખોખાનું ઝાઝું મહત્ત્વ નથી. અંદરના સીસાનું મહત્ત્વ છે. તે સીસાથી લખાય છે.'

'અને છેલ્લી વાત, પેન્સિલ હંમેશા તેનું ચિહ્ન મૂકી જાય છે.'

'તમે પાક્કા છો, લુચ્ચા છો.' કહી નટખટ પૌત્ર ભાગી ગયો.

દરેકમાં શક્તિ પડી છે. ઈશ્વરની દોરવણી પ્રમાણે તેણે ચાલવાનું છે. જાતને ઘસી નાખવા અને પીડા સહેવાથી ફરી તાજા અને શક્તિવાન થવાય છે. જીવનમાં ભૂલોથી ડરવાનું નથી. ભૂલો સુધારી આગળ વધવાનું છે. બહારનો દેખાવ અગત્યનો નથી. અંદરના તત્ત્વનું મહત્ત્વ છે. આપણું દરેક કાર્ય ગુણ અંકિત કરે કે ડાઘ પણ મૂકી જાય; તેથી સાવધ રહીને કાર્યો કરવાનાં છે.

# મંદિરની ટોચ પર ધજા

સુરેશ દલાલ

**ચિંતા છે, પણ ચિંતન નથી...**

પહેલાંના યુગમાં કેવી અને કેટલી સમસ્યા હશે એનો પાકો અંદાજ તો ન આવે, પણ આપણે અટકળ કરી શકીએ. રોગનું પ્રમાણ પણ જાણે કે વસતિની સાથે વધતું જાય છે. પહેલાં કદીય ન સાંભળ્યાં હોય એવા નવા નવા રોગો અને એની સાથે નવાં નવાં ઔષધો આવે છે. વીસમી સદીનો આખો યુગ ચિંતાયુગ તરીકે ઓળખાયો.

આ બધી ચિંતા શાની ? માણસ કોઈ કારણ-અકારણ ભયથી અંદરથી કંતાતો જાય છે. એનામાં અનેક વિરોધ છે અને વિરોધાભાસ છે એને દોડવું પણ છે અને ક્યાંક સ્થિર પણ થવું છે. સ્થિર થઈ સ્થિતપ્રજ્ઞ નથી થવું. પણ કોઈક સલામતીમાં સ્થિર થવું છે. એને એમ છે કે મારી પાસે ધન હશે તો સાધનો તો આપમેળે દોડ્યાં આવશે. આપણા સૌનો અનુભવ છે કે સગવડની સાથે અગવડો જોડાયેલી છે. ચિંતા બધા કરે છે. ચિંતન કોઈ કરતું નથી. મન છે, છતાં પણ મનન કોઈ કરતું નથી. જીવન છે, છતાં બધાં જીવવાનો ચાળો કરે છે, પણ જીવન કોઈ જીવતું નથી. એક બાજુ ડેડ એન્ડ - આંધળી ગલી છે અને બીજી બાજુ આંધળી દોટ છે. ચારે બાજુ ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. ડૉ. હરિવલ્લભ ભાયાણી - ભાયાણીસાહેબ કહેતા કે જીવનનું કોઈ પણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં મૂલ્યોનું ધોવાણ ન થયું હોય. શિક્ષણ જેવો ખાનદાની વ્યવસાય કોઈ નથી. એવો જ વ્યવસાય ડૉક્ટરનો પણ છે. શિક્ષકો છે, પણ શિક્ષણ નથી. મૂલ્યોની કોઈને પડી નથી. છડેચોક વિદ્યાનો વિક્રય થાય છે. કાળનો ધર્મ પરિવર્તન છે. પરિવર્તન થાય છે અને થવું જોઈએ. એક જમાનો એવો હતો કે નાડ પરથી રોગ પરખાતો. હવે જમાનો એવો આવ્યો છે કે કાંઈ પણ થાય એટલે ડૉક્ટર કહે કે રિપોર્ટ્સ કઢાવો. એક ડૉક્ટરથી બીજા ડૉક્ટરના ચક્કરમાં ફર્યા કરવાનું અને ઘણી વાર તો એવું બને કે આટલા બધા રિપોર્ટ્સને અંતે પણ નિદાન નથી થતું, જેમ બધા જ શિક્ષકો ખરાબ નથી હોતા એમ બધાં જ ડૉક્ટર ખરાબ નથી હોતા. અપવાદ તો હોય છે, પણ હવે કહેવતને ઊલટી-સૂલટી કરવી પડે એવો જમાનો આવ્યો છે. પહેલાં કહેવાતું કે ગામ હોય ત્યાં ઉકરડો હોય. હવે એમ કહેવાય કે ઉકરડા છે તો ગામ તો હશે જ.

સોનાનું ઘરેણું ઘડવા માટે એમાં તાંબું તો નાંખવું જ પડે, પણ આ જમાનો એવો છે કે તાંબામાં રતીભાર સોનું નાખીએ છીએ અને જીવનને ખોટાં ઘરેણાંથી સૂગ આવે એમ શણગારીએ છીએ. ચિંતા એક વસ્તુ છે. ચિંતન બીજી વસ્તુ છે. માણસ છિન્નભિન્ન થયો છે. એનું કેન્દ્ર ગુમાવી બેઠો છે. એકાગ્ર થવાની કળા ગુમાવી બેઠો છે. ધ્યાન ધરવું એને ફાવતું નથી. મેડિટેશન નહીં, પણ મેડિકેશનમાં પડ્યો છે. ધ્યાનને બદલે તાત્કાલિક શરીરને અને મનને રાહત આપે એવી દવામાં એ અટવાયો છે. ડૉ. પ્રજ્ઞા પૈએ એક વાર કહ્યું હતું કે માણસ માણસ તરીકે ડૉક્ટર પાસે જાય છે અને પછી દરદી તરીકે બહાર પડે છે. આમાં અતિશયોક્તિ કે વ્યંગ કોઈને લાગે તો પણ ક્યાંક સત્ય છુપાયું છે. એમણે એ પણ કહ્યું હતું કે માણસ કેમ વિચારતો નથી કે જો દવાની અસર હોય તો એની આડઅસર પણ હોઈ શકે. ડૉક્ટરે દરદીને દવા આપતાં પહેલાં આ દવાની આડઅસર શું હોઈ શકે એની પણ વાત કરવી જોઈએ. દાખલા તરીકે, કેટલીક દવાથી મૂળ રોગમાં રાહત થાય, પણ બકરી કાઢતાં ઊંટ પેસે એવી પરિસ્થિતિ પણ સર્જાય. કેટલીક દવાઓને કારણે ઍસિડિટી થતી હોય છે. નાના હતા ત્યારે એબીસીડીનો જમાનો હતો. મોટા થઈએ પછી ઍસિડિટીનો જમાનો આવે.

રોગ શરીરના હોય છે. રોગ મનના હોય છે આપણે વાતવાતમાં કંઈક આધિ, વ્યાધિ, ઉપાધિ આવે ત્યારે સમાધિની સ્થિતિને બદલે ડિપ્રેશનને દૂર કરવા માનસશાસ્ત્રી અને મનોવિશ્લેષકો પાસે પહોંચી જઈએ છીએ. અલબત્ત, એનાથી રાહત મળે છે. ક્યારેક યોગ્ય માર્ગદર્શન અને દવાના સહારે તથા વાતચીતથી વિષાદનું કાળું અંધારું દૂર પણ થતું હોય. આ બધા માર્ગદર્શક તમને એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં અનુકૂળ થઈ શકો એની વ્યવસ્થા કરી આપે છે.

માત્ર રજનીશજી જ નહીં, એવા કેટલાય વિચારકો, ફિલસૂફો કહે છે કે આ બધા રોગનું મૂળ માણસનો અહંકાર છે. ચિકાર પૈસો હોય અને પગ કૂંડાળામાં પડી જાય ત્યારે માણસને પોતાની આબરૂનો પ્રશ્ન ઊભો થાય. લોકોને કયે મોઢે હું મારું મોઢું બતાવીશ ? એનું સામાજિક અહમ્ ઘવાય છે. આ અહમની સાથે ભય સંકળાયેલો છે. મોટા ભાગના માણસ ભયની લાગણીથી જીવતા હોય છે. આજે પૈસો છે ને કાલે ન પણ હોય તો મારું શું થશે ? આજે સલામતી છે ને આવતી કાલે બિનસલામત થઈ જાઉં તો પછી શું ? માણસ દેખાય નહીં એ રીતે અંદરથી, ભયથી થરથરતો હોય છે.

મૂળ અહમ્‌ને ઉખેડી શકે, અહમ્‌ને સાંભળે નહીં, એની શરણાગતિ સ્વીકારે નહીં, મનને માલિક તરીકે સ્થાપે નહીં તો આપોઆપ પ્રશ્નો ઊકલે અને એને સાનુકૂળ થવાની પરિસ્થિતિ ન રહે, પણ એ પોતે અંદરથી એટલો રૂપાંતર પામે કે એને પછી કોઈ વૈદ્ય કે ડૉક્ટર કે કોઈ માનસશાસ્ત્રી કે મનોવિશ્લેષકની જરૂર ન પડે. માણસે ભવથી થરથરવાનું નથી, પણ પોતાના મનના મંદિરની ટોચ પર ધજા થઈને – મુક્ત થઈને ફરકવાનું છે.

❖❖❖

# જિંદગીનું યુદ્ધ

✧ ગિરીશ ગણાત્રા

બારણે રહેલા કૉલબેલનું બટન દબાવ્યું.

અંદરથી પચાસેક વર્ષનાં એક બહેને બારણું ખોલ્યું.

એનું સૌમ્ય, તેજસ્વી, હસમુખું મોં તાકી જ રહ્યો.

એક અપરિચિત સ્ત્રીની સામે આવી રીતે તાકી રહેવું એ ચોક્કસ જ અવિનય છે. પણ કેટલાક મોહક ચહેરા દિલમાં એવા ભાવ નિર્માણ કરે છે કે ઘડીભર પેલા શિષ્ટાચારને બાજુએ મૂકી બસ, એ મોહકતાને હૃદયમાં ઉતારી જ લઈએ એવું મન થઈ જાય છે.

પેલાં બહેને માથા પરના સાડલાના પાલવને જરા સરખો કર્યો અને પૂછ્યું –

'કોનું કામ છે ?'

'કામ તો... વાત જાણે એમ છે કે મારા એક અંગત મિત્ર સુરેશભાઈ આજે અહીં આવવાના હતા. એમણે મને મુંબઈથી પત્ર લખેલો કે એ ચારપાંચ દિવસ માટે અહીં આવવાના છે ને તમારે ત્યાં ઊતરવાના છે. કાગળમાં તમારું સરનામું લખ્યું છે એટલે...'

'અંદર આવો ને !' એમણે આમંત્રણ આપ્યું.

દીવાનખંડમાં બેઠો.

એ સ્મિત વેરતાં ઘરની અંદર ગયાં.

હજુ સુધી હું એ મોહક ચહેરાને ભૂલી શક્યો ન હતો. એની ગરિમા જ એવી સૌમ્ય હતી કે ઘડીભર ઝવેરચંદ મેઘાણીની નવલકથા 'વેવિશાળ'નાં ભાલુ યાદ આવી જાય તો વળી રમણલાલ દેસાઈની 'કોકિલા'ને એમાં નિહાળીએ.

કેટલીક સ્ત્રીઓ એવી હોય છે કે એની સાથે વાતો કરવી ગમે, એના સાન્નિધ્યમાં રહેવાનું મન થાય. બસ, કોઈ અદમ્ય આકર્ષણથી એની પાસેથી ઊઠવાનું મન ન થાય. કેટલીક એવી પણ સ્ત્રીઓ હોય છે કે ઘડીભર પુરુષના ચંચલ મનમાં બાયૉલૉજિકલ અર્જ ઊભી કરી દે અને એવી પણ સ્ત્રીઓ હોય છે કે એને જોતાં જ આપણામાં રહેલી શિશુ-ઝંખના જાગ્રત થઈ જાય. એમ થાય કે જાણે આને ખોળે આળોટી જગતનાં તમામ દુઃખદર્દ ભૂલી જઈએ.



પવિત્રતાનો એવો પૂજ્યભાવ આપણામાં જાગી ઊઠે કે એના મોં પર રહેલા પેલા મૃદુ ભાવો વડે આપણે આપણી જાતને જ ભરી દઈએ.

અંદરથી પાણીનો ગ્લાસ લઈ આવેલી સ્ત્રી એક આવો જ ભાવ જન્માવી ગઈ. ટિપોય પર પાણીના ગ્લાસની નાનકડી ટ્રે મૂકી હસીને બોલી :

'સુરેશ મારી માસીનો દીકરો છે. એ આજે જ આવવાનો હતો, પણ એને ટ્રેનની ટિકિટ ન મળી એટલે કાલે સવારના મેલમાં આવશે. બપોરે એણે મુંબઈથી ફોન પર વાત કરી. તમે કાલે આવી શકશો ? અથવા તમારું સરનામું ને ફોન આપો તો કાલે એને તમારી પાસે મોકલું.'

એણે મુખવાસની શીશી ટિપોય પર મૂકી.

એક અજાણ્યા પુરુષને ઘરમાંથી જરા પણ અવિવેક વિના, હસતા મોંએ કેમ રવાના કરવો એ આ સ્ત્રી સારી રીતે જાણતી હતી.

બીજે દિવસે બપોરે સુરેશ એના બનેવી ભાસ્કરભાઈ જોડે ઑફિસે આવ્યો.

વાતવાતમાં ભાસ્કભાઈને કહેવાઈ ગયું –

'ગઈ કાલે તમારે ઘેર પહેલી જ વખત આવ્યો ને તમારાં મિસિસે જે મીઠાશથી...'

'એ મારાં મિસિસ નહોતાં, મારાં મા હતાં.' ભાસ્કરભાઈએ હસતાં હસતાં કહ્યું.

'સૉરી ભાસ્કરભાઈ. મારી ધારણામાં ભૂલ થઈ. આઈ એમ ઍક્સ્ટ્રીમલી સૉરી.'

'એમાં 'સૉરી' થવા જેવું કશું નથી...' સુરેશે કહ્યું. 'ભાસ્કરભાઈ એમની પત્નીને મા જ કહે છે – ગાંધીજી જેમ કસ્તૂરબાને કહેતા તેમ.'

અમે બધાય ખડખડાટ હસી પડ્યા.

પહેલી જ પિછાનમાં ભાસ્કરભાઈએ પોતાના આનંદી સ્વભાવનો પરિચય કરાવી દીધો.

એ પછી જેટલા દિવસ સુરેશ ગામમાં રહ્યો તેટલા દિવસમાં વારંવાર ભાસ્કરભાઈને ઘેર જવાનું થતું ને એનાં પત્ની મંજુબહેનની મહેમાનગતિ માણવા મળતી. અલ્પ સમયમાં એ અજાણ્યાં

દંપતીએ એમના આનંદમિશ્રિત માધુર્યથી મને જીતી લીધો.

એક વખત રાત્રે ભાસ્કરભાઈને ઘેર જમી હું અને સુરેશ ફરવા નીકળ્યા ત્યારે વાતવાતમાં મંજુબહેનની ઘર-રખાવટનાં વખાણ થઈ ગયાં.

સુરેશે કહ્યું : 'મંજુબહેનને તું હમણાં હમણાં મળ્યો, પણ આજથી ત્રીસેક વર્ષ પહેલાં મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોત તો તું ચક્કર ખાઈ જાત.'

'એટલે ?'

'એ વખતે ચૌલા - આઈ મીન મંજુબહેન – કૉલેજમાં ભણતાં. એમના પિતાને બે જ સંતાનો. ચૌલા અને વિસ્મય. ખૂબ જ ફૉરવર્ડ કુટુંબ, પૈસાદાર પણ એટલું જ. તે વખતે ચૌલાબહેન જયહિંદ કૉલેજમાં ભણતાં. નૃત્ય, નાટક અને રમતગમતનાં પારગંત. કૉલેજ તરીકે કૉલેજમાં પ્રખ્યાત... આપણે પાન ખાઈશું ?'

પાન બંધાવીને અમે બગીચાને બાંકડે બેઠા.

સુરેશ મંજુબહેનની વાત બાજુએ હડસેલી એ બગીચાની રોનક વિશે કહેવા લાગ્યો, પણ મંજુબહેનનાં બે અલગ વ્યક્તિત્વની વાત મનમાંથી ખસતી નહોતી એટલે એનો અનુસંધાનનો દોર ખેંચી પૂછી લીધું :

'તો ચૌલામાંથી એ મંજુબહેન કેવી રીતે બની ગયાં ?'

'એ જ તો એની ખૂબી છે. માસાએ એને પૂરતી છૂટ આપેલી. ખૂબ જ લાડકોડમાં એ ઊછર્યાં હતાં.'

'એ એમ.એ.નું કરતાં હતાં ત્યારે માસાએ એને સાત-આઠ મુરતિયા બતાવેલા પણ ચૌલાબહેનનું મન કોઈમાં ચોંટ્યું નહિ. માસાના એક ખાસ સંબંધીના પુત્ર – એટલે કે આ ભાસ્કરભાઈ – એ વખતે કોઈ કામે મુંબઈ આવેલા. ભાસ્કરભાઈ તે વખતે બી.કૉમ. એલ.એલ.બી. થઈ એક નાનકડા શહેરમાં એમના બાપુજીની પેઢી સંભાળતા હતા. સારો એવો વેપાર હતો એ લોકોનો. ભાસ્કરભાઈ તે વખતે ગોરા, ઊંચા, ફિલ્મ અભિનેતા જેવા હતા. માસાને એ ગમી ગયાં. એમણે ચૌલાબહેનને આ મુરતિયો બતાવ્યો.

'કોણ જાણે કેમ, પહેલી જ મુલાકાતમાં બંને એક-બીજાને ગમી ગયાં. હિન્દુ જિમખાનામાં બન્ને જણાં સાથે ગયાં. ત્યાં બેત્રણ મુલાકાતો થઈ.

'એ મુલાકાતો પછી માસામાસીએ ચૌલાબહેનનો અભિપ્રાય પૂછ્યો. ચૌલાબહેને કહ્યું :

'છોકરો સારો છે. એની કૉલેજમાં એ ક્રિકેટનો કૅપ્ટન હતો. મ્યુઝિકમાં ખૂબ જ રસ છે. બ્રિલિયન્ટ ને હોશિયાર છે.'

'તને ગમ્યો ?'

ચૌલાબહેને હા પાડી. માસાએ કહ્યું : 'જો ચૌલા, તારી પસંદગી . એને મેં મારી ઑફિસે બોલાવ્યો હતો...'

'એણે મને એ વાત કહી છે.'

'સારું. છોકરો બધી રીતે હોશિયાર, હસમુખો ને પથ્થરમાંથી પાણી કાઢે એવો છે, પણ એની ઘરની પરિસ્થિતિ... તારે કંઈ વાત થઈ ?'

'ના. અમે કૉલેજની, પ્રવૃત્તિઓની, એકબીજાના શોખની, વાંચનની ને એવી બધી જ વાતો કરી છે.'

'તો એના કુટુંબ વિશે જાણી લે.' માસાએ કહ્યું, 'એના ઘરમાં એની મા જ કર્તાહર્તા હતી. બાઈ બહુ જ સુશીલ અને શાણી. પૂરી વ્યવહારુ. મોટા બહોળા કુટુંબનો કારભાર ચલાવવો સહેલો નથી, પણ એણે એનો સંસાર ઉજાળ્યો. બેએક વર્ષ પહેલાં એ મૃત્યુ પામ્યાં. અત્યારે ભાસ્કરના ઘરની પરિસ્થિતિ એવી છે કે, જાણે સરકસ જ જોઈ લો. ભાસ્કરનો મોટો ભાઈ રાતોરાત ટાટા-બિરલા બની જવાનાં સપનાં સેવે છે ને પેઢીના વહીવટને ચૂંથી નાખે છે. બાપ મરણપથારીએ છે. ઘરમાં ભાસ્કરની મોટી વિધવા બહેન એન જુવાન છોકરીઓને લઈને છેલ્લાં પાંચેક વરસથી સાથે જ રહે છે. એવી જ બીજી એક વિધવા ફઈ પણ ત્યાં જ છે. ભાસ્કરની મા ગુજરી ગયા પછી આ બૈરાંઓ અને ભાસ્કરની ભાભી વચ્ચે એકરાગ સચવાયો નથી. એટલે, હવે ઘરને, પેઢીના વહીવટને સંભાળવાની બધી જ જવાબદારી ભાસ્કર પર છે. અમેરિકા-લંડન જવાનાં બધાંય સપનાં કચડીને છોકરો એના જ ગામમાં રહેવાનો છે. તારે જિંદગીભર ત્યાં દટાઈ રહેવું પડશે. આવડા મોટા કુટુંબમાં નાની વહુ તરીકે સૌનાં ટપલાં ખાતાં ખાતાં જીવવાનું છે. આ બધાને વિચાર કરીને પછી નિર્ણય લેજે.'

'માસાએ તો મુરતિયાના ઘરની તમામ પરિસ્થિતિની જાણ ચૌલાબહેનને કરી દીધી.' હવે નિર્ણય ચૌલાબહેનને લેવાનો હતો.

બીજે દિવસે બન્ને ફરવાં ગયાં ત્યારે ચૌલાબહેને ભાસ્કરભાઈને ઘરની પરિસ્થિતિ વિશે પૂછવા માંડ્યું. ભાસ્કરભાઈએ જે સત્ય હતું તે કહી દીધું ને પછી ઉમેર્યું :

'જુઓ ચૌલા, તમે મને ગમો છો, પણ મારા ઘરની પરિસ્થિતિ એવી છે કે મારે મારા નાનકડા શહેરમાં જ રહેવું પડશે. તમે મુંબઈનાં છો. લાડકોડમાં ઊછર્યાં છો. આવડા મોટા ઘરની જવાબદારી ઉપાડી શકે, સૌને સાચવી શકે, સૌની સાથે સમાધાનભર્યું વલણ દાખવી ઘર ચલાવી શકે એવી પત્નીની મારી કલ્પના છે. સાચું પૂછો તો, હું પત્ની કરતાં માનું સ્થાન લઈ શકે એવી સ્ત્રીની શોધમાં છું. આવી પરિસ્થિતિમાં તમે મને પસંદ નહિ કરો તો મને જરાય ખોટું નહિ લાગે.'

'તમને ના કહેતાં મારો જીવ ચાલતો નથી. પણ... પણ... મને વિચારવા એક અઠવાડિયું આપશો ?'

'જરૂર. પણ તમારો જે રીતે ઉછેર થયો છે એ જોતાં તમારા શોખ, તમારી પ્રવૃત્તિઓ વિશે વિચારતાં હું એવું ઈચ્છું છું કે તમે કોઈ અન્ય યોગ્ય પાત્રને શોધી લો. મારું ઘર ને મારું જીવન આ સંસારનાં યુદ્ધ ખેલવા માટે છે. તમે એ સંગ્રામમાં ન પડો તો સારું.'

પણ ચૌલાબહેને છેવટે ભાસ્કરભાઈને પરણવાનો જ નિર્ણય કર્યો. એ ભાસ્કરભાઈને પરણ્યાં, પરણ્યા પછી એણે ચૌલા નામ ત્યાગીને સાદું એવું મંજુ નામ પસંદ કર્યું, ને જે રીતે ભાસ્કરભાઈનાં બા ઘર ચાલવતાં હતાં તેવો જ ઘર-વ્યવહાર ચલાવવા લાગ્યાં. આ માટે એને શી શી બાંધછોડ કરવી પડી હશે, કેટકેટલો ત્યાગ કરવો પડ્યો હશે ને કેવાં કેવાં અરમાનો કચરવાં પડ્યાં હશે એ બધા માટે તો પાનાં ને પાનાં ભરાય એટલી બધી વાતો છે પણ આ ત્રીસ વરસના વ્યવહારને એણે પાલવને છેડે જે રીતે બાંધ્યો છે એ જોઈને સગાસંબંધીઓ પણ મોંમાં આંગળાં નાખી ગયાં છે. સાચ્ચે જ ચૌલાબહેને જિંદગીનું યુદ્ધ જીતી લીધું છે.'

સુરેશે ગજવામાંથી પાન કાઢી મોઢામાં મૂક્યું.

મંજુબહેનની એક એક વાત સાંભળતા લાગતું હતું કે એણે સંસારના ખારા દરિયામાંથી તમામ ખારાશ નિતારી લઈ સંસારને મીઠો-મધુરો બનાવી દીધો છે.

બીજે દિવસે ભાસ્કરભાઈના ઘેર ગયા ત્યારે મંજુબહેને મીઠું સ્મિત કરીને પૂછયું:

'ગઈ કાલે રાત્રે તમે ને સુરેશ બહુ મોડે સુધી રખડ્યા કે શું ?'

'રખડવાને બદલે બેઠા હતા ને તમારી જ વાતો કરતા હતા' મેં કહ્યું. 'ચૌલાબહેનથી મંજુબહેન સુધીની એક ભાતીગળ કથા જાણી.'

'પહેલી વખત હું તમને મળ્યો ત્યારે...' ભાસ્કરભાઈ હસતાં હસતાં બોલી ઊઠ્યા. 'મેં તમને કહ્યું હતું ને કે મંજુ મારી મિસિસ નથી, પણ બા છે. સાચું નીકળ્યું ને ?'

તમેય તે શું ?' ભાસ્કરભાઈ સામે જોઈ મંજુબહેન બોલ્યાં : 'હું જો એમની બા હોઉં તો એ મારા ગુરુ છે. કૉલેજમાં જે કંઈ શીખી હતી, વાંચ્યું હતું તે બધાં કરતાં સંસારના ઘણા નવા પાઠો એમની પાસેથી શીખી છું. અને આમેય આપણાં શાસ્ત્રોએ કહ્યું છે ને કે સ્ત્રી દ્વિજ છે એને બે અવતાર હોય છે. પહેલા અવતાર કરતાં આ બીજો અવતાર જ એનું ખરું જીવન છે. પણ છોડો એ બધી વાતો. તમે બધા ચાના રસિયા છો તે સૌને માટે થોડી થોડી ચા બનાવી લાવું,' કહી મંજુબહેન અંદર ગયાં.

એને રસોડા તરફ જતાં જોઈ રહેલા ભાસ્કરભાઈથી નિસાસો નાખી બોલાઈ જવાયું – આ નહિ હોય ત્યારે મારી શી દશા થશે ?

❖❖❖

# વિશ્વાસઘાત ન કરવો

એક ગામમાં બે મિત્રો રહેતા હતા. તેમાંનો એક ગરીબ અને એક અમીર હતો. તેઓ એક દિવસ ભેગા મળ્યા. ગરીબ મિત્રને નિરાશ જોઈ અમીર મિત્રે તેનું કારણ પૂછ્યું. ગરીબ મિત્રે જવાબ આપ્યો, ''આ ગામમાં કોઈ મારી સાથે સારી રીતે વર્તતું નથી. હું મારી જરૂરિયાતો પૂરી કરવા માટે નાણાં પણ મેળવી શકતો નથી. અમીર મિત્રે તેને આશ્વાસન આપ્યું અને કહ્યું કે, ''નિરાશ થતો નહિ. હું તારો મિત્ર છું. મને તારામાં વિશ્વાસ છે. તારે જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે મને કહેજે. હું તને પૈસા આપીશ. મને ખાતરી છે કે તું મને પૈસા પરત આપીશ. પણ એક નાની શરત છે. તું બીજી વાર પૈસા ત્યારેજ માંગી શકીશ જ્યારે તે આગળના બાકી પૈસા મને પરત કરી દીધા હોય.'' ગરીબ મિત્ર આ શબ્દો સાંભળીને ઘણો જ રાજી થયો.

એક અઠવાડિયા પછી ગરીબ મિત્ર તેના અમીર મિત્રના ઘેર ગયો અને પૈસાની માંગણી કરી. તેના મિત્ર તેણે કહ્યું, ''મારા બેડરૂમમાં ઓશિકા નીચે પૈસા છે. જઈને લઈ લે. તે ગરીબ માણસે પૈસા લીધા અને પોતાની જરૂરિયાત પૂરી કરી. થોડા સમય પછી તે મિત્રને પૈસા પરત આપવા ગયો. તે મિત્રે કહ્યું, ''પૈસા મારા બેડરૂમમાં ઓશિકા નીચે મૂકી દે. તે ગરીબ માણસે તેમ કર્યું.''

આ રીતે ગરીબ માણસને જ્યારે જરૂર પડે ત્યારે ઓશિકા નીચેથી પૈસા મેળવતા રહ્યો અને પરત આપતી વખતે તે જ રીતે ઓશિકા નીચે મુકતો રહ્યો. કેટલાક સમય પછી તેના મનમાં દુષ્ટ ઈચ્છા જાગૃત થઈ.

તે મિત્રના ઘેર પૈસા પાછા આપવા ગયો. તે મિત્રે રાબેતા મુજબ તેણે ઓશિકા નીચે પૈસા મૂકી દેવા જણાવ્યું. તે ગરીબ માણસ અંદર ગયો. તેણે ઓશિકા નીચે પૈસા મૂકવાને બદલે પોતાની પાસે જ રાખ્યા. અને બહાર આવ્યો. તે મિત્ર પાસે જુઠું બોલ્યો કે તેણે પૈસા ઓશિકા નીચે મુક્યા છે, તે જતો રહ્યો.

કેટલાક દિવસ બાદ તે ગરીબ મિત્રની પત્ની ગંભીર રીતે બીમાર પડી. ડોક્ટરોએ કહ્યું કે તેનું તાત્કાલિક ઓપરેશન કરવું પડશે નહિ તો તે મરી જશે. ગરીબ માણસ તેના મિત્રને ઘેર દોડી ગયો અને એના પર આવી પડેલ આફત વિશે વાત કરી અને પૈસા માંગ્યા. અમીર મિત્રે હંમેશ મુજબ તેને ઓશિકા નીચેથી પૈસા લઈ લેવા જણાવ્યું, ગરીબ માણસ અંદર ગયો અને નિરાશ થઈ શરમથી માથું નીચું કરીને બહાર આવ્યો.

❖❖❖

# લગ્નજીવન અને અહંકાર



નીતા પંકજ કોટેચા

''તું શું સમજે છે, તારા કમાવાથી ઘર ચાલે છે કે તું નહીં કમાય તો ઘર નહીં ચાલે કે'' પ્રભુએ ચિલ્લાઈને માનસી સામે જોઈને કહ્યું...

''નથી જ ચાલતું ને, તારા કમિશનના કામકાજમાં ક્યારેક ૫૦૦૦ મળે અને ક્યારેક ૨૫૦૦૦ મળે.'' કોઈ બાંધેલી આવક છે કે તારી. માનસીએ શાંતિથી જવાબ આપ્યો.

આ જવાબથી પ્રભુ ખૂબ ગુસ્સે ભરાણો અને ઊભો થઈને માનસીને મારવા જ દોડ્યો... ક્યારથી શાંતિથી જવાબ આપતી માનસી એકદમ ગુસ્સામાં ઊભી થઈ અને કહ્યું, ''જો પ્રભુ, જ્યારથી આપણાં લગ્ન થયાં છે ત્યારથી તારી રાડારાડી સાંભળતી આવી છું. ઘર મારાથી ચાલે છે એ કબૂલ કરી લે અને જો મારા પર વધારે હક્ક દેખાડવો હોય તો કમાવા લાગ.'' અને ઊભી થઈને માનસી બીજી રૂમમાં ચાલી ગઈ.

પ્રભુ પણ માનસીનું આ રૂપ જોઈને સ્તબ્ધ થઈ ગયો. એણે ક્યારેય માનસીને ગુસ્સે થતા જોઈ ન હતી. હંમેશાં જ્યારે જ્યારે એનો અહમ્ ઘવાતો ત્યારે ત્યારે એ આમ જ હિંસક થઈ જતો, પણ માનસીએ ક્યારેય એક હરફ નહોતો ઉચ્ચાર્યો. જ્યારે કે માનસી મહિનાના ૨૫૦૦૦ કમાતી હતી.

માનસી અને પ્રભુના પ્રેમલગ્ન. એક જ કૉલોનીમાં સાથે રહેવાથી માનસી રોજ પ્રભુને જોતી. એને એ ગમી ગયો. મમ્મી-પપ્પાએ કેટલી ના પાડી કે તારા કરતાં એનું ભણતર ઓછું છે. હમણાં તને નહીં ખબર પડે, પણ આગળ જતા બધી વાતમાં વાંધા પડશે... પણ માનસી ન જ માની અને આખરે એક દિવસ પ્રભુ સાથે ભાગીને લગ્ન કરી લીધાં.

છેલ્લા પાંચ વર્ષથી ઘરમાં રોજની આ જ રામાયણ ચાલતી હતી.

માનસી પણ વિચારોમાં ડૂબેલી હતી. એનું મગજ પણ શાંત ન હતું. એ પણ એ જ વિચારતી હતી કે કેટલું ખોટું પગલું ભરી લીધું હતું એણે. જિંદગીની કેટલી મોટી ભૂલ કે જે સુધારી પણ ન શકાય. મમ્મી-પપ્પાનું માનીને થોડું વિચાર્યું હોત તો કેટલું સારું થાત, પણ કદાચ આ જ કર્મમાં લખ્યું હતું એમ વિચારીને એણે આટલાં વર્ષો ખેંચી કાઢ્યાં હતાં, પણ આજે તો પ્રભુએ હદ જ વટાવી નાખી હતી. એ વિચારતી હતી કે આજે એ મારવા દોડ્યો છે, કાલે એ હિંસક બનીને મારશે પણ ખરો. એને પ્રભુથી ડર લાગવા લાગ્યો હતો. એ કાંઈ પણ બોલ્યા વગર અને જમ્યા વગર સૂઈ ગઈ હતી.

બીજા દિવસની સવાર પડી. માનસીએ પોતા માટે ડબ્બો ન બનાવ્યો અને પ્રભુ માટે પણ કાંઈ ન બનાવ્યું. એક નાની બૅગ હાથમાં હતી એની ઑફિસની અને એ કંઈ પણ બોલ્યા વગર ઘરની બહાર નીકળી ગઈ. પ્રભુમાં પણ હિંમત ન હતી કે એ કંઈ પૂછી શકે.

વધારે પડતા દિવસો પ્રભુ ઘરમાં જ રહેતો. બાળકો માનસીને પાંચ વર્ષ નહોતાં કરવાં. એટલે એ ઘરે એકલો બેઠો રહેતો... એ આખા દિવસનો ગુસ્સો સાંજે માનસી પર કાઢતો... અને આ જ એનો ક્રમ હતો. બપોરના બે વાગવા આવ્યા હતા. ત્યાં બેલ વાગી પ્રભુને બહુ આશ્ચર્ય થયું કે આ સમયે કોણ આવ્યું ? દરવાજો ખોલીને જોયું તો માનસીના ઑફિસનો માણસ હતો. એણે એક કવર આપ્યું અને કહ્યું ''મેડમને દિયા હૈ.''

પ્રભુ એક મિનિટ માટે પોતાનો ધબકાર જાણે ચૂકી ગયો... એ પોતે ડરી ગયો કે આમાં શું લખ્યું હશે ? પ્રભુએ દરવાજો બંધ કરીને કવર ખોલ્યું... એમાં લખ્યું હતું કે,

પ્રિ પ્રભુ,

તું મને હંમેશાં પ્રિય હતો અને રહીશ, પણ તું વધારે કમાતો ન હતો એમાં પણ તે મારી ભૂલ કાઢી... મને એમ થતું કે હશે, જવા દે. એકલા રહીને તને ગુસ્સો આવતો હશે. એટલે હું ચલાવતી હતી બધું, પણ કાલે તું મારવા દોડ્યો. પ્રભુ હું તારી પત્ની છું, તારી ગુલામ નથી. મારે પણ સ્વમાન છે પ્રભુ. મારું ભણતર તારા કરતાં વધારે છે, પણ તોય મને એમ થયું કે ભણતરથી શું ? લગ્નજીવન એકબીજાની સમજ પર ટકે છે, પણ તે સાબિત કરી આપ્યું કે ભણતરને લીધે વિચારોમાં ફરક પડી જાય. ચાલ જવા દે બધી વાતો, આપણો સાથ અહીંયાં સુધીનો જ હશે કદાચ. હવે હું પાછી ઘરે નહીં આવું. મેં કબાટમાં ૨૦,૦૦૦ રૂપિયા રાખ્યા છે જે તને કામ લાગશે. મને ખબર છે, એમાં પણ તારો અહમ્ તને નડશે, પણ પૈસા વગર ઘર નથી ચાલતું, એટલે એ રાખી લેજે.

બસ આટલું લખી ને માનસીએ પત્ર પૂરો કર્યો હતો અને પ્રભુ માથું પકડીને બેસી ગયો કે હવે ઘર કેવી રીતે ચાલશે અને રોજ સાંજ પડે એ કોના પર પોતાનો ગુસ્સો કાઢશે...

❖❖❖

# ઓઢ્યું મે તારા નામનું આસમાન

**પાયલ શાહ**

રોમા અને બિનોય દિલ્હીથી મુંબઈ આવ્યા હતા. બિનોય કોમ્પ્યુટર ઈજિનિયર હતો. રોમા દિલ્હીમાં કૉલેજમાં પ્રોફેસરની નોકરી કરતી હતી. બિનોયનું 'ટ્રાન્સફર' મુંબઈમાં થયું હતું, એટલે બન્ને જણાં કંપનીના બંગલામાં રહેવા આવી ગયા. રોમાને પણ મુંબઈની નામાંકિત કૉલેજમાં સારી નોકરી મળી. બસ મજાથી જિંદગી આગળ વધતી હતી.

રોમા અને બિનોય આખો દિવસ પોતાનાં કામમાં રચ્યા પચ્યાં રહેતા પણ દરેક સાંજ એકબીજાના નામની રહેતી. મુંબઈ બંને માટે નવું શહેર હતું એટલે દરેક સાંજ કોઈને કોઈ નવી જગ્યાએ રખડવા ઉપડી જતાં. સવારના રોમાને કૉલેજ જલ્દી પહોંચવું પડતું. રોમા સવારનો નાસ્તો, બપોરનું લંચ, ટિફિન તૈયાર કરતી પછી એ જ... ભીડભાડવાળી ટ્રેનમાં રોજ આવવું, જવું થાકી જતી એ આવી જિંદગીથી ક્યારેક નોકરી છોડી દેવાનું પણ વિચારતી પછી મોટો સવાલ એ થતો કે શું કરીશ આખો દિવસ ઘરમાં ?

ક્યારેક સવારનાં રોમાના કૉલેજ જવાના સમયે જ બિનોયના શર્ટનું બટન તૂટી જતું તો પણ રોમાને સોય-દોરો લેવાનો સમય સુદ્ધા ન મળતો. બિનોય ક્યારેક ચિડાઈ પણ જતો પણ થોડી વાર પછી તેને ખ્યાલ આવતો કે ક્યાં ક્યાં પહોંચે રોમા લંચ બનાવે, ટિફિન તૈયાર કરે કે પોતે તૈયાર થાય ? તે હંમેશા બિનોયને કહેતી ક્યારેક તો મને થોડી મદદ કરાવ પણ... બિનોય જેનું નામ રોજ તેનાથી મોડું જ ઉઠાતું, ઉતાવળમાં તૈયાર થતો પછી ક્યાંથી મદદ કરાવવાનો સવાલ ઉઠતો ? છતાં પણ બંને વચ્ચેની સમજદારીને લીધે વાતનું વતેસર ક્યારેય થતું જ નહીં.

આજની સાંજ કાંઈ અલગ જ હતી. બિનોયની સાથે એક છોકરી ઘરે આવી ચડી. રોમાને લાગ્યું એની સાથે કામ કરતી હશે



કે પછી કોઈ નવી મિત્ર હશે ? શું ખબર ? આ બિનોય પણ ને...ઉભો ઉભો હસ્યા કરે છે બોલતો નથી કાંઈ, ત્યાં જ બિનોયે કહ્યું, ''મેડમ જી હવે તમારી છુટ્ટી. આ હવે આપણી સાથે રહેશે'' રોમાના પગ નીચેથી ધરતી સરકવા લાગી. આ છોકરીને બિનોય ઘરમાં રાખવાનો છે કેમ ? ત્યાં જ બિનોય ખડખડાટ હસીને બોલ્યો, ''અરે યાર... આ છોકરી નથી લેડી રોબો છે. કંપનીમાંથી ટ્રાયલ પર લાવ્યો છું. ઘરમાં જ રાખવાની છે. તેને પ્રોગ્રામ કરી દેશું. તારે હવે કાંઈ કામ નથી કરવાનું તો ખુશ છો ને મેડમ ?''

આ વાત સાંભળીને રોમાને થોડી નવાઈ લાગી. તે ધ્યાનથી લેડી રોબોને જોઈ રહી હતી. હુબહૂ છોકરી જ જોઈ લ્યો ગોરી, ચમકીલી આંખો, ખભા સુધીના ઝુલતા વાળ, ૫'-૪'' ઉંચાઈ. જુઓ તો જોતાં જ રહી જાવ એવી હતી આ 'લેડી' પણ રોબોટ રોમાને હસતી જોઈ બિનોયે પૂછ્યું, ''શું થયું ? સાચે જ રોબો છે આ...'' રોમાએ કહ્યું, ''આ લેડી રોબોનું નામ છે કે નહીં કાંઈ... ?'' બિનોયે કહ્યું, ''ના, નામ તો નથી પણ ચાલ આપણે ફઈબા બનીને કાંઈ નામ રાખીએ. અચ્છા બોલ રોબી નામ કેવું છે ? રોમા અને બિનોય પરથી રોબી.'' રોમાને નામ અને લેડી રોબો બંને ગમી ગયાં.

બિનોયે હવે રોબીને પ્રોગ્રામ કરવાનું શરૂ કર્યું. સવારના નાસ્તાથી લઈને બંગલાની સફાઈ સુધીનું બધું કામ રોબી કરવા લાગી રોમાને હાશ થઈ ગઈ હતી. તે નિરાંતે ઉઠતી, છાપું વાંચતી, નાસ્તો કરતી ને બિનોય સાથે તડાકા પણ મારતી હતી. સાંજના કૉલેજમાંથી આવી હરવું-ફરવું બસ આરામ જ આરામ. રોબી ખાસ કાંઈ વાતો નહોતી કરતી. તેના પ્રોગ્રામિંગ મુજબ તે કામ કરતી અને રોમા કે બિનોયની વાતોનો જવાબ દેતી બિનોય હવે રોમાથી વધારે રોબીને બોલાવ્યા કરતો. રોમા ક્યારેક ગુસ્સો પણ કરતી કે, ''બિનોય, તું શું આખો દિવસ રોબી રોબી કર્યા કરે છે ?'' એક દિવસ બિનોયના શર્ટનું બટન તૂટી ગયું. રોમાએ જોયું તો તરત જ સોય-દોરો લઈને દોડી પણ તેટલીવારમાં રોબી એ બટન લગાવી પણ આપ્યું હતું.

રોમાને હવે ચીડ ચડવા માંડી હતી. બિનોય એકદમ ખુશ હતો. તેને રોબીની આદત પડવા માંડી હતી તેવું રોમાને લાગ્યા કરતું. ક્યારેય તો તે રોમાને પણ રોબી કહીને બોલાવતો ત્યારે રોમા ચિડાઈ જતી

ને કહેતી બિનોય હું રોબો નથી મને દુઃખ થાય છે, ગુસ્સો ચડે છે તારી આવી વાત પર પણ બિનોય રોમાને મનાવી લેતો. કાન પકડીને ભૂલ પણ માની લેતો ને રોમા ચૂપ થઈ જતી.

ક્યારેક રોમાને થતું મુંબઈમાં કેટલો ત્રાસ છે કામવાળા ક્યાં મળે છે ? જ્યારે રોબી વગર પૈસે અને વગર દલીલે આટલું કામ કરી આપે છે તો હું કેમ ચિડાઉં છું ? મુંબઈનાં એક તો કામવાળા માણસોની તાણ... પાછા અમે બન્ને આખો દિવસ ઘરમાં નહી. જો કામવાળી બાઈને ઘરમાં રાખીને જઈશ તો મને ચિંતા થયા જ કરશે એનાં કરતાં રોબી શું ખોટી છે ? સવારે બિનોયને નાસ્તામાં બ્રેડ બટર, કોર્નફ્લેક્સને બદલે હવે અલગ અગલ નાસ્તા મળવા લાગ્યા હતા. રોબી સાંજના જમવાનું પણ એટલું સરસ બનાવતી કે વાત ના પૂછો ! રોમા સાંજના જમવાનું હલ્કું અને જલદી બની શકે તેવું બનાવતી ખિચડી, શાક-પરોઠા, દાળ-ભાત. જ્યારે રોબી તો મિનિટોમાં જે ખાવું હોય તે હાજર કરી દેતી. તેની માટે ઈટાલિયન, મેક્સિકન બધું જ બનાવવું તદ્દન રમત વાત હતી. બસ યાર ખાવું, પીવું, મજ્જાની લાઈફ આનાથી વધારે શુ જોઈએ એમ વિચારીને બિનોય તો ખુશ રહેતો.

રોમાની ફરિયાદો વધવા માંડી હતી. બહુ થઈ ટ્રાયલ તારા આ 'સેમ્પલ' ને પાછું કંપનીમાં આપી આવ. પણ બિનોયને આ વાત મંજૂર નહોતી. રોમાને રોબી પર ગુસ્સો આવવા માંડ્યો હતો; કદાચ તેની ઈર્ષ્યા થવા માંડી હતી. કાંઈ પણ કારણ નહોતું છતાં પણ... અને બિનોય... તે તો સાતમા આસમાનમાં ઉડતો હતો. તેની સાથે કોઈ પણ વાત કરવાનો મતલબ જ ન્હોતો. રોમાએ નિર્ણય લીધો થોડા દિવસ બિનોય અને ઘરથી દૂર રહેવાનો. બિનોયને પત્ર લખી ને પોતાનો થોડો સામાન લઈને ઘરેથી નીકળી. બિનોય જ્યારે સાંજના ઘરે આવ્યો ત્યારે રોબીએ કહ્યું, ''રોમા બહાર ગઈ છે, લેટર ડાઈનિંગ ટેબલ પર છે'' બિનોયને નવાઈ પણ લાગીને ગુસ્સો પણ આવ્યો. ગજબ છે સાવ આમ કહ્યા વગર ક્યાંય પણ જવાની જરૂર શું હતી રોમાને ? ચાલો, મેડમ લેટર તો મૂકી ગયાં છે એટલું સારું છે. બિનોયે પત્ર વાંચવાની શરૂઆત કરી.

સ્વીટહાર્ટ બિનોય,

તને કાંઈ પણ કહ્યા વગર જાઉં છું એટલે ગુસ્સે નહીં થતો. તું જો મારી સામે હોત તો મારું જવું મુશ્કેલ થઈ જાત બિનોય. ઘર છોડીને નથી જતી પણ થોડા દિવસ પુના બાપુજીના આશ્રમમાં જાઉં છું. થોડી હેરાન પરેશાન છું બિનોય ખબર નહીં શું થઈ ગયું છે મને એની ઈર્ષ્યા થાય છે. ગુસ્સો આવે છે એના પર. રોબોટ છે એ ખબર છે મને છતાં પણ... આ બધાં સવાલોનો જવાબ નહીં પૂછતો મને, કદાચ હું પણ આ જ શોધવા જાઉં છું કે પછી હું ક્યાંક ખોવાઈ ગઈ છું બિનોય. મને પોતાને જ શોધવા દે. મને એ વાતની પણ ખબર છે રોબીથી મને કાંઈ હેરાનગતિ નથી કે નથી કોઈ દુઃખ. આપણી સાથે રાખવાનો નિર્ણય પણ આપણો હતો. આપણા બન્નેનો. મને આ બધું વિચિત્ર લાગે છે.

પુનામાં છું એ સાંભળીને દોડી નહીં આવતો મને મારી જાત સાથે રહેવું છે મને થોડા દિવસ. જ્યારથી આંખો ખોલી, આશ્રમમાં મા-બાપના રૂપમાં બાપુજીને જોયા પછી, માથેરાનમાં કૉલેજ પિકનિકમાં આપણે મળ્યા. બસ, પછી તું જ મારી જિંદગી બની ગયો. તારી જિંદગીમાં મારા સિવાય પણ કોઈ હોય શકે એ વાત જ મારી માટે અસહ્ય થઈ ગઈ કદાચ એટલે જ હું રોબીને અપનાવી નથી શકતી. લાંબો પત્ર થઈ ગયો નહીં ? ખબર છે તેને ક્યાં પત્ર વાંચવા જ ગમે છે પણ તુ ચિંતા ન કરે એટલે લખ્યું છે. થોડો દિવસમાં આવી જઈશ ચોક્કસ.

બાય... રોમા.

રોમાને શું ખબર કે પાછલા એક કલાકમાં બિનોયે ચાર વાર પત્રને વાંચી લીધો હતો. મેં આવું તો નહોતું વિચાર્યું. રોબીને હું અમારા બંનેની સગવડ માટે લાગ્યો પણ રોબી જ અમારા બન્નેની વચ્ચે... કાંઈ સમજમાં નથી આવતું બિનોય વિચારતો રહ્યો. હવે બિનોયના દિવસ સૂના સૂના ઊગતાં અને સાવ નીરવપણે ઢળી જતાં. આજે રોબીએ બિનોય માટે પાસ્તા બનાવ્યાં હતાં પણ એને જમવાનું પણ સાવ ફિક્કુ લાગતું હતું. હવે એ સવારે ઑફિસ જતો તો રોમાના અવાજ માટે તરસી જતો પણ ઘરમાં સાવ સન્નાટો જ છવાયેલો રહેતો. બિનોય જ્યારે સાંજે ઘરે આવતો ત્યારે રોમાના સુંદર અવાજે 'જય જગદીશ હરે' મંત્રમુગ્ધ થઈ સાંભળતો. સાંજના ઑફિસેથી આવતાવેંત બિનોય ઑફિસની બેગ ક્યાંક મૂકતો તો બૂટ વળી પલંગ પાસે ઉતારતો મોજાં સોફા પર મૂકતો આ જોઈને રોમા આખું ઘર માથે ઉઠાવી લેતી, પણ આવી તકરારોમાં પણ આનંદ હતો. બન્નેના અવાજો બિનોયના કાનમાં ગૂંજવા લાગ્યા. બિનોયે કાન પર હાથ મૂકી દીધા હવે તો કોઈ પણ વસ્તુ જેમતેમ પડી હોય તો રોબી ઉપાડીને જગ્યા પર મૂકી દેતી. બંગલાના બાગમાં રોબી અને રોમા બંને છોડને પાણી પિવડાવતાં હવે એ બગીચો પણ સાવ સૂનો પડ્યો હતો રોમા વગર.

બિનોયને થતું રોમા શું શોધવા ગઈ છે ? પોતાને ? એ તો મારામાં સમાયેલી છે. એના વગર તો હું મારી જાત ને દેખાતો પણ

નથી... ત્યાં રોમા પણ બેચેન, હારેલી, થાકેલી, પોતાના પર જ ગુસ્સો, આવા મૂડમાં હતી. ચાર-પાંચ દિવસથી બાપુજી રોમાને આવી હાલતમાં જોતા. એક દિવસ બાપુજીએ રોમાને શાંત પાડતા કહ્યું, ''દિકરી, મન બહુ અશાંત થઈ ગયું હોય ને ત્યારે આપણા વિચારો પાછળ દોડવાનું શરૂ કરીશ ને તો મંજિલ વગરનો રસ્તો જ દેખાશે એ આવી હાલતમાં જો તારા વિચારો પાછળ દોડીશ તો પરિણામ સારું નહીં આવે ને તું વધારે મુશ્કેલીમાં પડીશ. તું બિનોય સાથે ઝઘડીને આવી છો કે બીજી વાત છે એ મને નથી જાણવું પણ અશાંત મન સાથે કોઈપણ નિર્ણય નહીં લેવાનો. ચાલ દીકરી, જમવાનો સમય થઈ ગયો છે આવે છે ને બેટા ?''

અચાનક જ રોમાને યાદ આવ્યું કે કાલે તો બિનોયનો જન્મદિવસ છે. તેને બધું ભૂલીને બિનોય પાસે પહોંચવાની ઉતાવળ આવી ગઈ. બાપુજીના આશીર્વાદ લઈને મુંબઈ આવવા નીકળી. હવે બિનોયને કાંઈક 'સરપ્રાઈઝ' આપવું હતું પણ શું ? જ્યારે એ સાંજના ઘરે આવી ત્યારે રોબી કિચનમાં કાંઈ કામ કરતી હતી. બિનોય ઓફિસમાં હતો. રોબીએ જ્યારે દરવાજો ખોલ્યો ત્યારે ના તો તેને આશ્ચર્ય થયું ના તો કોઈ જાતની ખુશી. રોમા હસી પડી અરે ! આ તો રોબોટ છે એને આવો બધો ખ્યાલ કેવી રીતે આવે ? હવે રોમાએ બંગલાને દીવા અને ફૂલોથી સજાવવાનું શરૂ કર્યું. બિનોયને દીવા અને ફુલોના રંગ એટલા ગમતા કે બસ... એ એમાં ખોવાઈ જતો. બિનોય જ્યારે ઘરે આવ્યો ત્યારે ખુશીથી બૂમો મારવા લાગ્યો, ''થેંક્સ રોમા, ક્યાં છે તું યાર ?'' રોમા ડાઈનિંગ ટેબલ પાસે ઊભી ઊભી બિનોયને અપલક નયને નિરખ્યા કરતી હતી. બિનોયે રોમાનો હાથ પકડતાં કહ્યું, ''આ બધુ માત્ર મારી રોમા જ કરી શકે'' હવે બન્ને વચ્ચે કોઈ ફરિયાદ નહોતી બસ પ્રેમ જ પ્રેમ હતો.

હજી પણ બિનોય અને રોમાની સાથે રોબી પણ છે હા, તેનું કામ બદલાઈ ગયું છે. રોમાએ બાળકો માટે પ્લેગ્રુપ શરૂ કર્યું છે. રોબી ત્યાં એસ્ટ્રોનોટ છે. તે બાળકોને ગ્રહ તારા તેનું જ્ઞાન આપે છે. બાળકોને રોબી એટલી ગમી ગઈ છે કે રોબી... રોબી કરતાં થાકતાં નથી. રોબી આખો દિવસ રોમા બિનોયને બાળકોને હસતાં જોઈ હસવાનું શીખી ગઈ છે. છે ને પ્રેમનો જાદુ !

❖❖❖

# લાકડાની પેટી

**ડૉ. આઈ. કે. વીજળીવાળા**

પૂર્વના દેશની આ વાત છે. એક ખેડૂત ખૂબ જ ઘરડો થઈ ગયો હતો. હવે એનાથી કામ થઈ શકતું નહોતું એટલે એ ખેતરના શેઢે બેસી રહેતો. એના એકના એક યુવાન દીકરાએ ખેતીનું સંપૂર્ણ કામ સંભાળી લીધેલું. પણ સ્વભાવે બેદરકાર હોવાને લીધે દીકરો કંઈક ને કંઈક ભૂલો કર્યા જ કરતો. આખી જિંદગી ખંતથી ખેડેલા અને પોતાના જીવની જેમ સાચવેલા ખેતરની સંભાળમાં આવતી જરા પણ કચાશ ખેડૂત સહન કરી શકતો નહીં. એટલે શેઢે બેઠો બેઠો એ શિખામણ આપ્યા કરતો. દીકરાને ભૂલો બતાવીને ટોક્યા કરતો. યુવાન લોહી હોય ત્યારે ઘરડાં માબાપની સલાહ કડવીઝેર જેવી લાગતી હોય છે. ખેડૂતના દીકરાથી પણ બાપાની ટકટક સહન કરવાનું દિન-પ્રતિદન મુશ્કેલ બનતું જતું હતું. એક દિવસ જ્યારે એની સહનશક્તિની હદ આવી ગઈ ત્યારે એણે ઘરમાં સાગનું



લાકડું પડ્યું હતું તેમાંથી શબ્દપેટીના આકારની પેટી બનાવી કાઢી. મિજાગરાં લગાવીને બારણું બરાબર થયું એટલે એણે બાપાને કહ્યું કે, 'બાપા ! આ પેટીમાં સૂઈ જાવ !'

એક પણ શબ્દ બોલ્યા વિના બાપા એમાં સૂઈ ગયા. દીકરાએ પેટી બંધ કરી. પછી ગાડામાં નાખીને ખેતરના શેઢા નજીકની ખીણમાં ફેંકવા લઈ ગયો. ખીણના કાંઠે પહોંચ્યો. પેટી ઊંચકીને નાખવા જાય છે એ પહેલાં અંદરથી ટકોરા સંભળાયા. પિતાની કંઈક છેલ્લી ઈચ્છા હશે એમ માની એણે પેટી નીચે મૂકીને ખોલી. પેલો વૃદ્ધ બાપ અંદર શાંતિથી સૂતો હતો.

'શું છે ?' દીકરાએ ભારોભાર ચીડ સાથે પૂછ્યું.

'બેટા, હું જાણું છું કે તું મને ખીણમાં ફેંકી દેવા માંગે છે. મને એની સામે કોઈ વાંધો પણ નથી. મારી જિંદગી તો આમ પણ પૂરી જ થઈ ગઈ છે. પણ એક વિનંતી કરું તો તું માનીશ ?'

'જલદી બોલો. શું છે ?'

'મને જરૂર ફેંકી દે, પણ લાકડાની આ પેટી સાચવજે. તારા બાળકોને પણ એ કામ લાગશે !' એટલું કહી એ દાદા શાંતિથી પાછા પેટીમાં સૂઈ ગયા. દીકરો સ્તબ્ધ બનીને દૂર ખેતરમાં રમતાં રમતાં આ બધો ખેલ નિહાળી રહેલા પોતના દીકરાને જોઈ રહ્યો !... ❖❖❖

# સ્વામી કોણ ? ગુલામ કોણ ?

**રાધેશ્યામ શર્મા**

**બા**પ મરવા પડ્યો. આંખો મીંચેલી છે, પણ એ ઘડીએ ઘડીએ પાંપણોના પરદા હાલી ઊઠે છે.

તબડક તબડક ઘોડાની ખરીઓના પથરાળ ભોંય પર ખડખડ ખડખડ અવાજ...

'મારા મોટાને બોલાવો.' વૃદ્ધની ફરમાયશ.

'બાપા, તમારે ખાટલે તો બેઠો છું', મોટો બોલ્યો.

'તો સાંભળી લે. હું તો હવે અલવિદા કરીને હેંડ્યો.

તારે આપણા નાનાને સાચવી લેવાનો છે. આપણી માલ અને મિલકતમાં સો ઘોડા છે. નાના ભાઈનો ખ્યાલ રાખી એને ભાગ આપી દેજે. બસ આટલું જ કહેવું હતું, આવજે.'

ખાટલાની ઈસ પર જોરુકો હાથ પછડાયો ને હથેળી ખુલ્લી થઈ ગઈ.

રોક્કળ થઈ. મોટો મોટેથી રડતો હતો. નાનો તો દોસ્તો સાથે રમતો હતો. રોવું કે હસવું એની અવઢવમાં ઉંબરા પર ઊભો રહ્યો.

થોડા કાળ પછી પાડોશના માણસોની સમક્ષ મોટા પુત્રે ભાગ પાડ્યા.

પિતાના સો ઘોડામાંથી નવાણું ઊંચી ઓલાદના અશ્વો પોતે તારવી લીધા અને ફક્ત એક નબળા ટાયડા જેવો ઘોડો નાના ભાઈને ભાગમાં દીધો !

શાણા માણસો હતા એમણે મોટાને ટપાર્યો : આવો અન્યાય. તેં સરખેસરખો હિસ્સો કરવાને બદલે નાનાને એક જ દૂબળો ઘોડો આપ્યો ને તે...

તયેં મોટો બોલ્યો : નાનો હજી ક્યાં મોટો થઈ ગયો છે. આ એક ઘોડો જ જાળવી લે તોય ઘણું. મારે મોટા તરીકે નવાણું જાતની જવાબદારીઓ એટલે મારે નવાણું ઘોડા જ જોવે. બોલ નાના, તારે એક ઘોડાથી ચાલશે ને ?

નાનાએ મોટિયારોની અક્કલ હોય એમ ડોકું હલાવ્યું. લોક કહે, આપણે શું કરી શકીએ ? નાનાને મોટો સમજાવે છે એમ ડોકી હલાવ્યા કરે છે. નાદાન ક્યાંનો.

નાનો પછી તો યુવાન વયમાં આવ્યો. એને એક જ ઘોડાથી સંતોષ હતો. ખાતરબરદાસ્ત કેવળ એક જ ઘોડાની કરવી પડતી. પાણી પીવડાવવું, ઘાસ નીરવું, નવડાવવું, ધોવડાવવું, ચોકડું ચઢાવવું, પીઠ પર જીન લગાવવું - આ બધું એક જ ઘોડાનું તે જાતે કરી શકતો.

સામે મોટા ભાઈને નવાણું ઘોડાની નોકરી, નવનવ નોકર તહેનાતમાં રાખવા પડતા. આજે આ ઘોડો માંદો તો કાલે બીજો બીમારી.

કો'ક વાર ઘોડા નાસી જતા તો કો'ક વાર ઘોડાની પાછળ નોકર પણ નાસી નીકળતા. જેનો માલિક કંજૂસ હોય એના ચાકર ખરા તાકડે દગો દઈ દે.

મોટાની આ નવાણું ઘોડાના એક સો એક ધક્કાધુક્કીથી ઊંઘ હરામ થઈ જતી. રાતના ઊજાગરા થાય તે વધારામાં.

પડોશીઓ રાજી થતા એથી મોટો ચિઢાતો, પણ નાનો મોટાની દશા જોઈને દુ:ખી થતો.

ત્યાં એક નવી નવાઈનું જોણું થયું. મોટો નાના પાસે જઈ કહે, ભાઈ, આજે એક માગણી કરવા આવ્યો છું. આશા છે કે તું મને ના નહીં પાડે. તું લોકો જેવો ઈર્ષાળુ નથી અને સમજુ છે.

નાનો ભાઈ, મને કહો તો ખરા. મારી શી જરૂર પડી ?

મોટો : જો, મારી પાસે નવાણું ઘોટા તો છે, પણ તું તારો એક ઘોડો મને આપી દે તો મારી પાસે આપણા બાપાની જેમ પૂરા સો ઘોડા થઈ જાય.

નાનો : એમ કરવાથી શું ?

મોટો : તારા મોટા ભાઈ એવા મારી આબરૂ પણ આપણા પિતા જેટલી ઊંચી થઈ જાય. આપણા ખાનદાનની પ્રતિષ્ઠિત પરંપરાને ચાર ચાંદ લાગી જાય અને મારા વટમાં તારોય વટ પડી જાય. બોલ છે કબૂલ ?

નાનો : તમે માગવા આવો ને હું ના પાડું ? તમે નવાણુંનો બોજો વહી શકો છો તો આ એકનો વધારે નહીં પડે.

વળી મને તો આ એકનો પણ મોહ નથી રહ્યો. ખુશીથી લઈ જાઓ, ભાઈ.

મોટાને બાકીનો એક ઘોડો આપી દઈને નાનો તો હળવો ફૂલ થઈ ગયો.

એની વાતને સમજવાની દૃષ્ટિ જ જુદી હતી. એને એમ લાગતું કે આ એક ઘોડો મોટા ભાઈએ દીધો તો એની ખાતરપરદાશ્ત મારે કરવી પડતી. ઘોડાની મજૂરી મેળવી કમાણી કરવા જતાં ઘોડો આપણો નહીં, પણ આપણે ઘોડાના ચાકર હોઈએ એમ જીવવું પડતું હતું.

હવે હું ઘોડાનો માલિક નથી રહ્યો, પણ મારી જાતનો જ માલિક છું. માણસ, સામાન, વૃદ્ધજનો બધું મારા ખભે ઊંચકીને મારો સ્વતંત્રપણે નિર્વાહ કરીશ.

હું એક અશ્વથી થોડો કંટાળ્યો હતો તો બિચારા મોટા ભાઈની સો અશ્વોના કારણે કેવી હાલત થઈ હશે, પણ એમને એ પસંદ છે - ઘોડાના ગુલામ રહીને પૈસા કમાવાની બાબત.

જ્યારે હવે હું જ મારો ગુલામ અને હું મારો માલિક !

❖❖❖

# એક ચેક પ્રેમનો

✧ યશોદા પલણ

મંજુલા તૈયાર થઈને ઘરની બહાર પગ મૂકે તે પહેલાં જ બહારથી પોસ્ટમેનની બૂમ પડી, ''મંજુબહેન, તમારો રજિસ્ટર્ડ પત્ર છે.''

મંજુલાને આશ્ચર્ય થયું. એના નામનો પત્ર ને તે પણ વળી, ''રજિસ્ટર્ડ ? કાકા, જરા અંદર આવશો ?'' તેણે અંદરથી બૂમ પાડી.

ટેબલ પર કાગળ મૂકી ઊભાં ઊભાં જ સહી કરીને તેણે પત્ર લીધો. કવર પરનું નામ એડ્રેસ તો એનું જ હતું, પણ મોકલનારે પોતાનું નામ ક્યાંય લખ્યું નહોતું.

કવરને તેણે ચીવટપૂર્વક એક બાજુએથી ફાડ્યું. કુતૂહલપૂર્વક અંદરથી પત્ર ખેંચી કાઢ્યો. શાળાએ જવાનું મોડું થતું હતું તો પણ ઘોડીને ભીંતને આધારે ટેકવીને તે ખુરશીમાં બેઠી.

પત્રની ઘડી ઉકેલતા તેનું આશ્ચર્ય બેવડાઈ ગયું. પત્રની સાથે બે લાખનો ચેક બીડેલો હતો. ચેક મુંબઈની બેન્કનો હતો પણ ચેક પર સહી કોની હતી તે તને સમજાયું નહિ.

તેણે ઝડપથી પત્ર વાંચવા માંડ્યો. મારી વહાલી દીકરી મંજુ,

કેમ, વિચારમાં પડી ગઈ ને ? ચેક પરની મારી સહી તું ઉકેલી શકી ન હોય ને કદાચ ઉકેલી શકી હશે તો પણ એ. કે. મર્ચન્ટ નામ તને તદ્દન અપરિચિત લાગ્યું હશે.

યાદ છે ને એ દિવસ ? તું શાળાએ જવા નીકળી હતી. બગલ ઘોડીને સહારે ચાલતાં ચાલતાં અડધે રસ્તે પહોંચી હોઈશ ત્યાં ફૂટપાથ પર એક અજાણ્યા ડોસાને તેં પડેલો જોયો. બીજા બધા એને જોઈને ચાલ્યા જતા હતા પણ તું ત્યાં થોભી. એ ડોસો જીવતો છે મરી નથી ગયો તેની તેં ખાતરી કરી. પછી પાસેની દુકાનમાંથી પાણી મંગાવીને એના મોઢા પર છંટકાવ્યું. બેભાન ડોસો ભાનમાં ન આવ્યો એટલે એને ટેક્સીમાં નખાવીને તું તારે ઘેર લઈ ગઈ. પાડોશીને દવાખાને દોડાવીને તેં ડોક્ટરને ઘેર બોલાવ્યા. ભૂખ ને થાકથી એ ડોસો બેભાન બની ગયો છે એ જાણ્યા પછી પાતળી રાબ બનાવીને ચમચી વડે એના સૂકા ગળામાં તે રાબ ઉતારી. બે કલાકની ચાકરી પછી એ અજાણ્યા ડોસાની આંખો ઉઘડી ત્યારે તારી આંખોમાં એવી ચમક પ્રકટી, જાણે તારું પોતાનું કોઈ સ્વજન મૃત્યુને દ્વારથી પાછું આવ્યું હોય. તારી આંખોની એ ચમક, તારો હસું હસું થતો ચહેરો હું મારી જિંદગીના અંત સુધી નહિ વિસરું.



હં, હવે તું મને ઓળખી ગઈ ને ? હું જ તારો દાસકાકો. પોતાનું અપંગ શરીર, ઘરમાં વૃદ્ધ અંધ મા, ટૂંકી આવક છતાંય તમે મા દીકરીએ મને આગ્રહ કરીને તમારે ત્યાં રોકી રાખ્યો. મેં મારી સાચી ઓળખ તમારાથી છૂપાવી એટલે મારા જેવો અનાથ વૃદ્ધ બહારની દુનિયામાં જઈને રહેશે ક્યાં ? ખાશે શું ? એવી ચિંતાથી તમે મને તમારે ત્યાં જ રહી જવાનો આગ્રહ કર્યો. હું તો ભૂખ્યો માણસ હતો. પ્રેમને લાગણીનો ભૂખ્યો એવો હું પૂરા ત્રણ મહિના તમારે ત્યાં રહી પડ્યો ને પછી એક દિવસ તમારા ઘરમાંથી ભાગી છૂટ્યો. કારણકે મને જીવવાની જડીબુટ્ટી મળી ગઈ હતી.

જીવતરને ટકાવી રાખવા માટે તમે મા દીકરી જે સંઘર્ષ ખેલી રહ્યા હતા તે જોઈને મને મારી જાત પર શરમ આવી. ઈશ્વરે મને બધું જ આપ્યું છે. મારા હાથ, પગ, આંખ, કાન સાબૂત છે. જીવવા માટે જરૂરી પૈસો છે. રહેવા માટે વિશાળ ઘર છે. ત્રણ ત્રણ ફેક્ટરીનો માલિક છું. આ બધો વૈભવ સ્વકમાઈનો છે. વડીલોપાર્જિત નથી.

બે પુત્રો, પુત્રવધૂઓને તેમના સંતાનોથી ભર્યુંભાદર્યું ઘર હતું મારું, પણ જિંદગીની એક મોટી ભૂલ મેં કરી નાખીને એ ભૂલને કારણે મેં મારું કહી શકાય તેવું બધું જ ગુમાવ્યું.

જીવનની અર્ધશતાબ્દિ વટાવ્યા બાદ મને લાગ્યું કે મારે વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવો જોઈએ. ધીમે ધીમે મેં ઑફિસમાં જવાનું ઓછું કરી નાખ્યું. બન્ને દીકરાઓએ ધંધો સોંપી દીધો. ઘરનો વહીવટ વહુઓને આપી દીધો. જે સેવાભાવી સંસ્થાઓ સાથે હું જોડાયેલો હતો તેમના કાર્યોમાં મેં સક્રિય ભાગ લેવા માંડયો.

થોડો સમય બધું બરાબર ચાલ્યું પણ ઘરનું વાતાવરણ બદલાવા માંડ્યું હતું. તેનો ખ્યાલ મને બહુ મોડો આવ્યો. જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે ખબર પડી કે ઘરમાં ફરતા વાંદા જેવી તિરસ્કૃત મારી જિંદગી

થઈ ગઈ હતી. દીકરાઓને મારી સાથે વાત કરતાં કંટાળો આવતો. ધંધાની કોઈ વાત એમની સામે કાઢું તો જવાબ મળતો. ''બાપુજી, તમને એમાં ખબર ન પડે.'' નવરાશની પળોમાં પૌત્ર પૌત્રીઓ સાથે ગપ્પાં લગાવતો બેઠો હોઉં તો વહુઓ એમને એમ કહીને ખેંચી જતી કે એમનો અભ્યાસ બગડે છે. રવિવારે બન્ને દિકરા પોતપોતાના પરિવાર સાથે બહાર ફરવા ચાલ્યા જતા ને હોટેલમાંથી જમીને આવતા. હું જમ્યો કે નહિ તેની ચિંતા કોઈ કરતું નહિ. છેવટે દૂધ સાથે બિસ્કિટ ખાઈને સૂઈ જવાનો વિચાર કરું તો જવાબ મળતો કે દૂધ ખલાસ થઈ ગયું છે.

અંત એક દિવસ હદ આવી ગઈ. બંને દીકરાએ ધંધા માટે મારી પાસે પૈસા માગ્યા. હું જાણતો હતો કે એ પૈસા એમના હાથમાં ચાલ્યા જશે તો મારી હાલત રસ્તા પર રખડતા કૂતરા જેવી થઈ જશે. મેં એમને પૈસા આપવાની ધરાર ના પાડી દીધી. પિતા પુત્રો વચ્ચે બોલાચાલી થઈને નાના દીકરાએ ગુસ્સામાં આવીને મને ધક્કો માર્યો. મારું માથું ભીંત સાથે અફળાયું કપાળમાંથી લોહીની ધાર વછૂટી.

એ વહેતા લોહીની સાથે બીજું પણ ઘણું બધું વહી ગયું. મારી આબરૂ, પ્રતિષ્ઠા, ઘરની માયા, પુત્રો પરનો પ્રેમને જીવતરનો મોહ બધું જ દીકરાએ મારેલા એક ધક્કાની સાથે બહાર ધકેલાઈ ગયું.

મેં એ જ ઘડીએ ઘર છોડી દીધું.

સ્ટેશન પર પહોંચીને જે પહેલા ગાડી મળી તેમાં બેસી ગયો. મારું નસીબ મને તારા શહેરમાં ખેંચી લાવ્યું. ગજવામાં જે થોડા ઘણા પૈસા હતા તેનાથી થોડા દિવસ પેટની આગ સંતોષી. પૈસા ખૂટ્યા ત્યારે હમાલી કરવાનો પ્રયત્નો કરી જોયો પણ મારા જેવા બૂઢાને કામ કોણ આપે ? આમ તેમ રખડતાં, ચાર દિવસના ફાફા થયા ને છેવટે ભાન ગુમાવીને રસ્તા પર ઢળી પડ્યો.

તમારે ત્યાં આવ્યા પછી મને જીવનનું મૂલ્ય સમજાયું. ઈશ્વરે આપેલું અણમોલ જીવન ફેંકી દેવા માટે નથી તે સનાતન સત્ય સમજાઈ જતાં હું ઘેર પાછો ફર્યો. મુંબઈ આવીને ધંધાનો વહીવટ મેં ફરી મારા હાથમાં લઈ લીધો. બંને દીકરાને મારી જ ફેક્ટરીમાં ઊંચા પગારે નોકરીમાં રાખી લીધા. હવે એમને દર મહિને પગાર તરીકે ચોક્કસ રકમ મળે છે. એમનું કાર્યક્ષેત્ર પણ મર્યાદિત કરી દીધું છે. એમને રહેવા માટે બંગલાનો ઉપલો માળ આપી દીધો છે. ગ્રાઉન્ડફ્લોર ને પહેલો માળ મારા કબજામાં છે.

મંજુ દીકરી, બંને કાખમાં ઘોડી દબાવીને દાદર ચડ ઉતર કરવામાં ઘણી તકલીફ પડે છે ને ? મેં તારા જ શહેરમાં તમારે માટે મકાન ખરીદી લીધું છે. એકાદ બે દિવસમાં એની માલિકીનો દસ્તાવેજ તને ઘેર બેઠા મળી જશે. તારે નોકરી કરવી ન પડે એટલા માટે બે લાખનો ચેક મોકલું છું. તારી બાની દવા કરાવજે ને એમની ચાકરી કરજે. અહીંનું મારું બધું કામ વ્યવસ્થિત રીતે ચાલવા માંડે ત્યાર બાદ હું તમને મળવા માટે આવીશ. જલદી જ આવીશ ને તારા હાથની રસોઈ જમીશ. મારી રાહ જોજો.

લિ. તારા દાસકાકાના આશીર્વાદ

અશ્રુપૂર્ણ આંખે મંજુએ પત્રને ચૂમી લીધો. મનોમન બોલી, દાસકાકા, તમારો ચેક હું ક્યારેય નહિ વટાવું. આ ચેક તો પ્રેમનો ચેક છે. પ્રેમનો ચેકને તે વટાવાતો હશે ? પ્રેમના ચેકને વટાવું તો હું સાવ ખાલીખમ ન થઈ જાઉં ?

❖❖❖

## મને તમારી આદત નથી !

**ઉર્વશી પારેખ**

એકદમ, મને જ શોધતાં શોધતાં દુ:ખો મારા દરવાજે આવ્યાં;

મેં કહ્યું, 'તમે આવો, મને કાંઈ વાંધો નથી, પણ તમને આપવા માટે મારી પાસે કાંઈ જ નથી.'

મેં ખુલાસો કરતાં કહ્યું, 'તમારા પહેલાં, તમારા ઘણા મિત્રો આવી ગયા- વિશ્વાસઘાત, નિ:શ્વાસો, આંસુઓ.

આ સાંભળી થોડાંક દુ:ખો દરવાજામાંથી પાછાં વળી ગયાં અને થોડાંક દુ:ખો આગંતુક પ્રમાણે ઘરમાં પ્રવેશ્યાં.

મારા અનાતિથ્ય વડે દુ:ખોને મૂંઝવણ થઈ. વાતાવરણ અનુકૂળ નથી જાણી, ધીમે ધીમે વિદાય થઈ ગયાં.

દૂરથી આ બધું જોઈ રહ્યાં હતાં થોડાંક સુખો અને 'આ ઘરમાં જવા માટે કાંઈ વાંધો નથી' એમ એકબીજાંને કહેતાં હતાં.

'ઠક, ઠક' ફરી દરવાજા પર અવાજ આવ્યો.

દરવાજે આટલાં સુખોને એકસાથે જોઈને મને મૂંઝવણ થઈ આવી.

મને શંકા થઈ, 'મને શોધવાનું કંઈ કારણ ?'

સુખોએ કહ્યું, 'હમણાં જ દુ:ખોને જતાં જોઈ અમે તમારે દરવાજે આવ્યાં છીએ અને હવે અહીં જ રહેવું છે એમ નક્કી કરીને આવ્યાં છીએ.'

મેં, મને જ સંભળાવતાં કહ્યું,

'તમે આવો તેનો મને વાંધો નથી, પણ તમે એકએક કરીને ધીમે ધીમે આવજો. કારણ, મને તમારી આદત નથી ! મને તમારી આદત નથી !'

(સાભાર)

# એનો ભાર કેવો ?

**ડૉ. શરદ ઠાકર**

**સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધાં અમે,**
**અમને નમાવવા હોય તો ફૂલોનો ભાર દે.**

એ વખતે આટલી જ ધૂળ હતી, રસ્તામાં ?

આથીયે વધારે. આખો રસ્તો જ ધૂળિયો હોય પછી ? ચાલતાં ચાલતાં આખો પગ જ ઊતરી જાય અંદર-શેકાતી ભઠ્ઠીમાં.

બસ

નહોતી ?

ના.

સુરજ આજના જેટલો આકરો નહિ હોય.

આથીયે વધુ તેજ. આકાશમાંથી લૂ વરસે. ને પગની નીચે ભઠ્ઠી સળગે.

રોજ સાત-સાત માઈલ આવામાં ચાલવાનું ?

સાત નહીં, ચૌદ. સાત માઈલ જવાના અને સાત આવવાના.

થાકી જતા હશો નહીં ?

થાક ? જરાય નહીં ને !

કેમ ?

આટલા સવાલના જવાબ મળ્યા, પણ આ છેલ્લા કેમ ? નો જવાબ ના મળ્યો. હું ચાલતાં ચાલતાં હાંફતો હતો. બપોરનો એક વાગ્યો હતો. બસ હતી, પણ કનેકશન ચૂકી જવાયું હતું. બાપદાદાનું ગામ હજુ સાત માઈલ દૂર હતું. લગ્ન પ્રસંગે પહોંચી જવું બહુ જરૂરી હતું. કોઈ ખાનગી વાહન મળે એમ નહોતું. ચાલવાનું નામ પડે ત્યાં જ મારા પગમાં લેક્ટિક ઍસિડ જમા થવા માંડે છે. દુનિયાભરના પ્રવાસીઓનો થાક મારા ચરણોમાં આવીને અટકી જાય છે. વાંક મારો નથી, મારા બેઠાડુ જીવનનો છે. બાકી મારા વૃદ્ધ માબાપને થાક કેમ ન લાગ્યો ને મને જ લાગ્યો ? અમે ત્રણેય જણાં ચાલી રહ્યાં છીએ. પંદરેક મિનિટ માંડ થઈ હશે ને હું એમનાથી પાછળ પડી જવા લાગ્યો. તરવૈયા ડૂબતાંને ખેંચે એમ મારા પિતા મારો હાથ ઝાલીને ચાલી રહ્યા હતા.

ચાલતી વખતે સમય કાપવાનું એકમાત્ર સાધન સંવાદ છે. મારાથી તો બોલાય તેમ હતું જ નહીં. એમણે જ વાત કાઢી. તું તો એ વખતે સાવ નાનકો. માંડ પાંચેક વરસનો. પણ ભારે બીમાર રહેતો. શહેરના ડૉક્ટરો દવા કરી કરીને થાક્યા. છેવટે હાથ ઊંચા કરી દીધા આને હવાફેર માટે ગામડે લઈ જાવ. એને દવાફેરની જરૂર નથી. દવામાં તો ઈન્જેકશન લખી આપું છું, એ રોજ મુકાવજો. છોકરાનું સુખ તમારા નસીબમાં લખ્યું હશે તો જીવતો લઈને પાછા આવશો.

બાકી બિચારા ડૉક્ટરને ખબર નથી હોતી કે છોકરો એમના માટે દર્દી હોય છે પણ એક બાપ માટે જિંદગી હોય છે. હું તને મારી જિંદગીને બચાવવા ગામડે આવ્યો. હવા-પાણી ચોખ્ખાં હતાં. આખા ગામની હૂંફ હતી, પણ ઈન્જેકશન આપવા માટે ડૉક્ટર નહોતા. આ આપણે હમણાં ઊતર્યા એ નાનકડા શહેરમાં એક કાચા પાકા ડૉક્ટર હતા. એને પૂછ્યું તો કહે લઈ આવજો રોજ ટેણિયાને મારી પાસે, હું ઈન્જેકશન મૂકી આપીશ. બે રૂપિયા થશે રોજનાં !

પૈસાનો સવાલ નહોતો, મુશ્કેલી હતી આવવા-જવાની. બસ તો એ દિશામાં ફરકતી જ નહોતી. રસ્તો પણ ધૂળિયો કાંટા-ઝાંખરાથી છવાયેલો. સવારે રાતનો ટાઢો રોટલો ખાઈને નીકળી પડું. ખિસ્સામાં ડૉક્ટરને આપવાની ફી હોય, વધુ જોખમ તો રખાય નહીં. લૂંટફાટનો ભય. બધા કહે કિંમતી ચીજવસ્તુ ઘરે મૂકીને જ નીકળવું. હું બબડું-દુનિયામાં સૌથી વધુ કિંમતી ચીજ તો મારા ખભે માથું ઢાળીને સૂતી છે. એને બચાવવા તો આ રોજની ખેપ ખેડું છું. પગમાં ગામડાના મોચીએ સીવેલા ચંપલ, અરધો માઈલ ચાલતા તો પગ દાઝવા માંડે, સૂરજ ભઠ્ઠી જેવો થતો જાય, નીચેની ધૂળ આગ ઓકતી નદી બની જાય. ડૉક્ટરનો સમય સાચવવા થોડું મોડું જ નીકળવું પડે. તું અશક્તિને કારણે લગભગ લાશ જેવો થઈને મારા બાવડે પડ્યો હોય. માથું મારા ખભે ઢળેલું હોય. ક્યારેક તો સહેજ ઢંઢોળીને



ખાતરી કરી જોઉં કે..કે જીવે તો છે ને, મારો લાલ ? આવા સાત માઈલ જવાના અને સાત પાછા આવવાના ! ગળે શોષ પડતો હોય. પણ ક્યાંય થાક ખાવા કે પાણી પીવાયે ઊભા નહીં રહેવાનું !

હું સાંભળી રહ્યો હતો. હાંફતાં હાંફતાં મેં પૂછ્યું, થાકી જતા હશો, નહીં, બાપુજી ?

એ ટટ્ટાર બની ગયા : થાક ? જરાય નહીં ને !

મેં પૂછ્યું કેમ ? બસ, મૌન ! આ કેમ નો કોઈ જવાબ નહીં.

જવાબ મેં વિચારી જોયા. એમની જુવાની મેં પછીથી મોટા થઈને જોયેલી. સુદઢ, સ્નાયુબદ્ધ, કસરતી દેહ, એમની પાસે ધર્મેન્દ્ર સ્ત્રૈણ લાગે. કદાચ એટલે જ થાક નહીં લાગતો હોય. કદાચ એ વખતના અસલી ખોરાક-પાણીને કારણે હશે. કદાચ બીમારીથી કંતાઈને હું જ લાશ જેવો બની ગયો હોઈશ. મારો ભાર જ નહીં લાગતો હોય. આવાં કંઈક કદાચ વિચારી જોયાં, પણ કોણ જાણે કેમ પેલા કેમ ? નો જવાબ ન મળ્યો. મેં પણ પછી તંત છોડી દીધો. જિંદગી એક વિરાટ પ્રશ્નપત્ર છે. એમાં ક્યાં ત્રણ જ કલાકની અવધિ છે ? જવાબ ન મળે એ સવાલ રાખી મૂકવો, ગમે ત્યારે અચાનક, અનાયાસ, મેઘલી રાત્રે થતા વીજળીના ઝબકારાની જેમ જવાબ પણ મળી જશે. હું ચાલતો રહ્યો, થાકથી, ગરમીથી, ધૂળથી હાંફતો હાંફતો પેલા સવાલને મગજના આઈસ-બૉક્સમાં મૂકીને !

હજુ હમણાંની જ વાત છે. રાતનો પોણો વાગ્યો હશે. નાટક હમણાં જ પૂરું થયું. પ્રેક્ષકો એક પછી એક બહાર નીકળવા લાગ્યા. હું પણ નીકળ્યો. મારી સાથે મારો છ-સાડા છ વર્ષનો પુત્ર પણ હતો. બીજા બે વડીલ મિત્રો હતા. બંને પ્રખ્યાત હસ્તીઓ હતી. નાટક જોઈને પછી એને વિષે એમણે અભિપ્રાય આપવાનો હતો. એ અભિપ્રાય પર નાટક ચાલવા દેવું કે અટકાવી દેવું એનો નિર્ણય થવાનો હતો. ધીમે ધીમે લોકો વીખરાઈ ગયા. નાટ્યગૃહ ખાલી ખંડેર જેવું થઈ ગયું. માત્ર નાટકના નિર્માતા, અન્ય કલાકારો અને બે વડિલ મિત્રો જ રહ્યા. નાટક વિષે ચર્ચાઓ ચાલતી હતી. હું ઊભો ઊભો થાક્યો. ક્યાંય બેસવા માટે સ્વચ્છ જગ્યા નહોતી. પગમાં વિશ્વભરના પ્રવાસીનો થાક જમા થવા માંડ્યો હતો. ત્યાં જ એક કોમળ સ્વર મારા કાને અથડાયો, ''પપ્પા, ઊંઘ આવે છે ઊંચકી લ્યો ને !'' મેં આંગળી ઝાલીને ઊભેલા મારા દીકરા સામે જોયું.

એની આંખો ઊંઘરેટી બની ગઈ હતી. એનો વાંક ન હતો. આખા દિવસની દોડધામ અને પછી આ નાટક જોવાનો ઉજાગરો ! એની તમામ શક્તિ નિચોવાઈ ગઈ હતી. અત્યારે હું એનો પપ્પા નહોતો, એના માટે પથારી બની ગયો હતો. મેં વહાલથી એને ઊંચકી લીધો. થોડીક જ ક્ષણોમાં એ મારા ખભા પર માથું ઢાળીને ઘસઘસાટ ઊંઘી ગયો. એનો હૂંફાળો શ્વાસ મારા ગળા પર અથડાતો રહ્યો. પેલા વડીલો વચ્ચે વાતચીત, ચર્ચા-વિચારણા ચાલતાં રહ્યાં. એક, સવા, દોઢ, બે વાગવા આવ્યા. છુટકો નહોતો. પેલા મિત્રો માટે આ ફરજનો એક ભાગ હતો, હું પણ બંધાયેલો હતો. એમની સાથે આવ્યો હતો, સાથે જ જવાનું હતું.

ડૉક્ટર, તમારા દીકરાને ત્યાં બાંકડા પર સુવરાવી દો ને. થાકી જશો. અમને હજુ થોડી વાર લાગશે. એક મિત્રને મારી દયા આવી. હું કંઈ બોલ્યો નહીં. મારી જગ્યાએથી હાલ્યો પણ નહીં. એ બાંકડા પર મારા રાજકુંવરને થોડો સુવડાવાય ? કેટલો ગંદો હતો એ બાંકડો ?

''તમે કંટાળી જશો, મિત્ર, અહીં આ સિમેન્ટના ઓટલા જેવું છે'', ત્યાં એને બીજા મિત્રે બાજુમાં સ્ટેજ જેવું હતું એ બતાવ્યું. હું કંઈ બોલ્યો નહીં. રાત્રે બે વાગ્યે આ સિમેન્ટનો ઓટલો કેટલો ઠંડો હોય છે એ હું જ જાણું. આ લોકો શું જાણે ?

લાવો ડૉક્ટર સાહેબ, તમારા પ્રિન્સને હું ઊંચકી લઉં, તમે થાકી જશો ઊભા રહીને.. નાટકનો મુખ્ય અભિનેતા બોલ્યો. પ્રખ્યાત કલાકાર હતો. મે વિચાર્યું : માણસ ભલો છે, પણ એમ કંઈ મારો દીકરો એને ઊંચકવા માટે થોડો આપી દેવાય છે ? કેટલા ભરોસાથી એ દીકરો મારા ખભે માથુ મૂકીને સૂતો છે ? એ ભરોસાને તોડાય કેવી રીતે ? હું કંઈ બોલ્યો નહીં. માત્ર ઊભો રહ્યો.

છેવટે રાત્રે અઢી વાગ્યે પાર આવ્યો. બધાં વીખરાયાં. મેં ગાડીનો દરવાજો ખોલીને મારા પુત્રને હળવેકથી સીટ પર સૂવાડ્યો. અચાનક હળવા થઈ જવાનો ભાર વર્તાયો. બંને મિત્રો પણ ગાડીમાં ગોઠવાયા.

થાક લાગ્યો હશે, નહીં ડૉક્ટર ? દીકરાને ઊંચકીને લગભગ પોણા બે કલાક સુધી ઊભા રહ્યા. અમે તો ખાલી હાથે ઊભા હતા, તોય થાકી ગયા. એક મિત્રે વાત કાઢી.

મારી જીભ પર અચાનક જ વાક્ય આવી ગયું: થાક ? જરાય નહીં ને ? કેમ ?

કારણકે એ પુત્રનો ભાર હતો ને, માટે ! વીજળીનો કડાકો થયો હોય એવું લાગ્યું. મનનું આકાશ જાણે ચિરાયું. આ જવાબ હતો. મેં એ લોકોને આપેલો જવાબ નહીં, પણ મારા જ પ્રશ્નનો કોઈ અન્ય વ્યક્તિએ આપેલો જવાબ ! કોણ ? કોણ હતી એ અન્ય વ્યક્તિ ? મને યાદ આવ્યું. મારા મગજના કોલ્ડ સ્ટોરેજમાં વરસોથી મેં સંઘરી રાખેલ મારા જ પ્રશ્નનો જવાબ મારા વૃદ્ધ પિતા, મારી જ જીભ પર આવીને આપી રહ્યા હતા : થાક ન લાગે, પિતાને પુત્રનો ભાર ઊંચકતા ક્યારેય થાક ન લાગે.

❖❖❖

# મણકો

**ડો. સ્નેહલ કે. જોશી**

‘‘**આ**વો ભાઈ, બેસો અહીંયા. હું જાણું છું કે ટ્રેન મોડી પડી છે એટલે તમે ચિંતામાં છો...’’મધેપુરા રેલ્વેસ્ટેશનનાં પ્રતીક્ષાલયમાં સિત્તેરેક વર્ષની ઉંમરના એક સજ્જને મને કહ્યું.

વાત જાણે એમ હતી કે મધેપુરા પાસે આવેલી એક નવી સિમેન્ટ ફેક્ટરીમાં કામ અર્થે આવેલો. મધેપુરા એટલે બિહારમાં સાવ આંતરિયાળ પછાત વિસ્તારમાં આવેલું નાના તાલુકાનું મથક. સાવ ગામ જ સમજી લેવાય. ત્યાંથી વીસ કિલોમીટર દૂર આવેલી સિમેન્ટ ફેક્ટરીમાં મિટિંગ પતાવી મારે રાતની એક માત્ર ટ્રેન પકડી અને પટના વહેલી સવાર સુધીમાં પહોંચવાનું હતું. વહેલી સવારે પટનાથી દિલ્હી માટેની ફ્લાઈટ હતી. ફેક્ટરીની કારમાં રાત્રે ૯ વાગે હું સમયસર સ્ટેશન પહોંચી ગયો.



સામાન ખાસ હતો નહીં, માત્ર એક નાની બેગ અને એક લેપટોપ. સ્ટેશન સાવ નાનું અને ત્યાંથી જવાવાળા બહુ ઓછા. એકાદ નાની ચા-નાસ્તાની દુકાન હતી. બે-ચાર આમતેમ ફરતા લોકો અને પ્લેટફોર્મ પર રખડતા બે-ત્રણ શ્વાન. સ્ટેશન-માસ્ટરની ઓફીસે જઈ ટ્રેઈન માટે પુછ-પરછ કરી, તો જાણવા મળ્યું કે ટ્રેન બે કલાક મોડી છે. સ્ટેશન-માસ્તર ભલો હતો, તેણે કહ્યું, બાબુજી, આ બિહાર છે. તમે, ફર્સ્ટક્લાસ પ્રતિક્ષાલય છે, ત્યાં બેસો. ત્યાં પોલીસ પણ છે એટલે તમે આમ-તેમ ફરવાને બદલે ત્યાં જ બેસવાનું રાખજો. હું તેમની સુચના મુજબ વેઈટીંગ રૂમ પહોંચ્યો. વેઈટીંગરૂમ સાવ સાધારણ. જુનું ફર્નીચર, જુના બે અવાજ કરતા પંખા અને એક ઉંમરમાં સિત્તેરેક વર્ષનાં સજ્જન. ખાલી પડેલી એક આરામ-ખુરસી પાસે સમાન મૂકી હું બેઠો. પણ, મોડી પડેલી ટ્રેઈન ને કારણે થોડો વ્યગ્ર ચિત્ત હતો. જો ટ્રેન વધારે મોડી પડી, તો પટના મોડા પહોંચાય અને વહેલી સવારની પાંચ વાગ્યાની ફ્લાઈટ ચુકી જવાય, આવા વિચારમાં, વેઈટીંગરૂમમાં આંટા મારવા માંડયો. પેલા સજ્જને મને જોયો અને સમજી ગયા. મારી સામે હસી ને બોલ્યા, ‘‘આવો, બેસો અહીંયા...’’

હું પણ થોડો સમય પસાર થાય અને વાતો થાય એ ઈરાદાથી તેમની પાસે જઈ ને બેઠો અને પરિચય ની આપ-લે કરી. પેલા સજ્જન અમેરિકા રહેતા હતા અને દિલ્હી જઈ રહ્યા હતા. એમને પણ મારી જેમ પટના પહોંચી, સવારની ફ્લાઈટ પકડવાની હતી.

ચિંતાથી મેં એમને કહ્યું, ‘‘મને લાગે છે કે, સવારની ફ્લાઈટ છૂટી જશે....પકડવી મુશ્કિલ છે....’’

પેલા સજ્જન મારી સામે જોઈ, થોડું હસ્યા અને કહ્યું, ‘‘જિંદગીમાં અત્યાર સુધી કેટલુંય છૂટી ગયું, જિંદગી પણ તો છૂટી રહી છે....એક ફ્લાઈટ છૂટી જશે તો શું થઈ જશે ?’’

એમની આવી ફિલસોફી સાંભળી, મને થોડો ગુસ્સો આવ્યો. મારા થી બોલાઈ ગયું, ‘‘કદાચ તમને ફર્ક ના પડે....મારે તો દિલ્હી પહોંચવાનું છે. બપોરે એક મીટીંગ છે....’’

પેલા સજ્જન કહે, ‘‘કદાચ તમે સાચુ કહો છો... આ દોડતી જિંદગીમાં તમારા જેવા જુવાન માણસની પાસે ક્યાં સમય હોય છે...તમે સમય પકડવા દોડો છો ...ને સમય તો આગળ ભાગતો જાય છે.... આજે સિત્તેર વર્ષની ઉંમરે, આખી જિંદગી દોડ્યા પછી, પાછળ છૂટી ગયેલી જિંદગીને શોધવા મધેપુરા આવ્યો હતો...પણ ખાલી હાથે જઈ રહ્યો છું....’’

એમની આંખોમાં દર્દ હતું...વેદના હતી...હું એમની સામે બેઠો અને કહ્યું, ‘‘માફ કરજો...મારાથી જરા ઊંચા સ્વરમાં બોલાઈ ગયું... તમે મધેપુરાના વાતની છો, કે કામ થી આવ્યા હતા ?

પેલા સજ્જને કહ્યું, ‘‘બેટા, હું ૨૨ વર્ષની ઉંમરે મધેપુરા છોડી, આ જ ટ્રેન થી પટના ગયો હતો. પટના એક વર્ષ રહ્યો...નોકરી કરી...અને અંતે દિલ્હી જતો રહ્યો.... મારે જિંદગીમાં કંઈક કરવું હતું...આગળ વધવું હતું... સપના હતા...અને સપનાને પુરા કરવા દિલ્હી ગયો...’’

‘‘પણ સપનાનો કોઈ અંત હોય છે ? બસ...એક પછી એક... સપનાઓની વણઝાર ... નસીબ સાથ આપતું ગયું....જિંદગી દોડાવતી ગઈ...હું દોડતો ગયો...’’

‘‘હું એટલું બધું દોડી ગયો, કે મારું ગામ, મારા માતા-પિતા, મારા ભાઈ, બહેન...જે

ગામમાં જ રહેતા હતા, એ બધાનો સાથ છૂટી ગયો...મને એ બધા ગમાર લગતા...પછાત લાગતા.... શરુઆત માં એમને પત્રો લખતો, થોડા પૈસા પણ મોકલતો, ક્યારેક આવતો પણ ખરો....પણ મારા સપનાઓ પુરા કરવામાં એવો ખોવાઈ ગયો કે મેં મારો એક સંસાર વસાવી લીધો...અને હું મારા મૂળ, જડ થી અલગ થઇ ગયો.''

''લાખો કમાયો, મોટો બંગલો બાંધ્યો... અમેરિકા જઈ સ્થાયી થયો....ત્યાં મારી પત્ની સાથે રહું છું...એક દીકરો અને એક દીકરી છે....બન્ને અમેરિકા સ્થાયી થઇ ગયા છે...અમારાથી દૂર, અલગ રહે છે...ખુબ સુખી છે... આજે એ પણ એમના સપનાઓ પુરા કરવા દોડી રહ્યા છે..... અઠવાડિયે એકાદવાર એમનો ફોન આવી જાય છે...''

''પણ આજે મને અહેસાસ થાય છે.... જિંદગીની દોડમાં જે મેળવ્યું અને જે ગુમાવ્યું, તેને ત્રાજવામાં તોળવાની હિંમત નથી ચાલતી...''

''મને મારી મા યાદ આવે છે...મારા બાપુ યાદ આવે છે....હું દિલ્હી રહેતો ત્યારે વર્ષે એકાદવાર આવતો એમને મળવા ત્યારે ટ્રેઈન ની રાહ જોઈ ને બંને ઉભા રહેતા....ટ્રેઈન માંથી ઉતરતા જ એમને સામે ઉભેલો જોતો... એમની આંખોમાં મને જોયાનો જે આનંદ થતો , તે કદાચ ત્યારે હું નહોતો સમજી શક્યો...''

''પાછો જતો ત્યારે સ્ટેશન સુધી મુકવા આવતા... મા મને રસ્તામાં જમવાનું ભાથું ભરી આપતી....મારા બાળકો અને પત્નીને ગામ આવવું ગમતું નહી ...પણ એમના માટે મારી મા બેસનના લાડુ બનાવીને મોકલાવતી....ઘરે થી નીકળતો તો મારા માથે હાથ ફેરવીને બસ નિઃશબ્દ આંખે જોતી... મારા બાપુ ને પગે લાગતો ત્યારે, મારો હાથ પકડી, થોડી ક્ષણો ઉભા રહેતા...''

''મને યાદ છે મારી છેલ્લી મુલાકાત... જ્યારે હું એમને છેલ્લે મળેલો....બે દિવસ માટે આવેલો....જયારે નીકળ્યો ત્યારે મને ગામના પાદર સુધી મુકવા આવેલા.... ઘોડાગાડી માં બેસી, હું સ્ટેશન આવવા નીકળ્યો, ત્યારે મને હાથમાં અગિયાર રૂપિયા આપેલા અને મા બોલી હતી, તારી દીકરીને મારા તરફથી આપજે.... ઘોડાગાડીમાં દૂર સુધી ગયા પછી મેં પાછળ વળી ને જોયું, તો બંને ત્યાંજ ઉભા હતા.... બસ એ એમના છેલ્લા દર્શન હતા.....આ પછી,હું એમને ક્યારેય ના જોઈ શક્યો ...''

''જીંદગીની દોડમાં એટલો વ્યસ્ત થઇ ગયો, કે એમને મળવાનો સમય જ ના મળ્યો.... હું અને મારી પત્ની અમેરિકા જઈ ને વસ્યા... ત્યાં હતો ત્યારેજ મારા બાપુનો સ્વર્ગવાસ થયો....એમના ગયા ના ત્રણ દિવસમાં જ મારી મા પણ દેહ છોડી ગઈ..... હું ત્યાંથી આવ્યો પણ, એમને જોઈ ના શક્યો...''

''દિકરા, જિંદગીની દોડમાં સ્વપ્નો, સુખ, પ્રતિષ્ઠા, પદ, પૈસા આ બધું મહત્વનું છે...પણ બધું મેળવી લીધા પછી શું ? હૃદયનો એક ખૂણો ખાલી રહી જાય છે..... જીવનના આ પડાવ પર પહોંચ્યા પછી, એ ખોવાયેલી, ગુમાવેલી ક્ષણો ને મેળવવાની ઈચ્છા થાય છે....પણ સમયનું વહેણ ક્યા પાછું ફરી શકે ?''

''વર્ષે એક વાર આવું છું ....શરીર સ્વસ્થ છે ત્યાં સુધી આવતો રહીશ....ટ્રેઈન માંથી ઉતરું ત્યારે મને આભાસ થાય છે, કે મારી મા અને બાપુ ત્યાં બહાર ઉભા છે...મારી રાહ જોઈ ને.... એમની આંખો..એમની કરુણા....એમની છલકાતી લાગણીનો અહેસાસ કરું છું.... બસ એમનો આભાસ મેળવવા જ આવું છું....ભીની આંખે પાછો નીકળું ત્યારે પાછળ વળીને જોઈ લઉં છું.....ત્યાં દૂર ઝાડ નીચે ઉભા રહી, મને જોતા એ બંને જણાને હું અનુભવું છું.... મને એમનો અહેસાસ થાય છે...''

''જ્યારે માતા-પિતા હોય છે ત્યારે આપણે એમને સહજતા થી લઇએ છે...''ટેકન ફોર ગ્રાન્ટેડ''.... જયારે નથી હોતા ત્યારે શું ગુમાવ્યું જીવનમાં, તેનો અહેસાસ થાય છે...''

''આ જન્મમાં તો મને ફરી એ જોવાં નહી મળે....એમને હું નહીં મળી શકું... નહીં જોઈ શકું...વાતો નહીં કરી શકું....જિંદગીનો સહુથી મોટો અફસોસ આ હોય છે....વ્યક્તિને ગુમાવ્યા પછી થતો અહેસાસ.......

''દીકરા, આપણી પાસે જે છે, એ આ જ ક્ષણ છે... અને આપણે આજની ક્ષણને જીવવાને બદલે કાલની ચિંતામાં જીવ્યા કરીએ .... સબંધો, નજીકના લોકો સાથેની આ ક્ષણને ભરપુર જીવી લેવી...''

''ખબર નથી, કોની સાથેની મુલાકાત જીવનની છેલ્લી મુલાકાત હોય.... આપણી પાસે યાદો ...મીઠી યાદો...લાગણીથી ભરેલી યાદો સિવાય બીજું કશુંજ રહેતું નથી...... ''

''આંખોમાં, હૃદયમાં , યાદો ને ભરપુર ભરી લો.. ''

જીવનમાં ઘટનાઓ, મીઠી યાદો અને વીતેલી અને વિતાવેલી ક્ષણોની યાદ જ સિવાય આપનો ખજાનો છે...સાચવી રાખવા જેવો...કોણ ક્યારે છોડીને જતું રહેશે ક્યાં ખબર ? બસ, એમની યાદ જ તો રહી જાયે છે....

ટ્રેન આવવાની નિશાનીરૂપે પાંચ ડંકા પડ્યા....અને નિઃશબ્દ ...મન ની લાગણીઓના ઝણઝણી ઉઠેલા તારોને સંભાળતો... સામાન લઇ પ્લેટફોર્મ પર આવ્યો......

❖❖❖

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૧૦-૨૦૨૩ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રી ભરતભાઈ ભોગીલાલ શાહ - પાર્લા** | **૧,૦૦,૦૦૦/-** |

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ લોનાવલા સેનેટોરિયમ નુતનીકરણ યોજનામાં**
**તા. ૨૫-૧૦-૨૦૨૩ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રી મહેશભાઈ પોપટલાલ વોરા -મુંબઈ** | **૩,૦૦,૦૦૦/-** |

## સાભાર સ્વીકાર

ભાવભીની શ્રદ્ધાંજલિ પાણશીણા નિવાસી (હાલ - વિલેપારલે) શ્રી ન્યાલચંદભાઈ નાગરદાસ શાહની પ્રથમ વાર્ષિક પુણ્યસ્મૃતિમાં હસ્તે ગં.સ્વ. સુધાબેન (શારદાબેન) ન્યાલચંદ શાહ, અ.સૌ. હીના હિતેષ શાહ

| | | |
|---|---|---|
| આધારસ્તંભ | રૂા. | ૧૧૦૦૦/- |
| પાણી પરબ યોજના | રૂા. | ૫૦૦૦/- |
| નોટબુક વિતરણ યોજના | રૂા. | ૫૦૦૦/- |
| **કુલ** | **રૂા.** | **૨૧૦૦૦/-** |

**ઝાલાવાડી સભા ચે. ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં નોંધાયેલ**
**રૂા. ૩ લાખનું અનુદાન**
**કાનિયાડ નિવાસી (હાલ વિલેપાર્લા)**
**શ્રી ભરતભાઈ ભોગીલાલ શાહ તરફથી**
**નીનાબેન ભરતભાઈ શાહ તથા ચૈતન્ય અને સલોની**

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**
**Office Time : 11.00 A.M. To 7.00 PM । Lunch Time : 1.00 To 2.00 PM**
**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>**9860125136**<br>પંચગીની : નિરવભાઈ<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>**9819956529** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>**9099350644 / 9426756100**<br>મુંબઈ - મિલનભાઈ તુરખિયા<br>**9860125136 / 7208472884** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**



# ફ્લાવરવેલી

**કુન્દનિકા કાપડીઆ**

ફરી એક વાર લોકો જોવા આવવાનાં હતાં. ફરી એક વાર સારાં કપડાં પહેરી, પ્રસાધનો વડે બને તેટલાં સુંદર દેખાવાની કોશિશ કરી, લજ્જા ને વિનયશીલતાનું મહોરું પહેરી બધાંની સામે બેસવાનું હતું. પરીક્ષા થવાની હતી. પ્રશ્નો પુછાવાના હતા. તેને ભયંકર ગુસ્સો આવતો હતો. પણ માબાપની સ્થિતિ જોઈને તે ગુસ્સો ગળી ગઈ. અરીસા સામે તૈયાર થતાં તે વિચારી રહી : આ વખતે બધું પાર ઊતરશે ? કેટલામી વાર તે આ રીતે તૈયાર થતી હતી ! મનમાં જરા પણ સારું નહોતું લાગતું. ઠીક, પોતાની આંખો સુંદર હતી, તો રંગ જરા શ્યામ હતો, નાક જરા બેઠેલું હતું, પણ તેથી શું મનુષ્ય તરીકેની પોતાની કિંમત ઓછી થઈ જતી હતી ? આટલા બધા છોકરાઓ જોવા આવ્યા ને ના પાડીને ગયા; એ બધાને માત્ર ચહેરાની જ જરૂર હતી ? લોહી, માંસ, હાડથી ભરેલી એક જીવંત, ધબકતી, જીવનમાં કંઈ કંઈ કરવાની મહેચ્છા ધરાવતી વ્યક્તિની જરૂર નહોતી ? વાળના સ્થાને વિગ પહેરી શકાય એમ એકાદ સુંદર ચહેરાનું આવરણ જો પહેરી શકાતું હોત તો શું બધાનું જીવન ન્યાલ થઈ જાત ?

'લેખા, તૈયાર થઈ ગઈ ?' મા એ રૂમમાં આવતાં પૂછ્યું. અને જો, પેલી પીળી સાડી પહેરતી નહિ, એમાં તારો શ્યામ રંગ વધારે શ્યામ લાગે છે, બીજી પહેરજે.

લેખાનો દાંતિયો હાથમાં ને હાથમાં રહી ગયો. જે છોકરો જોવા આવવાનો હતો, એને એનાં માબાપે, ભાઈઓએ શું પહેરવું ને શું નહિ એની સૂચનાઓ આપી હશે ? પસંદગી માત્ર છોકરાઓએ જ કરવાની હતી ? ના, એમ તો નહિ. પણ હંમેશાં છોકરાઓ જ કેમ છોકરીઓને જોવા આવતા હતા ? છોકરીઓ કેમ જોવા નહોતી જતી ? તે કેમ પ્રશ્નો નહોતી પૂછતી ? તે કેમ શરતો નહોતી મૂકતી ?

વાતચીત થાય ને પ્રશ્નો પૂછે ત્યારે તારી આઝાદ રીતે ગમે તેમ બોલી નાખતી નહિ, સમજી ? મોટા ભાઈને આવીને કહ્યું.

લેખાએ જવાબ આપ્યો નહિ. પિતાને કૅન્સર હતું. ઘરની ઘણી સંપત્તિ ઘસાઈ ગઈ હતી. મોટાભાઈને મામૂલી નોકરી હતી. એક ભાઈ ને ત્રણ બહેનો. ત્રણેને હજુ પરણાવવાની હતી. બધાંનાં મન પર બોજો હતો. તેના સ્વતંત્ર વિચારોની બધાંને બીક લાગતી હતી. બી.એ. ગયા વર્ષે પૂરું કર્યું હતું પણ નોકરી મળતી નહોતી. નહિ તો ઘરનાં લોકોનો સામનો કરી શકત. એક સાધારણ નોકરી મેળવવાયે કેટલાં ફાંફા માર્યાં હતાં ! સાસરે જઈને નોકરી કરજે, મા ધૂંધવાઈને કહેતી. કરવા દેશે તો ને ! ભાભી કટાક્ષ કરતી. એકવાર ઉગ્રતાથી લેખા બોલી પડી હતી : એ લોકો રજા આપે તો જ હું આ કે તે કરી શકું, એમ ? મારી ઈચ્છાથી હું નોકરી કરી જ ન શકું ?

મા વચ્ચે પડી હતી. અરે ! બેટા, ભગવાનને પ્રાર્થના કરું છું કે તને પૈસાદાર સાસરી મળે. પછી નોકરી કરવી કે ન કરવી એની પંચાતમાં ઊતરવું જ ન પડે.

લેખા ચૂપ થાય એમ નહોતી. સાસરું પૈસાદાર હોય તોયે, મારા આનંદ ખાતર, મારી આર્થિક સ્વતંત્રતા ખાતર, મારી આવડતને પ્રગટ કરવા ખાતર હું નોકરી કરું પણ ખરી !

આવા વિચારો રાખશો તો તમે સાસરે ટકી રહ્યાં, બહેન બા ! બીજે દિવસે એ લોકો તમને ઘેર મોકલી દેશે.

કયા ઘેર ? પતિનું ઘર એ મારું ઘર નહિ ? કાયદાથી મારો એના પર હક થાય. ભાભી કટાક્ષપૂર્વક હસીને ચાલી ગઈ. વખત આવ્યે ખબર પડશે. લગ્ન કાંઈ ફૂલોની પથારી નથી.

લેખા સમસમી રહી.

પેલાં લોકો આવ્યાં.. નાની બહેને શ્વાસભેર આવીને કહ્યું.

આવી ગયાં ? માં હાંફળીફાંફળી થતી ઝટપટ આગલા રૂમ ભણી ચાલી.

લેખાનું હૃદય ઘવાયું.

સારું થયું, બહુ લોકો નહોતાં આવ્યાં. માત્ર છોકરો ને એનો એક મિત્ર, બે જ જણ હતા.

ભાઈ બહાર જતાં જતાં વળી લેખા પાસે આવ્યો. લેખા પ્લીઝ, સરખી રીતે જવાબ

આપજે, આડુંતેડું કંઈ બોલતી નહિ, તેના અવાજમાં સાચે જ વિનંતી હતી. લેખા ભાઈનો ચહેરો જોઈ રહી. કેટલી ચિંતાઓથી ઘસાયેલો, તેજાવિહીન ચહેરો હતો એ! એને દયા આવી ગઈ. ઘરનું એકએક જણ, એને પરણાવી દેવા કેટલું ઉત્સુક હતું!

થોડી ઔપચારિક વાતો થઈ. લેખાએ ત્યાં સુધી અંદર રહેવાનું હતું. પછી ચા અને નાસ્તો લઈને બહાર જવાનું હતું. બહેને આવીને છેડો જરા સરખો કર્યો. ભાભીએ 'બેસ્ટ લક' કહ્યું.

બહાર આવીને તેણે બધાંને ચા આપી અને પછી શાંતપણે બેઠી. ભાઈ સચિંત ચહેરે તેની સામે જોઈ રહ્યો હતો. છોકરો તો સારો લાગે છે, પણ લેખા જરા વિનયપૂર્વક વાત કરે તો સારું. એના સ્વતંત્ર વિચારોનું હમણાં પ્રદર્શન ન કરે તો સારું. હે ભગવાન, હજી બીજી બે બહેનોનાં લગ્ન કરવાનાં છે અને ઘરમાં કાંઈ જ સગવડ નથી.

લેખાએ નજર ઊંચકીને છોકરાના મોં પર ઠેરવી. ચહેરા પરથી સજ્જન લાગ્યો. વિચારશીલ પણ. આ પહેલાં આવેલા છોકરાઓથી જુદો લાગ્યો. પણ શી ખબર, ચહેરા તો બધાં મહોરાં. અંદરથી કેવો હશે, કેવો નહિ, કોને ખબર !

છોકરો કાંઈ બોલ્યો નહિ, ઉત્સુકતાથી લેખા તરફ જોઈ રહ્યો માત્ર. એના મિત્રે વાત શરૂ કરી. શું અભ્યાસ કર્યો છે, કયા વિષયો ગમે, બહાર ક્યાંય ફર્યા છો વગેરે. ફરવાની વાત નીકળતાં લેખા ઉત્સાહિત થઈ ગઈ. તેને ફરવાનો ખૂબ શોખ હતો, પણ બહુ તક મળી નહોતી. છોકરાએ પોતે કાશ્મીર ગયો હતો તેની વાતો કરી. પણ મને મનાલી વધારે ગમ્યું. મનાલીથી આગળ રોહતાંગ પાસે છે, ત્યાં અમે ચાલતા ગયેલા, તે જરા અટક્યો. લેખાને સીધું પૂછ્યું : તમે લાંબે સુધી ચાલી શકો ?

ખૂબ, લેખા ઉત્સાહથી બોલી. આજ સુધી બધાએ રસોઈ કે સંગીત કે ચિત્રકામની જ વાતો કરી હતી. આ છોકરો જુદી ભાતનો હતો. તેના હૃદયમાં આનંદ પથરાવવા લાગ્યો.

ચાલવું, દૂર સુધી ચાલવું તો મને બહુ ગમે.

બીજું શું ગમે ? છોકરાએ સહજભાવે પૂછ્યું.

વાંચવું ગમે, ઘણાંબધાં પુસ્તકો મારી આસપાસ પડ્યાં હોય એવું મને અતિશય ગમે. લેખાની સભાનતા ઓછી થઈ ગઈ. અને શું ન ગમે ? છોકરાના પ્રશનમાં હવે હાસ્યની છાંટ હતી. લેખા પણ હસી. સાવ સાચું કહું ?

મા સ્વસ્થ થઈ. ભાઈએ રૂમાલ કાઢી કપાળ પર ફેરવ્યો.

ખોટું બોલી શકો છો ?

લેખા ખુલ્લા હૃદયથી હસી . ખરેખર, પણ આવા મેળાપમાં બધા લોકો બહુ ઠાવકી વાતો કરવાની અપેક્ષા રાખતા હોય છે. હું સાચું, કહું તે કદાચ તમને ન ગમે.

ભાઈ હતાશ થઈ ગયો. આટલું બધું કહ્યું હતું, છતાંય ? તે છોકરાના મુખભાવ ભણી તાકી રહ્યો, પણ છોકરો આનંદમાં હતો.

મને તો લોકો સાચું બોલે તે જ ગમે.

લેખા ઘડીક એને જોઈ રહી.

તો હું તમને એક પ્રશ્ન પૂછું ?

હા, પૂછો ને !

તમને સ્ત્રી સ્વતંત્ર વિચાર હોય તે ગમે કે તે એકદમ આજ્ઞાંકિત થઈને રહે તે ગમે ?

સત્યનાશ ! આટલો સારો છોકરો હાથમાંથી જશે. ઓ ભગવાન, આ છોકરીને ક્યારે સદબુદ્ધિ આવશે ?

છોકરો દાંત દેખાય તેટલું મોકળું હસ્યો. એના દાંત ચોખ્ખા, ડાઘ વગરના, એકસરખા હતા. તો હું પણ તમને સાચી વાત કહું. આજ સુધી જે છોકરીઓ જોઈ એ બધી મને એવી સાવ અસ્મિતા વગરની લાગી હતી ! પહેલીવાર હું એક છોકરીમાં તેજ જોઉં છું. મને શું ગમે છે ? એમ તમે પૂછો તો હું કહું કે મને સામા પ્રશ્નો પૂછે એવી, પડકાર ફેંકે એવી છોકરી ગમે.

લેખાના મોં પર લોહી ધસી આવ્યું. માનો ચહેરો હળવો થયો. ભાઈએ એક ઊંડો શ્વાસ લીધો.

અને બીજી એક સાચી વાત કહું ?

ભાઈ ચમક્યો. હજી શું કહેવાનું છે ?

શું ?

મને તમે ગમ્યાં છો. તમને હું પસંદ પડ્યો કે નહિ ખબર નથી, પણ તમારી હા હશે તો હું ખરેખર રાજી થઈશ. છોકરાના અવાજમાં નિખાલસતા હતી.

પણ મારી એક શરત છે. લેખાએ કહ્યું. વળી એક તંગ ક્ષણ, આશંકા અને ભય.

શી શરત છે ?

મેં મનમાં વિચારેલું.. લેખા સહેજ અચકાઈ.

કહો ને, શું વિચારેલું ?

કે લગ્ન કરીને જે હનીમૂન માટે ફ્લાવરવેલી જવાનું વિચારી શકે તે માણસ સાથે મારો મેળ મળશે.

ખરેખર ! છોકરો ઊભો થઈને લેખા પાસે ધસી આવ્યો, ખરેખર, તમે એમ વિચારેલું શું ? મેં પણ એમ વિચારેલું કે લગ્ન કરીને હિમાલયમાં હાઈકિંગ માટે જવું.

લેખાનો ચહેરો પ્રસન્નતામાં નહાઈ રહ્યો. ખંડમાં એક ઉલ્લાસ ઢોળાઈ રહ્યો. અંદર ઊભા રહીને વાતો સાંભળતી ભાભી બહાર આવીને છોકરાને ઉદ્દેશી ટહુકતા સ્વરે બોલી : કૉન્ગ્રેચ્યુલેશન્સ.

❖❖❖

# મિલ્કત

**રેખા શુક્લા**

મમ્મી પપ્પા ની મિલ્કત ની વહેચણી થતી હતી....બધા પોતાના અભિપ્રાય આપી રહ્યા હતા...હું શાંતિ થી પપ્પા મમ્મી ના ફોટા સામે જોઈ બેઠો હતો...

મિલ્કત ની વહેચણી મા આજે અગત્ય નો ભાગ ભજવનારા મમ્મીની જીવલેણ બીમારી વખતે મોઢું ફેરવી ગયા હતા..મારી પત્ની સુધા એ દીકરી પણ ન કરે તેવી સેવા કરી હતી..તેનો સાક્ષી ભગવાન અને હું માત્ર હતો.

ઘડપણ અને સાથે માંદગી એપણ પથારી માં પછી...એ યાચના અને યાતના નું વર્ણન કરવું ઘણું દુ:ખદ છે..છતાં આવા સંજોગોમાં સુધા એ એક આદર્શ પત્ની ની ફરજ અદા કરી..આજે પણ જ્યારે મિલ્કત ની વહેચણી થતી હતી એ સમયે પણ તે અંદર ના રૂમમાં બેઠી હતી...



સોનું, રોકડ, બેન્ક ની ફિક્સ, શેર, વગેરે ની ઝીણવટ ભરી વહેચણી હાજર રહેલા ભાઈઓ અને બહેન કરી..રહ્યા હતા..સાથે ભાઈઓની પત્ની અને બહેન બનેવીઓ પણ હાજર હતા..

પિયર પક્ષની મિલ્કતમાં ભાગ પડતા હોય ત્યારે જમાઈ ને દૂર રાખનારી દીકરી કહો કે પત્ની સસુર પક્ષની મિલ્કતમાં ભાગ પડે ત્યારે કોર્ટ ના જજ જેવું કામ કરતી હોય છે..એ પણ હું મૂંગા મોઢે જોઈ રહ્યો હતો...

મિલ્કત ની બધી વહેચણી પુરી થયા પછી હું ઉભો થયો..

મમ્મી ના રૂમ માં ગયો....મમ્મી ના ચશ્મા, થાળી, વાટકો, ગાદલું, રજાઈ ઓશીકું, બેડપેન, પીવાનો પ્યાલો લોટો... વ્હીલ ચેર વગેરે લઈ હું ક્રમશઃ બહાર આવ્યો.....

મેં ભીની આંખે કીધું....આની વહેચણી તો બાકી રહી ગઈ...

ત્યાં નાના ભાઈ ની વહુ બોલી આ બધું કોઈ ગરીબ બ્રાહ્મણ ને આપી દયો...આ વાપરેલી વસ્તુ કોણ વાપરશે...

હું મનમાં હસી પડ્યો...

મમ્મીના પાર્થિવ શરીર ઉપર થી સોનાની બંગડી, ચેન, વિટી અને બુટ્ટી ઉતારવામાં અગ્રણીય રહેનાર નાનાભાઈ ની વહુ ને, મારી માઁ નું સોનુ વાપરેલ ન લાગ્યુ.. તેનો તો ભાગ સરખે ભાગે પાડી લઈ લીધું..અને આ બધી વસ્તુ બ્રાહ્મણ ને આપી દેજો..વાહ રે દુનિયા વાહ...

મેં છેલ્લે કીધું આપણા ઘર માં બાપદાદા વખત ની જૂની પૂજા છે...કોઈ ને સાથે લઈ જવાની ઈચ્છા હોય તો.

મને જવાબ ની ખબર હતી....છતાં પણ.. મેં વાત મૂકી

બધા એકબીજાની સામે જોવા લાગ્યા...કોઈ કહે ફાસ્ટ લાઈફ માં અમે પૂજા નહિ સાચવી શકીયે..કોઈ કહે..મંદિર માં પધરાવી દયો...કોઈ કહે તમેજ વર્ષો થી, પૂજા કરો છો તમેજ રાખો..

વર્ષો થી મારી માઁ ની પૂજા સમજો કે સેવા અમે જ કરતા હતા..તો શું માઁ બાપ ની મિલ્કત મારી થઈ ગઈ.... ?

હું મનોમન વિચારતો રહ્યો...

હે પ્રભુ...આ લોકો ને ખબર નથી એ પૂજા માં કેટલી તાકાત છે...કદાચ તારી મૂર્તિ સોનાની ધાતુથી બની હોત તો આ લોકો પૂજા ઘરે લઈ જવા પડાપડી કરતા હોત.

એ લોકો કદાચ એવું વિચારતા હતા હશે કે તારી પૂજા કરવાથી ફાયદો શુ ? સ્વાર્થી દુનિયા છે. પ્રભુ.

તે લોકો થી અંતર બનાવ્યું છે તેનું કારણ હું સમજી ગયો . ફાયદો ન મળે તો તને પણ આ લોકો વેચી નાખે...

નાની બહેન બોલી ....તમારે નવા ઘર ની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આ ઘર માં રહો પછી આ ઘર નો પણ ફેસલો કરી નાખીએ....

મેં કીધું...એ ચિંતા ન કરો...તમે કોઈ ગ્રાહક શોધી લ્યો..હું અત્યારે જ ઘર ખાલ્લી કરવા તૈયાર છું....

મતલબ ..બધા એક સાથે બોલ્યા..

મતલબ સાફ છે....મારો...દીકરો દીપેન...અમને ઘણા વખતથી કેનેડા બોલાવે છે...પણ અમે મમ્મી ની તબિયત ને કારણે જતા ન હતા..મને એમ પણ હતું ભારત દેશ છોડી..મારા ભાઈ બહેન થી મારે દૂર નથી જવું...પણ એ માત્ર મારો ભ્રમ

હતો...અને જયારે ભ્રમ ભાંગે ત્યારે કાં તો ભગવાન મળે નહીંતર જીવન જીવવાની જડીબુટ્ટી મળે...

હું તો.ખુશ છું...મને તો ભગવાન મળ્યો અને જડીબુટ્ટી પણ મારા પુત્ર દિપેન ના શબ્દો મને યાદ આવ્યા...

મારા પુત્ર દિપેનને કેનેડા જતા મેં રોક્યો ત્યારે તેણે મને કીધું હતું....અહીં કોના માટે રહેવું છે...

પપ્પા તમે હજુ તમારું પોતાનું મકાન પણ નથી બનાવ્યું..

દાદા નાની ઉંમરે ગુજરી ગયા પછી ભાઈઓ અને બહેનની જવાબદારી નિભાવવામાં તમે કોઈ બચત પણ કરી શક્યા નથી...તમે એવું ઈચ્છો છો...કે હું પણ આ ચક્કરમાં પડી મારુ ભવિષ્ય બગાડું...

દુનિયા ઉગતા સુરજ ને પૂજે છે.. પપ્પા...

તક ભગવાન દરેક વ્યક્તિ ને આપે છે..કોઈ લાગણી થી કામ લે છે..કોઈ બુદ્ધિ થી...તમે લાગણી થી.કામ લીધું તેનું પરિણામ હું જોઈ રહ્યો છું...

ત્યારે મને દીપેનની વાત સમજાઈ ન હતી...તે બાળક હોવા છતાં એ લાગણી નો વ્યાપાર સમજી ગયો હતો...

એ કેનેડા જતા જતા એક શબ્દ બોલ્યો હતો...

પપ્પા જો દિખતા હૈ વો અપના નહિ..અપના હૈ વો દિખતા નહીં..

તમે તમારી અને મમ્મી ની તબિયતનું ધ્યાન રાખજો..

સંસાર લાગણીશીલ વ્યક્તિઓની તબિયતથી બજાવે છે...સ્વાર્થી નહીં પણ જાગૃત રહેજો..ભોળા બનજો પણ ભોટ નહીં..થોડા પણ ગફલતમાં રહ્યા તો સંસાર તમારી લંગોટ પણ ખેંચી નાખશે....

હક્ક વગર નું લેવું નહીં...અને હક્ક નું હોય તે છોડવું નહીં...હક્ક વગર નું લેવા જઈએ તો મહાભારત નું સર્જન થાય..અને હક્ક નું જતું કરીયે તો રામાયણ નું સર્જન થાય....એટલે ભવિષ્ય માં કોઈ પણ નિર્ણય લ્યો તો લાગણીશીલ બની ન લેતા...

મેં ભગવાનની પૂજા સામે જોઈ હસી ને કીધું..હે પ્રભુ તેં કેનેડા જોયું નથી ને ? હવે જ્યાં હું ત્યાં તું...

મારી સાથે તું આવીશ ને....?..

ચલ સામાન તારો પેક...કર .

મિત્રો..

**ભગવાન ને સમજવાનો પ્રયત્ન કરશે તો સુખી થશો. અને કોઈ વ્યક્તિ ને સમજવા પ્રયત્ન કરશો તો દુઃખી થશો**

**अपनों को आजमा कर तो देखो**
**भगवान से मोहब्बत ना हो जाए तो कहना**

❖❖❖


# શ્રી વઢવાણ મિત્ર મંડળ મુંબઈ

## સમાજ ઉપયોગી બની રહેનાર અગત્યનું આયોજન

વઢવાણ મિત્ર મંડળ મુંબઈનાં અમુક સભ્યોને **વઢવાણ મિત્ર મંડળ પત્રિકા** પોસ્ટમાં ઘણીવાર નથી મળતી કે મોડી મળે છે તેવી ફરિયાદો આવે છે. આ સમસ્યાનાં ઉકેલ રૂપ સૌ કોઈને પોતાના મોબાઈલ ઉપર **પત્રિકાની પીડીએફ ફાઈલ** મળી શકે તે માટે વઢવાણ મિત્ર મંડળ મુંબઈનું **વોટસએપ ગ્રુપ** બનાવવાનાં આવેલ છે. મુંબઈ, વઢવાણ, સુરેન્દ્રનગર, અમદાવાદ તેમજ અન્ય સ્થળો એ વસતા વઢવાણનાં વ્યક્તિઓ આ વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે પોતાની વિગત તેમનાં **મોબાઈલ નંબર** સાથે તેઓનું **પુરૂં નામ, તેઓનાં રહેણાંક વિસ્તાર** સાથેની વિગત આ સાથે જણાવેલ મોબાઈલ નંબર **7678087347** ઉપર વોટસએપથી મોકલવાની રહેશે. આપનું **ઈમેઈલ આઈ.ડી.** પણ મોકલશો. જેથી પત્રિકા ઈમેઈલ આઈ.ડી.થી મોકલવાનું વ્યવસ્થા કાર્ય અમલમાં આવતા ત્યારે તે ઉપયોગી બની રહેશે. આ **વોટસએપ ગ્રુપ** વિશે જેમ જેમ બધાને માહિતી મળતી જાય છે, તેમ તેમ સૌ કોઈ પોતાની વિગત મોબાઈલ નંબર **7678087347** ઉપર મોકલી **વોટસએપ ગ્રુપ**માં જોઈન્ટ થઈ રહયાં છે. આગામી સમયમાં આ આયોજન આપણા સમાજ માટે એક સંકલન રૂપ મહત્વની કડી સમાન બની રહેશે.

આ **વોટસએપ ગ્રુપ** વ્યવસ્થા થકી વઢવાણ સમાજ તથા વઢવાણ મિત્ર મંડળ મુંબઈની ચાલતી અનેકવિધ પ્રવૃતિઓ - યોજનાઓ - આયોજનોની જાણકારી તેમજ કાર્યક્રમો - પ્રોગ્રામોની માહિતીઓ સાથે આપણા સમાજનાં સમાચારો, સાંસ્કૃતિક, સામાજીક વિગતો - જાણકારીઓ, વ્યક્તિ વિશેષ ઉપલબ્ધીઓ, માહિતીઓ વગેરે તેમજ એજ્યુકેશન, હેલ્થ, હોસ્પીટલ, મેડિકલ ઈન્સ્યુરન્સ માહિતી, મેડીસીન, ગર્વમેન્ટ કે અન્ય સામાજીક સંસ્થાઓની સહાય યોજનાઓ વગેરે આપ સૌ સુધી પહોંચાડવાનાં આ **વોટસએપ ગ્રુપ**નાં પ્રયત્નો રહેશે. આવી બધી માહિતીઓ અન્ય સ્ત્રોત, સોર્સ વગેરેથી મેળવવાનાં પ્રયાસો થકી આપ સૌ સુધી પહોંચાડવાનાં પ્રયત્નો કરવામાં આવશે. મોબાઈલ નંબર **7678087347** થી આ **વોટસએપ ગ્રુપ** ચલાવવામા આવશે. આ કાર્યમાં પત્રિકાનાં પૂર્વ તંત્રી શ્રી ઉપેન્દ્રભાઈ શાહ પોતાની સેવાઓ આપશે. આ **વોટસએપ ગ્રુપ**માં જોડાવવા અંગેની માહિતી વિગત વઢવાણ સુરેન્દ્રનગર..ગુજરાત - સૌરાષ્ટ્રમાં કે અન્ય વસતા આપણા વતનવાસીઓનાં સગા - સંબંધી - સ્નેહિઓને પણ જણાવી શકો છો.

Advt.

# સમાચાર સંકલન

## શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મિત્ર મંડળ – થાણા

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ થાણા તા. ૦૪-૧૧-૨૦૨૩ શનિવાર રોજ સાંજે ૬:૦૦ થી ૧૦:૩૦ કલાક, મેપલ ઈન બેંક્વેટ, અગ્રવાલ એસ્ટેટ, માનપાડા, થાણા (પ.) ખાતે મંડળ નો શરદ પૂનમના નિમિતે આ વર્ષના પ્રથમ જ એવા ઉમંગ ભર્યા રંગારંગ દાંડિયા રાસ નો કાર્યક્રમ, સ્વરૂચી ભોજન તથા ચૌવિહાર ની સવગડતા સાથે આયોજિત કરવામાં આવેલ હતો, જેને ખૂબજ આનંદ, ઉત્સાહ અને ઉમંગથી તમામ હાજર ઝાલાવાડી સભ્યોએ એક ઉત્સવની જેમ માણ્યો.

આ કાર્યક્રમમાં શ્રી પંકજભાઈ સંઘવી તથા સભાના માનનીય સમિતી સભ્યોને અમે સૌ કારોબારી સભ્યો આપણી ઝાલાવાડી સભામાં આમંત્રણ આપવા માટે મુલાકાત લીધી હતી, પરંતુ કઈક કારણો હેતુસર શ્રી પંકજભાઈ સંઘવી કાર્યક્રમમાં હાજરી નહોતી આપી શકે એવું અમને જણાવ્યું હતું. પણ તેમણે મુલાકાત દરમ્યાન યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં થાણા ઝાલાવાડ સમાજના સભ્યો તથા આમંત્રિત મહેમાનોમાં નીચે મુજબ આપણા સમાજના રત્નોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી.

(૧) શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ ભાયંદર - ના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ ગાંધી (ઝાલાવાડી સભાના સમિતિ સભ્ય), સદસ્ય શ્રી નીરવભાઈ ખંધાર (ઝાલાવાડી સભાના સમિતી સભ્ય), ઉપપ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ સેક્રેટરી શ્રી કિશોરભાઈ ગોસલીયા, ખજાનચી શ્રી દીપકભાઈ શાહ.

(૨) શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ મુલુંડના પ્રમુખ શ્રી મહેશભાઈ શાહ, સેક્રેટરી શ્રી ચિંતનભાઈ ખાટડીયા તથા ખજાનચી શ્રી વિરલભાઈ બારભાયા.

(૩) શ્રી ઝાલાવાડી મહિલા મંડળ ઘાટકોપરના પ્રમુખ શ્રીમતી નલીનીબેન રમેશભાઈ શેઠ એમણે હાજર રહી કાર્યક્રમની શોભામાં ઉમેરો કર્યો.

આ કાર્યક્રમ દરમ્યાન શ્રી નરેન્દ્રભાઈ ગાંધી, શ્રી મહેશભાઈ શાહ અને શ્રીમતી નલીનીબેન શેઠે થાણા મિત્ર મંડળના સભ્યો તથા સંપૂર્ણ કારોબારી સમિતીને ખુબજ માનથી વધાવી ઉત્સાહ વર્ધક એવું બહુમૂલ્ય માર્ગદર્શન પણ આપ્યું.

એ સાથે જ નીચે આપેલ વિગત પ્રમાણે સ્વેચ્છાએ થાણા - મંડળનો ઉત્સાહ વધારતા અનુદાન પણ લખાવ્યું.

(૧) શ્રી પંકજભાઈ સંઘવી - રૂા. ૧૧૦૦૦/-
(૨) શ્રી ઝાલાવાડી મિત્ર મંડળ -મુલુંડ - રૂા. ૧૧૦૦૦/-
(૩) શ્રી નરેન્દ્રભાઈ ગાંધી - રૂા. ૧૦૦૦૦/-
(૪) શ્રી નીરવભાઈ ખંધાર - રૂા. ૧૦૦૦૦
(૫) શ્રીમતી નલિનીબેન શેઠના હસ્તે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ, થાણા ને રૂા ૫૦૦૦/- નું અનુદાન.

આ અમૂલ્ય અનુદાન માટે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ થાણા હૃદયપૂર્વક એમનો આભાર માને છે.

આ કાર્યક્રમ ૧૨૫ થી વધુ સંખ્યા માં લભ્યો, મહેમાનો અને આમંત્રિતો હાજર રહી એક અનેરો ઉત્સવ ની જેમ માણ્યો.

આ કાર્યક્રમનું આયોજન નીચે જણાવેલ મંડળની સમિતી દ્વારા કરવામાં આવ્યું હતું.

(૧) પ્રમુખ– શ્રી દીપકભાઈ ન. મહેતા
(૨) ઉપ્રમુખ - શ્રી વિરલભાઈ મ. દોશી
(૩) સચિવ - શ્રી મેહુલભાઈ શ. ગોસલીયા
(૪) સહ સચિવ - શ્રી ભાવેશભાઈ જ. બોરડિયા
(૫) ખજાનચી - શ્રી ચિરાગભાઈ દિ. શેઠ
(૬) સહ ખજાનચી - શ્રી હેમલભાઈ જે. શાહ

સમિતી સભ્યો
(૧) શ્રીમતી ભૂમિબેન મે. ગોસલિયા
(૨) શ્રીમતિ અમિષીબેન વી. દોશી
(૩) શ્રીમતી કિંજલબેન દિ. મહેતા
(૪) શ્રીમતી દિવ્યાબેન ચિ. શેઠ
(૫) શ્રીમતી તેજલબેન હે. શાહ
(૬) શ્રી મનનભાઈ વોરા

આ કાર્યક્રમ મૂળ હેતુ વર્ષોથી થાણા ખાતે સ્થાયી થયેલ ઝાલાવાડીના સદસ્યોને એક નેજા હેઠળ એકત્રિત કરી મંડળની તથા મહાસભાની ગતિવિધિઓમા શામેલ કરવા. કાર્યક્રમને મળેલ સફળતાથી થાણા ઝાલાવાડ સમાજ અને મંડળની સમિતીમાં અનેરો ઉત્સાહનો સંચાર થયેલ છે. અમારા બધા જ કારોબારી સદસ્યોનો આપ સહુએ જે આત્મવિશ્વાસ વધાર્યો તે માટે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ - થાણા આપ સહુનો ખૂબ ખૂબ આભારી રહેશે. ❖❖❖


**વેચાણ થી ઉપલબ્ધ**

દેવલાલી ઑફ લામ રોડ, સી.યુ. શાહ સેનિટોરિયમ, બી વિંગમાં સ્ટુડિયો રૂમ. @ ૩૫૦sq.ft. ફર્નિચર સાથે વેચાણથી આપવાનો છે. રસ ધરાવનાર સંપર્ક કરે.

**ભરત શાહ** મોબાઈલ નં. ૯૩૨૨૨૪૪૬૧૪ Advt.

# BIODATA



**NAME :**
**DR. PARTH RAJESH SHAH**

**Birth Date :** January 4, 1994

**Birth Place :** Ahmedabad, India

**Birth Time :** 2:30 AM

**Height :** 5'9"

**Education :** MBBS- NHL Medical College- Ahmedabad, IN
Internal Medicine Residency- Ohio, USA

**Current Job/Training :** Pulmonary & Critical Care Medicine Fellowship- Michigan, USA

**Interests :** Adventure sports, playing volleyball and table tennis, traveling, listening to music and singing, and exercising.

**Address and Contact :** Troy, Michigan, USA. (+1-3306234084)

**Father :** Rajesh Prabhudas Shah
(+91-9825698023)
Investment & Insurance Advisor
Ex- Admin Officer;
New India Assurance Co Ltd :

**Mother :** Minaxi Rajesh Shah
(+91-9925656573)

**Sister (Elder) :** Palak Kalpesh Rupani (B.E-EC, Toronto, Canada) : Kalpesh

**Brother in law :** Prafulbhai Rupani
(B.E-Electrical, Toronto, Canada) : Khushali

Sister (Elder) : Darshan Shah
(B.E-Comp, Bangalore, India) : Darshan

Brother in law : Kiranbhai Shah
(B.E-Comp, Bangalore, India)

**Note: Visiting India in January month for 15 Days.**

Advt.

Do you want to know how understanding Jain spiritual concepts can help in problem solving and stress management?
If studied systematically,
discover the magical powers of right knowledge!

Parmagam Honours
Learn 2 Liberate Foundation

Since 2016

## PARMAGAM HONOURS

A course by Learn2Liberate Foundation
Also certified by JGI University, Bangalore.

**Highlights**:

- **Only 2 hours a week**
- **Online/Physical Classes**
- **40+ Jain scriptures covered**
- **Open book exams**

**Covers:**

- **75+ batches**
- **50+ Teachers**
- **5000+ Students across 15 countries**
- **5 Languages**

Join today to experience a new '**SELF**'

**SCAN QR CODE TO APPLY NOW**

**HURRY UP ADMISSIONS OPEN FOR 2024**

*To register visit us at*
*www.practicaljainism.com*

parmagamhonours@gmail.com
+91 8779403529
/practicaljainism
/parmagamhonours

Advt.

JSG
Jain Social Groups
Int. Federation
Grow more to Serve more

# જૈન સોશ્યલ ગ્રુપ એરપોર્ટ મુંબઈ

અને

# દશાશ્રીમાળી.કોમ દ્વારા આયોજીત

દશાશ્રીમાળી
www.dashashrimali.com

## A UNIQUE
## JAIN YUVAK YUVATI PARICHAY MILAN

**7th January, 2024**

**NO NEED TO COME ON STAGE, NO LIVE CAMERA ON YOUR FACE**

**Optimised Use of Technology**

**Smart eBook & Hard Copy Containing Members Data**

**Exclusive Breakfast, Starter, Juice/Cold Drinks Followed by Lunch**

**Age Limit - 40 Years For Freshers**

**Age Limit - 60 Years For Divorcee/Widow**

**One to One Meeting For Consented Candidates**

**Send Your 30 Seconds Introductory Video With Details of Full Name (With Father Name), Age, Education, Area Name of your Residence, Age, Job/Business Detail in One Line**
**Introductory Video is Compulsory**

**FREE KUNDALI ON REQUEST**

**Venue : Aajivasan Hall,**
**Santacruz West, Mumbai. 8am Onwards**

**Registration Charges**
**Rs. 1,500 Per Candidate. Rs. 1,500 Per Family Member.**
**Not more than one family member is allowed**
**No Entry Without Candidate**

Scan Me
For
Registration

**Regn. & Technical Assistance**
**7977228924**

Register By Using Link : https://bit.ly/3rTIIBG

Note : Jain Parichay Milan is Affillated with dashashrimali.com

**ખાસ નોંધ :** બહોળી પસંદગી મળી રહે તે હેતુસર કપોળ વૈષ્ણવોનો સમાવેશ કરવામાં આવશે. જો તમે કોઈ કારણોસર પરીચય મિલનમાં ભાગ નથી લઈ શકતા તો તમે અમારી કેન્ડીડેટ ઈ-ડીરેક્ટરીનું સભ્યપદ મેળવી શકો છો. **વધુ વિગત માટે ઉપર જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવો.** ઈ-ડીરેક્ટરીમાં ગુજરાતી તથા મારવાડી જૈનો, વૈષ્ણવ તથા ગુજરાતી સમાજનો સમાવેશ કરવામાં આવેલ છે. **તમારૂં સભ્યપદ સ્વીકાર કે અસ્વીકાર કરવાના હક્કો સંચાલકો ને આધીન છે. અસ્વીકાર કરેલ અરજીની બાબતમાં કોઈ જ વિગત આપવા સંચાલકો બંધાયેલ નથી.**

Advt.

# PURVA SHAREGISTRY (I) PVT. LTD.

(SEBI Regd. INR000001112 Category I Registrars to IPO & Share Transfer Agents)

**Mid-Sized Registrar Providing**
**ONE STOP SOLUTION FOR**
**Corporate Share Registry**



## COMPULSORY DEMAT OF PVT LTD COMPANY

If Paid Up Capital > 4 crores
OR Turnover > 40 crores

## OUR SERVICES

- Alternate Investment Fund (AIF)
- Buy Back of Shares
- Commercial paper (CP)
- Exit Offer
- **SDD** Software for **Audiors/ CS** of listed Companies
- Initial Public Offer **(IPO)**
- **Managing Committee Elections** for Clubs / Hsg Societies / Social / Religious Organizations, etc
- Fix Deposit
- **Evoting platform** for AGM / EGM
- Qualified Inst. Placement (QIP)
- Open Offer
- Rights Issue

**Share Transfer Agents -**

- Equity/ Debentures/ Pref. Shares
- Stamp Duty Collecting Agents
- Video Conference for AGM
- Voluntary Delisting Stk Exchange

**Enjoying trust and confidence of over 1600 Clients including 350 listed companies**

**Address:**
9 Shiv Shakti Ind. Estt., J. R. Boricha Marg,
Lower Parel East, Mumbai 400 011
(nr. Lodha Excelus)

support@purvashare.com
www.purvashare.com
Rajesh Shah - 99690 53005
Purva Shah - 98200 27987

Advt.

# શ્રી મોરબી દશા શ્રીમાળી મિત્ર મંડળ - મુંબઈ

**C.O. અતુલ ફાર્માસ્યુટિકલ્સ, ૨૦/૪૦, જૂની હનુમાન હલી, ૨જે માળે, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.**
**ટેલિફોન નં. ૨૨૪૧૮૧૨૫**

## જૈન યુવક-યુવતીઓનો ૧૨મો પરિચય મિલન

શ્રી મોરબી દશા શ્રીમાળી મિત્ર મંડળ આયોજિત તથા સ્વ. રેવાશંકર હીરાચંદ દેસાઈ (મોરબી) પરિવાર અને માતુશ્રી કલ્પનાબેન પ્રતાપરાય દોશી પરિવાર હસ્તે જીગ્ના પ્રદીપ દોશી પ્રેરિત લગ્નઈચ્છુક જૈન યુવક-યુવતીઓનો ૧૨મો પરિચય મિલન રવિવાર, તા. ૭-૧-૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ સુધી ઈન્ટરલિંક બૅન્કવેટ, બીજે માળે, નિલંકઠ બિઝનેસ પાર્ક, વિદ્યાવિહાર બસડેપોની પાછળ, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ મધ્યે આયોજન કરેલ છે.

૧૯૮૭ કે ત્યાર બાદ જન્મેલાં લગ્નઈચ્છુક જૈન યુવક-યુવતીઓ તેમનું રજીસ્ટ્રેશન તા. ૨૦-૧૨-૨૦૨૩ સુધી સંસ્થાની વેબસાઈટ www.morbimitra.com પર રૂા. ૫૦૦/- (નૉન રિફંડેબલ) ભરી કરવાનું રહેશે. સમારોહના દિવસે રજીસ્ટર કૅન્ડીડેટ સાથે તેમના બે વડીલોને પર સમારોહમાં એન્ટ્રી આપવામાં આવશે.

**સંપર્ક :**

**નરેશભાઈ સંઘવી (પ્રમુખ) ૮૦૮૦૩૬૭૮૯૨ ડૉ. ભરત મહેતા (માનદ મંત્રી) ૯૮૨૦૧૨૮૨૦૬**
**હિતેશ ખોખાણી (કન્વીનર) ૯૩૨૦૨૮૦૪૦૦ કમલેશ મહેતા (કન્વીનર) ૯૦૨૨૨૨૭૧૨૮**
**અશોક ટોળિઆ (માનદ મંત્રી) મો.: ૯૩૨૨૯૦૭૨૮૯**

Advt.



**"ખુશ ખબર"**

## ઘાટકોપર - ચેમ્બુર તથા વિદ્યાવિહાર આમજનતાને

***ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?***
***અમો તમને ઘેર બેઠા ફ્રી હોમ ડીલીવરી કરી આપશુ***

**૬૮ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય**



**તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો**
**અમો આપને ફોટો મોકલી આપશુ.**
**ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી**

**સંપર્ક :**
**ભુપેન્દ્ર - ૯૮૨૧૦૨૯૦૫૩ • જીગર - ૯૮૨૧૦૨૯૦૮૪**

Advt.

શ્રી૧।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



# શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**

**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

જૂના અને જાણીતા જૈન વિનુભાઈ લીંબડી વાળાનું પ્રખ્યાત

# કાળા તલનું કચરીયું

SINCE 1980

fssai No. 20719021000775

લીંબડી અને સુરેન્દ્રનગરમાં મળશે.

## શેઠ કિંજલકુમાર વિનુભાઈ

બાહેલાપરા, ચબુતરા પાસે, લીંબડી.

Mo. 98670 87354

દુકાન નં. ૩, ૪, શ્રીજી કોમ્પલેક્ષ,
યુરોકીડસ્ સ્કૂલની બાજુમાં,
મહાવીર સ્વામી ચોક, જીનતાન રોડ, સુરેન્દ્રનગર
Mo. 98929 27341

નોંધ : બહારગામ માટે ટ્રેન અને કુરીયર સર્વિસ મળશે.

(Advt.)

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M., C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

## AUTO WORLD®

Complete Car Solutions

**Mobile Van:** Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.

+91 93242 06784 / +91 89766 33099

*Now also at Borivali*

**WORKSHOP :** Ahead of BPCL Petrolpump, Now Link Road, I. C. Colony, Borivali (W), Mumbai - 103

+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS



Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com
www.autoworldindia.in



(Advt.)







॥ શ્રી ગણેશાય નમઃ ॥ જય સોમનાથ ॥ શ્રી મહાવીરાય નમઃ ॥

એ ટુ ઝેડ પૂજા,પાઠ,કથા,રાંદલ,લોટા,હવન,લગ્નવિધી,રુદ્રાભિષેક,માટે સંપર્ક કરો



***વિરાટ એચ પાઠક***

**૭૭૬૮૭૮૬૯૮૬ ૯૮૬૭૧૬૭૭૪૬**



વાસ્તુ,રાંદલ,લોટા,કથા,ચંડીપાઠ,લગ્નવિધિ,રુદ્રાભિષેક,નવચંડી હવન કાલસર્પયોગ. નવગ્રહ જાપ
પિતૃકાર્ય ગીતાજી જ્યોતિષ માટે સંપર્ક કરો



*ઓનલાઈન વિડિઓ કોલ બ્રાહ્મણ સિધો દાન સંકલ્પ*
*કોઈપણ પૂજા વિધિ માટે સંપર્ક કરો*
*ઓનલાઈન વિડિઓ કોલ પૂજા વિધિ માટે સંપર્ક કરો*

ગંગાવાડી, એલ.બી.એસ.માર્ગ, ઘાટકોપર(પ.) મુંબઈ- ૪૦૦૦૮૬



વેરાવળ પાટણ- ૩૬૨૨૬૫ જિ.-ગીર, સોમનાથ

(Advt.)

# ૨૬મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મતારીખ ૧૦-૭-૧૯૪૬

અરિહંતશરણ ૨૬-૧૨-૧૯૯૭

## સ્વ. વિમળાબેન રમણીકલાલ સંઘવી

(ધાંગધ્રા-પીપળી નિવાસી - હાલ ઘાટકોપર)

**‘સહજાનંદી શુદ્ધ સ્વરૂપી - અવિનાશી હું આત્મસ્વરૂપ’**

૨૬ વર્ષની અસંખ્ય પળોમાં....
તમારા અદ્ભુત વ્યક્તિત્વની શક્તિએ અમને એકલા પડવા દીધા નથી.
તમારા માર્ગદર્શને અમને ક્યારેય મુંઝાવા દીધા નથી.
તમારી અતૂટ શ્રધ્ધાના બળે અમે ક્યારેય ભાંગી પડ્યા નથી.
તમારી પ્રેરણાઓએ અમને અંધારામાં અજવાળું દેખાડયું છે.
તમોએ અમને એવા ધડ્યા કે અમે જીવનને ઘડી શક્યા.
તમે એવું જીવન જીવ્યા કે
આજે પણ તમારું નામ અને અમારું માન વધારે છે.
૨૬ વર્ષ વીતી ગયા, અને તમે નથી તોય તમે જ છો.
આપનો દિવ્ય આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાંતિને પામે એ જ પ્રાર્થના.

❖ લિ ❖

**રમણીકલાલ રતિલાલ સંઘવી**

પુત્રો : કલ્પેશ, તુષાર, નીરવ
પુત્રવધૂ : પારુલ, ફાલ્ગુની, દર્શીતા
પૌત્રો-પૌત્રી : ભવ્ય-પૂજા, આયુષ, નિયતી, સિદ્ધાંત, મહેક તથા મોક્ષ

**સ્વ. શાંતાબેન રતિલાલ સંઘવી પરિવાર**
**સ્વ. રંભાબેન ગાંડાલાલ પારેખ પરિવાર**

સરનામું : ૬૦૭/૬૦૮ સંભવનાથ ટાવર, સુધા પાર્ક, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

Advt.

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**7208472884 • 7208481791 • 7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**વ્યાવસાયિક બહેનો જે ગૃહઉદ્યોગ ચાલવતા હોય. તેમના માટે ઝાલાવાડી સભા તરફથી ₹ 500/- including GST**
**Size : 8.7cm x 7.0 cm**
**એક પૃષ્ઠ પર છ જાહેરખબર લેવામાં આવશે.**

**Please send your Advertisement in Advance**
**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**
**(Inclusive of GST)**
**Please send Artwork in JPEG Format Only**

(Advt.)

# પ્રથમ વાર્ષિક સ્મરણાંજલિ



## સ્વ. ગુણવંતીબેન નંદલાલ શાહ

**અરિહંતશરણ : ૦૩-૧૨-૨૦૨૨**

બરવાળા (ઘેલાશા) નિવાસી - હાલ બોરીવલી, મુંબઈ

પૂ.બા. તમારી વસમી વિદાય ને આજે એક વર્ષ પૂર્ણ થાય છે.
હૃદય અમારા રડી પડે છે, જોઈ તસ્વીર આપની
હૈયુ માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની
વસતી વિદાય તમારી ને કાળજુ વિંધાય જાય...
અણુએ અણુમાં બસ અમને તમારી જ પ્રતિતિ થાય.
તમે અમારા વટવૃક્ષ હતા, જેની શીતળ છાયામાં આખો પરિવાર
કિલ્લોલ કરતો હતો. તમે અમારા ગર્વ હતા....સર્વ હતા.
તમારૂ સંપૂર્ણ જીવન ધર્મમય જ રહ્યું છે, જેની પ્રેરણા સંપૂર્ણ પરિવાર ને આપી.
જેના ગુણગાન ગાવાનું અમારૂં ગજુ નથી
એવા જીવનના મુલ્યનિષ્ઠ અમારા જન્મદાતા અને
સંસ્કારદાતાની ખોટ અમને હર હંમેશ સાલ્યા કરશે.
**આપના દિવ્ય આત્માને પરમ પદની પ્રાપ્તિ થાય એજ અમારી આપને ભાવભીની શ્રદ્ધાંજલિ**

**શ્રદ્ધાંજલિ અર્પતા આપના સદૈવ ઋણી**

| પુત્રો - પુત્રવધુ | પુત્રી-જમાઈ | પૌત્ર-પૌત્રી | દોહીત્ર - દોહીત્રી |
|---|---|---|---|
| કીર્તિભાઈ - નલીનીબેન<br>મહેન્દ્રભાઈ - ઊર્મિલાબેન<br>કીશોરભાઈ - ભાવનાબેન<br>જીતેન્દ્રભાઈ - નીતાબેન | સ્વ. રસીલાબેન હિંમતલાલ શાહ<br>ચંદ્રિકાબેન સુરેશભાઈ શાહ<br>રેખાબેન બિપીનભાઈ શાહ | ભાવિન, કુણાલ, સ્મિત, પ્રીતી,<br>જીનલ, જલ્પા, મેઘલ, સેજલ,<br>સૃષ્ટી, ફોરમ | નિશિત, નિપુણ,<br>નિપા, માનસી |

Advt.

# માસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**જન્મ :**
**તા. ૧૦-૧૧-૧૯૪૨**

**અરિહંતશરણ :**
**તા. ૦૨-૧૧-૨૦૨૩**

## સ્વ. નિર્મળાબેન રમણીકલાલ સંઘવી

**વઢવાણ શહેર હાલ - દાદર**

પરિવાર જેનું મંદિર હતું. સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી, એવા દરિયાદિલ, કર્તવ્યનિષ્ઠ અને પ્રેરણા પરબ સમા સ્વ. પૂજ્ય માતુશ્રી નિર્મળાબેન રમણીકલાલ સંઘવી આંખોમાં ભક્તિનું અંજન, સ્વભાવમાં સંસ્કારનું ચંદન અને ભીતરમાં ત્રિશલા નંદનને વંદન કરી વિમલ વિશ્વની વાટે ચાલી નીકળ્યા.

આપનું જીવન ધર્મભાવના, કુટુંબભાવના અને સમાજભાવનાના ત્રિવેણી સંગમ હતું. આ ત્રિવેણી સંગમમાંથી અમે જ્ઞાન, ભક્તિ અને પ્રેરણાના જળનું ખોબેખોબે આચમન કરેલ છે.

આપના આશીર્વાદ અમારી મૂડી છે, આપના આદર્શો અમારા જીવનની દીવાદાંડી છે. આપનો પ્રેમાળ સ્વભાવ અમારો વિરસમો છે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર:શાંતિ આપે અને જૈન ધર્મનું શરણું પ્રાપ્ત કરી ભવાંતરે મોક્ષગતિ પ્રાપ્ત થાય એજ મંગળ પ્રાર્થના.

**સદ્‌ગતના ગુણાનુરાગી**
**સ્વ. માતૃશ્રી સમતાબેન તલકશીભાઈ ભગવાનલાલ સંઘવી પરિવાર**

| | | |
|---|---|---|
| પતિ | : | સ્વ રમણીકભાઈ |
| પુત્રો | : | રાજીવભાઈ - સંજયભાઈ |
| પુત્રવધૂ | : | સોનલબેન - વિમાબેન |
| પૌત્ર -પૌત્રવધૂ | : | હર્ષ - ધ્વનિ |
| પૌત્રી | : | સુયોમી-ચૈત્યકુમાર |
| દિકરી-જમાઈ-પુત્રી-જમાઈ | : | યાશીનીબેન ચેતનકુમાર દડિયા |
| | | જેસીકાબેન-મીતેશકુમાર કામદાર |
| | : | મોનિકાબેન - હિતેષભાઈ શાહ |
| દોહિત્રી-દોહિત્ર | : | વૈદેહી, રાધિકા, ચૈતાલી, હિતાંશ |

Advt.



KRISHNA LEISURE HOLIDAYS LLP
રજુ કરે છે ૨૦૨૩-૨૦૨૪ ની ઇન્ટરનેશનલ ગ્રુપ ટુરો
સમર ૨૦૨૪ ની બુકિંગ માં આકર્ષક ડિસ્કાઉન્ટ મેળવો
Iceland
Vietnam
Spain
New Zealand
Europe
Turkey
અમારા મહારાજ દ્વારા બનાવેલ શુદ્ધ શાકાહારી / જૈન ભોજન
✓ નિખાલસભાવે ટુર બાબતની ઝીણવટભરી જાણકારી આપવામાં આવશે અને ટુરનું આયોજન સુંદર અને વ્યાજબીપણે કરી આપવામાં આવશે
✓ વર્લ્ડ ક્લાસ એરલાઈન્સ, 4/5* હોટેલ્સ, હાઈ ટેક લક્ઝરી કોચ
✓ સમાજના કોઈપણ ગ્રુપનું આયોજન ખુબજ જતનપૂર્વક કરવામાં આવશે
✓ હળીમળીને ઘર જેવું વાતાવરણ બનાવતા અમારા ટુર મેનેજર, જે આપને નિરાશ નહિ થવા દે
✓ એકવાર અમારી ઓફિસમાં પધારી ખાતરી કરી લેવા વિનંતી
KRISHNA
LEISURE HOLIDAYS LLP
A/1, 1st floor, Tulsi Baug CHS, Off Chandavarkar road, Above Subway Sandwich, Borivali West Mumbai 400092.
* WE DO NOT HAVE ANY BRANCH.
Haresh-7506644416 | Mehul-7506644418
Brijen-7506644419 | Vishal-7506644420
www.krishnaleisure.com


Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ - થાણા (થાણા કેન્દ્ર)

**દ્વારા તા. ૪.૧૧.૨૦૨૩ શનિવાર ના રોજ સાંજે આયોજીત તૃતીય અને શરદ પૂનમ નિમિત્તે દાંડિયા રાસનો ભર્યો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો**



શ્રી નરેન્દ્રભાઈ ગાંધી નું બહુમૂલ્ય માર્ગદર્શન



શ્રી મહેશભાઈ શાહ અને એમની સમિતી ના હોદ્દેદારોનું બહુમાન



શ્રીમતી નલીનીબેન શેઠનું બહુમાન થાણા મહિલા મંડળના હસ્તે



ઉમંગભર્યા દાંડિયા નાઈટનો ખેલૈયાઓએ ભરપૂર આનંદ માણ્યો

Advt.
















# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future ------

**D2 Vijaykarwadi, Kumar Estate, Chincoli, Opp Mc Donnals, SV Road, Malad W, Mumbai 400064**
**Mob. 7021213467 Email: - risingsunelect@gmail.com Website :- www.risingsunelect.com**




Advt.

## પ્રથમ માસિક પુણ્યતિથિ - શ્રદધા - સુમન

જન્મતારીખ
૨૩-૦૫-૧૯૬૬



અરિહંત શરણ
૨૯-૧૦-૨૦૨૩
તિથિ આસો વદ એકમ

## સ્વ. શ્રી કેતનભાઈ જશવંતલાલ શાહ
## વઢવાણ નિવાસી હાલ અંધેરી મુંબઈ

હાજરી આપની હતી ત્યારે ખબર ન હતી ગેરહાજરી શું કહેવાય
આનંદ હતો ચારે કોર ત્યારે ખબર ન હતી દુઃખ શું કહેવાય ?
આપની હાજરી એ જ સુખ કહેવાય તે આજે સમજાય છે...
અજવાળે તો સંગાથ વિના ચાલતા રહીશું,
પણ અંધારે હાથ કોણ ઝાલશે?
આપના થકી ઉજ્જવળ છીએ આજે,
આપની ખોટ તો સદા સાલસે
જેના ગુણગાન ગાવાનું અમારુ ગજું નથી એવા
જીવન ના મૂલ્યનિષ્ઠ અમારા જન્મદાતા અને સૅંસ્કારદાતા ને
શત્ શત્ વંદન...

### સ્મરણાંજલિ અર્પણ કરનાર

| | | |
|---|---|---|
| માતા - પિતા | : | સ્વ. કાંન્તાબેન જશવંતલાલ શાહ |
| ધર્મપત્ની | : | રીટાબેન કેતનભાઈ શાહ |
| પુત્ર - પુત્રવધુ | : | સૌમિક - ખુશબુ, ઉમંગ |
| ભાઈ - ભાભી | : | યતિનભાઈ - જયનાબેન |
| બેન - બનેવી | : | પૂર્વીબેન (પારૂલબેન) - પંકજભાઈ મનહરલાલ ગાંધી |
| | : | શીલાબેન |
| | : | દ્રૂસ્ટિ - ગૌરવ, ખુશી, દેવ |

સ્વ. શ્રી જશવંતલાલ છોટાલાલ શાહ પરિવાર
શ્રી મગનલાલ રૂપચંદ પુનાતર પરિવાર
।। જય જીનેન્દ્ર ।।

Advt.

## છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૦૨-૧૨-૧૯૩૪

અરિહંતશરણ
૦૩-૧૨-૨૦૧૭

# સ્વ. કિશોરકુમાર વાડીલાલ શાહ

પરિવાર જેમનું મંદિર હતુ, સ્નેહ જેમની શક્તિ હતી
પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી,
એવા આપ પરિવાર માટે પ્રેમભરી સુવાસની યાદોમાં સદાય રહેશો.
ઈશ્વર આપની દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

### શ્રદ્ધાસુમન અર્પણ


ધર્મપત્ની - અરૂણાબેન
પુત્ર - તેજસ
પુત્રવધુ - દીપ્તિ
પૌત્ર - લવ્ય

Advt.

|| શ્રી મહાવીરાય નમઃ ||

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી

જન્મ
તા. ૦૨.૧૦.૧૯૩૫



અરિહંત શરણ
તા. ૨૧.૧૨.૨૦૨૨

## સ્વ. શ્રી ન્યાલચંદભાઈ નાગરદાસ શાહ
## (પાણશીણા નિવાસી, હાલ વિલેપારલે)

"વિલય થયો છે દેહ પંચમહાભૂતોમાં
પણ સતકાર્યો સદા જીવંત છે"

તમારો પ્રેમાળ અને ઉત્સાહી સ્વભાવ, અનુભવ સભર વાતો, વ્યવહારકુશળતા, અનેરો આતિથ્યભાવ, સચોટ નિર્ણય શકિત, બધાને સંપૂર્ણ માન સન્માન આપવુ, આવા અનેક સદ્‌ગુણોનો તમે ભંડાર હતા.

સાધુસંતોના દર્શન, વૈયાવચ્ચ, પાણશીણા પાંજરાપોળ માટે કરેલા કાર્યો, સમાજ અને સગા સ્નેહીઓની સદૈવ કરેલી મદદ અમારા માટે હંમેશા આદરણીય અને પ્રેરણાદાયી રહેશે.
આપના પ્રિય કવિ કલાપીની એક પંક્તિ આપના માટે
"જ્યાં જ્યાં નજર અમારી ઠરે, યાદી ભરી ત્યાં આપની"

**પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...**

## ❖ આપના ગુણાનુરાગી ❖

ધર્મપત્ની : ગં.સ્વ. સુધાબેન (શારદા) ન્યાલચંદ શાહ

પુત્ર-પુત્રવધુ : હીતેષ-હીના
પૌત્રી-પૌત્રી જમાઈ : જીનલ-જુગલ
દ્રષ્ટિ-ઈદરીશ

દીકરી-જમાઈ : નીતા-પરેશ, મોનીકા-ચેતન
દીકરી : કુ. સોનલ

દોહિત્રી : રીયા, દોહિત્ર: રુષભ, મોક્ષ
પ્રપૌત્રી : વિયોના, પીયા

ભાઈ-ભાભી : ગં.સ્વ. શારદાબેન મનસુખલાલ શાહ

બેન-બનેવી : સ્વ. શારદાબેન ચંપકલાલ ગાંધી
સ્વ. કંચનબેન કાંતિલાલ કોઠારી

**સ્વ. શ્રી નાગરદાસ છગનલાલ શાહ પરિવાર - પાણશીણા**
**સ્વ. શ્રી. મનસુખલાલ રામજી શાહ પરિવાર - બોટાદ**

|| જય જીનેન્દ્ર ||

Advt.

# ૧૯મી પૂણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ

સુરેન્દ્રનગર નિવાસી

હાલ : બોરીવલી (યોગીનગર), મુંબઇ



## માતુશ્રી મુક્તાબેન જયંતિલાલ મહેતા

માતુશ્રી દેહ વિલય : તા.૧૬-૧૨-૨૦૦૪, ગુરૂવાર

**માત્ર નવ દિવસ નહીં પરંતુ પુરા નવ મહિના સુધી આપણું સર્જન કરનારી આપણા ઘરમાં રહેલી માં ને સન્માન આપવું એ પણ એક નવરાત્રિ જ છે !**

જેનું ઋણ જીવનભર કોઈ વ્યક્તિ ચૂકવી શકતી નથી અને સૌ માતા તરીકે ઓળખે છે,
પોતાના જ શરીરમાંથી એક નવા શરીરને જન્મ આપવો એ કોઈ જેવો – તેવો ચમત્કાર નથી.
માતા નો હોત તો આપણું અસ્તિત્વ જ ન હોત. આ સત્ય સમજવામાં ભૂલ કરનાર વ્યક્તિને કુપુત્ર કહેવાની છૂટ છે.
જનેતા એટલે નિર્મળ વાત્સલ્યની વહેતી ગંગા... જે માતાએ બાળપણમાં આપણા મળ-મૂત્ર સાફ કર્યાં અને પોતાનું હૈયું
નિચોવીને પયપાન કરાવી આપણને ઉછેર્યા... એના બદલામાં માતાના લાખો અપરાધ પણ ગૌણ બની જાય છે.
કોઈ ચિંતકે કહ્યું છે કે, 'સ્વર્ગમાં માતાની ગોદ છે કે નહિ તેની આપણને ખબર નથી.
પરંતુ માતાની ગોદમાં સ્વર્ગ છે એમા કોઈ શંકા નથી.' માતૃત્વ જેવી પવિત્ર ચીજ જગતમાં બીજી કોઈ નથી.
ઉપેક્ષા પામવા છતાં આશીર્વાદ વરસાવતી રહેતી માતા કરતાં મહાન કોઈ ન હોઈ શકે.




માતુશ્રી મુક્તાબેન જયંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
(Reg. NO 23022 M)

**MAYUR STEEL CORPORATION**

(૧૧૦૭ યોગી ટાવર, યોગી નગર,એક્સર રોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ -૯૨)

D/9 Shop No.5, Yogi Laxmi C H S Yoginagar Eksar Road, Borivali (W), Mumbai - 400091

Office Add. : Room No 39, 2nd Floor, Haji Manzil,
82/86 Abdul Rehman Street, Mumbai 400003
Mr. Hasmukhbhai 9820810782 9769116782 - Office number - 022 23440298 / 022 49710439
• Viral H. Mehta : Mo. 98201 77209 - Email : mehtaviral20@gmail.com • • mehtamayursteel@gmail.com •

Advt.




To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.


## પ્રથમ ત્રિમાસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજાલિ

જન્મ :
૦૧-૦૨-૧૯૪૪



અરિહંતશરણ :
૨૨-૦૯-૨૦૨૩

# શ્રી અરવિંદભાઈ કાંતિલાલ મોદી

અમારા પૂજ્ય પિતાશ્રી અરવિંદભાઈ કાંતિલાલ મોદી ઉત્કૃષ્ટ કૌટુંબિક ભાવનાવાળા અમારા પરિવારના છત્ર, સકારાત્મક ભાવનાથી ભરપૂર, છેલ્લા શ્વાસ સુધી સક્રિય જીવન જીવનાર આપ અમારા પ્રેરણાસ્તોત્ર રહ્યા છો. આપના દિવ્ય આત્માને ખૂબ જ શાંતિ મળે એવી પરમ કૃપાળુ પ્રભુને પ્રાર્થના

## એમના દિવ્ય આત્માને શ્રદ્ધાંજાલિ અર્પણ કરનાર - આપના સદૈવ ઋણી

ગં.સ્વ. ભારતીબેન અરવિંદભાઈ મોદી

પુત્રવધુ- પુત્ર : મીના અને તારક મોદી — પૌત્ર : દિવ્યમ — પૌત્રી : ક્રિશા
પુત્રવધુ- પુત્ર : અલ્પા અને રોનક મોદી — પૌત્ર : પાર્થ — પૌત્રી : ત્વીશા
પુત્રવધુ- પુત્ર : સોનલ અને મૌલિક મોદી — પૌત્ર : સ્વયમ — પૌત્રી : નેશા

બેન-બનેવી : હર્ષાબેન અને પ્રદીપભાઈ શાહ
બેન-બનેવી : કિરણબેન અને મહેન્દ્રભાઈ અજમેરા
બેન-બનેવી : સ્વ મીતાબેન અને હસમુખભાઈ શેઠ
ભાભી- ભાઈ : રાજવી અને નિતીનભાઈ મોદી
બેન-બનેવી : શીતલબેન અને શૈલેશભાઈ જોબાલિયા

Advt.


Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400013. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah